| | | | | |
|---|---|---|---|---|
| | કેસ રજૂ તારીખ | ૦૪–૧૨–૨૦૧૨ | | |
| | કેસ દાખલ તારીખ | ૦૪–૧૨–૨૦૧૨ | | |
| | ફેસલ તારીખ | ૧૭–૦૩–૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૧૩ | ૦૩ | ૧૩ |

આંક–

## ફોર્મ–એ

| |
|---|
| **મહે. નવસારીના અધિક જ્યુડી.મેજી. ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. નવસારી.** |
| **ચુકાદાની તારીખ :– ૧૭/૦૩/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં.:– ૫૩૩૫/૨૦૧૨**<br>**નવસારી ટાઉન પો.સ્ટે.ફ. ગુ.ર. નં. ૬૭/૨૦૧૨**<br>**ગુનો :– ઈ.પી.કોડની કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબ** |

| | |
|---|---|
| **ફરિયાદી :–** | **શ્રી સરકાર** |
| **રજૂ મારફતે :–** | વિ.એ.પી.પી.શ્રી એસ.એચ. પ્રજાપતિ. |
| **આરોપી :–** | **(૧) પાટિલ મહેન્દ્ર સાહેબરાવ**<br>ઉ.આ.વ. ૨૪,<br>રહે.પ્લોટનં.૫૫, અંબાનગર, સર્વે નં.૨૦/૨, લોકમાન્ય તિલક ગાર્ડન સામે,મહાપ્રભુનગરની બાજુમાં, મમતા ટોકીઝ રોડ, લીંબાયત, સુરત.<br>**(૨) વિનોદકુમાર લહુભાઈ પાનપાટિલ**<br>ઉ.આ.વ. ૩૧,<br>રહે. પ્લોટ નં. ૧૪૪, ઓમસાંઈ નગર સોસાયટી, હરીનગર–૨ ની પાછળ, વિજયાનગર–૨ ની બાજુમાં, જલારામનગરની બાજુમાં ઉધના, સુરત. |
| **રજૂ મારફતે :–** | વિ.વ.શ્રી. જે.આર. જોષી. |

## ફોર્મ–બી

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ફેબ્રઆરી–૨૦૧૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | : | ૩૧/૦૫/૨૦૧૨ |
| આખરી અહેવાલની તારીખ | : | ૦૪/૧૨/૨૦૧૨ |
| તહોમતનામા/પ્લીની તારીખ | : | ૧૭/૦૧/૨૦૧૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૦૧/૧૧/૨૦૧૭ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૦૯–૦૩–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૧૭–૦૩–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | : | –– |

**<u>આરોપીની વિગત :–</u>**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ/ સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો ફો.કા.સં. ની કલમ–૪૨ ૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાટિલ મહેન્દ્ર સાહેબરાવ | ૨/૧૦ /૧૨ | ૨૨/૨ /૧૩ | ઈ.પી. કોડની કલમ– ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબ. | તકસીર વાન | આખરી હુકમ મુજબ | ૪ માસ ૧૮ દિવસ |
| ૨ | વિનોદ કુમાર લહુભાઈ પાનપાટિલ | ૨/૧૦ /૧૨ | ૨૨/૨ /૧૩ | ઈ.પી. કોડની કલમ– ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ | તકસીર વાન | આખરી હુકમ મુજબ | ૪ માસ ૧૮ દિવસ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | મુજબ. | | | |

## ફોર્મ–સી

**ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા તપાસવામાં આવેલ સાક્ષીની યાદી**

**(એ) ફરિયાદપક્ષ :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | હશન મહમદ ડાંભરિયાની જુબાની | પંચ સાહેદ | ૩૭ |
| ૨ | મોહસીન સફી શેખની જુબાની | પંચ સાહેદ | ૩૯ |
| ૩ | નુરખાન રસુલખાન પઠાણની જુબાની | પંચ સાહેદ | ૪૦ |
| ૪ | પ્રભાતગીરી પ્રેમગીરી ગૌસ્વામીની જુબાની | પંચ સાહેદ | ૪૨ |
| ૫ | ગુલનાઝ શબ્બીર હુસેન મલીકની જુબાની | સાહેદ | ૪૫ |
| ૬ | નરેશભાઈ સોમાભાઈ પટેલની જુબાની | સાહેદ | ૪૬ |
| ૭ | ઉષાબેન ગુણવંતરાય નાયકની જુબાની | ફરિયાદી | ૪૭ |
| ૮ | ઉમીચાશંકર જિવણદાસ શ્રીમાળીની જુબાની | ત.ક.અ. | ૬૦ |
| ૯ | પ્રવિણભાઈ ઉમંગભાઈ ઠકકરની જુબાની | સાહેદ | ૬૭ |
| ૧૦ | જયદીપ બળદેવભાઈ દ્વિવેદીની જુબાની | સાહેદ | ૮૪ |

**(બી) બચાવ પક્ષે સાક્ષી, જો હોય તો :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

**(સી) અદાલત ધ્વારા સાક્ષી, જો હોય તો :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

**ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :–**

**(એ) ફરીયાદ પક્ષ :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામું | ૩૮ |

| | | |
|---|---|---|
| ૨ | ગૌણ સેવા તરફથી મળેલ લેટર કબજે કાર્યાનું પંચનામું | ૪૧ |
| ૩ | નિમણૂંક પત્ર કબજે કર્યાનું પંચનામું | ૪૩ |
| ૪ | નિમણૂંક પત્ર | ૪૪ |
| ૫ | અસલ ફરિયાદ | ૪૮ |
| ૬ | ફરિયાદ દાખલ કરવા કલેકટરશ્રીએ કરેલ લેખિત હુકમ | ૪૯ |
| ૭ | પાટીલ મહેન્દ્રને આપવામાં આવેલ નિમણૂંક પત્ર | ૫૦ |
| ૮ | વિનોદકુમાર પાટીલને આપવામાં આવેલ નિમણૂંક પત્ર | ૫૧ |
| ૯ | નિમણૂંક પત્રની ખરાઈ કરવા બાબતેની યાદી | ૫૨ |
| ૧૦ | ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે, રેવન્યુ તલાટીની જગ્યા ઉપર નિમણૂંક નહી આપવા બાબતે કલેકટરશ્રીને લખેલ પત્ર | ૫૩ |
| ૧૧ | જા.ક્રમાંક ૦૪/૦૯ રેવન્યુ તલાટી વર્ગ–૩ની પરીક્ષા પરિણામ બાબતનો પત્ર | ૫૪ |
| ૧૨ | વિનોદ પાનપાટિલને પુરાવા સાથે જાણ કરવામાં આવશે તેવું લખેલ પત્ર | ૫૫ |
| ૧૩ | તપાસ અંગેનો ડેપ્યુટ હુકમ | ૬૧ |
| ૧૪ | પો.સ્ટે.ના ઈનવર્ડ રજી.ના ઉતારાની નકલ | ૬૨ |
| ૧૫ | ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનું જાહેરનામું ઉમેદવારના લિસ્ટ સાથે | ૬૩ |
| ૧૬ | હોટલ સુર્યાના રજી.ની નકલ | ૬૪ |
| ૧૭ | રિતેશ વાઘેલાના ડ્રાઈવિંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ | ૬૫ |
| ૧૮ | ગૌણ સેવા પસંદગીના લોગો વાળો કોરો લેટર હેડ | ૬૮ |
| ૧૯ | પોલીસ દ્વારા જરૂરી કાગળોની નકલ માંગણો પત્ર | ૬૯ |
| ૨૦ | ગૌણ સેવા પસંદગી મંડળના જાવક રજી.નો ઉતારો | ૭૦ |
| ૨૧ | સદર ગુનાની માહિતી માંગતો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો પત્ર | ૮૫ |
| ૨૨ | ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આપવામાં આવેલ પાન પાટિલ વિનોદનું ઉમેદવારી પત્રક તથા રિઝલ્ટશીટની નકલ | ૮૬ |

| | | |
|---|---|---|
| ૨૩ | ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આપવામાં આવેલ પાટિલ મહેન્દ્રનું ઉમેદવારી પત્રક તથા રિઝલ્ટશીટની નકલ | ૮૭ |
| ૨૪ | સરકારી ગેઝેટની ઓફિશિયલ નકલ | ૮૮ |
| ૨૫ | નવસારી જિલ્લામાં ફાળવેલ ઉમેદવારોની યાદી | ૮૯ |

**(બી) બચાવ પક્ષ :–**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| – | –– | –– |

**(સી) અદાલત દ્વારા :–**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| – | –– | –– |

**(ડી) મટીરીચલ ઓબ્જેકટસ :–**

| **ક્રમ** | **મટીરીચલ ઓબ્જેકટ નંબર** | **વિગત** |
|---|---|---|
| – | –– | –– |

## –: ઠ રા વ :–

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ સને–૨૦૦૯ માં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તરફથી લેવામાં આવેલ રેવન્યુ તલાટી વર્ગ–૩ ની પરીક્ષા આપેલ હોય અને આ પરીક્ષામાં મેરીટમાં ન હોવા છતાં વોન્ટેડ આરોપી નં. ૩ સાથે મળી અને તલાટી વર્ગ–૩ ની નિમણૂંકનો બોગસ અને બનાવટી પત્ર તૈયાર કરી ખોટા સહી સિકકા કરી અને આરોપી નં. ૧ અને ૨ નાઓએ ઠગાઈ કરવાના ઈરાદાથી બદદાનતથી સદરહુ નિમણૂંક પત્ર ખોટો હોવાનું જાણવા છતાં સદરહુ નિમણૂંક પત્ર લઈ કલેકટર કચેરીમાં ફરજ ઉપર હાજર થવા જતા પકડાઈ જઈ, આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ. જે બનાવ સંબંધે

ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતાં ગુનો નોંધાયેલ અને તપાસ કરનાર અમલદારે પુરતી તપાસ કરી હાલના આરોપીઓ વિરુધ્ધ પુરાવો પડતાં સદર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) ગુનાનુ ચાર્જસીટ રજુ થયા બાદ ઉપરોક્ત નંબરથી ફોજદારી કેસ નોંધાયેલ. જે સબબ આરોપીઓને સમંસ કરવામાં આવેલ અને આરોપીઓ વકીલ સાથે હાજર થયેલ. આરોપીઓને ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પૂરી પાડયાની ખાતરી કર્યા બાદ, આરોપીનું ગુના સંબંધી આંક–૭ થી તહોમતનામું ફરમાવી, આંક–૮ અને ૯ થી આરોપીનું નિવેદન લેતાં આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષે વધુ પુરાવો આપવો ન હોય પુરાવો પુરો થયાનું જાહેર કર્યા બાદ, ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે અને તેઓ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેમ જણાવેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે શ્રી સરકાર તરફે વિ.એપીપીશ્રીએ ભારપુર્વક દલીલ કરતા રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીઓએ આંક–૫૦, ૫૧ તથા આંક–૪૪ વાળા બનાવટી નિમણુંક પત્રો બનાવી નવસારી કલેક્ટર કચેરીમાં તલાટીની નિમણુંક મેળવવા બનાવટી નિમણુંક પત્રો સાચા તરીકે રજુ કરી ફરીયાદમાં જણાવેલ ગુનો કરેલ છે. જે હકીકત ફરીયાદ પક્ષે આ કામના ફરીયાદી, સાહેદો ગુલનાઝબેન, નરેશભાઇના પુરાવાથી પુરવાર કરેલ છે. જે પુરાવાને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગરના અધિકૃત સાહેદ પ્રવિણભાઇ ઉમંગભાઇ તથા જયેશભાઇ બળવંતભાઇના મૌખિક

પુરાવા તથા આંક–૬૨, ૬૮, ૬૯, ૭૦ તથા આંક–૮૫ થી ૮૯ વાળા સરકારી દસ્તાવેજી પુરાવાઓથી સ્પષ્ટ સમર્થન પ્રાપ્ત થયેલ છે. વધુમાં, તકરારી આંક–૫૦, ૫૧ વાળા બનાવટી દસ્તાવેજો આરોપીઓએ  રજુ કરેલ હોવા બાબતે આંક–૪૮ થી ફરીયાદ તથા આંક–૪૧ તથા આંક–૪૩ વાળા પંચનામા જેવા દસ્તોવજી પુરાવાઓ પણ ફરીયાદ પક્ષે રજુ રાખેલ છે. જે દસ્તાવેજી પુરાવાઓથી આ કામના આરોપીઓએ આંક–૫૦, ૫૧ વાળા બનાવટી દસ્તાવેજો રજુ કરેલ હોવાની હકીકત સ્પષ્ટ રીતે પુરવાર થાય છે. આમ, ફરીયાદ પક્ષે રજુ રાખેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી આ કામના આરોપીઓએ બનાવટી દસ્તાવેજો બનાવેલ હોવાનુ તથા તે દસ્તાવેજો બનાવટી હોવાનુ જાણવા છતાં તેનો સાચા તરીકે ઉપયોગ કરેલ હોવાનુ અને તે રીતે ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવાનુ નિઃશંકપણે પુરવાર કરેલ છે. જેથી, આરોપીઓને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા ફરમાવવા વિનંતી કરેલ છે.

(૪.૧) આરોપી પક્ષે વિ.વ.શ્રીએ ભારપુર્વક મૌખિક દલીલ કરેલ છે કે, ફરીયાદ પક્ષના કેસ મુજબ આ કામના આરોપીએ આંક–૫૦ તથા આંક–૫૧ વાળા નિમણુંક પત્રો ખોટી રીતે બનાવી બનાવટી દસ્તાવેજો બનાવી, તેવા બનાવટી દસ્તાવેજો કલેક્ટર કચેરીમાં તલાટીની નોકરી મેળવવા સાચા તરીકે રજુ કરી આક્ષેપિત ગુનો કરેલ છે. જે હકીકતના સમર્થનમાં ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદો પૈકી કોઇએ આ કામના આરોપીઓએ બનાવટી દસ્તાવેજ બનાવેલ હોય તેવો પુરાવો આપેલ નથી. આ કામના ફરીયાદીએ ઉપલા અધિકારીના લેખિત હુકમ આધારે આરોપીઓ વિરુદ્ધ ફરીયાદ દાખલ કરેલ છે પરંરુ ફરીયાદીને ફરીયાદ  હકીકતો સંબંધે જાતમાહિતી નથી. ફરીયાદ પક્ષે તપાસેલ પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને બિલકુલ સમર્થન આપેલ નથી. વધુમાં, સાહેદો ગુલનાજબેન, નરેશભાઇ અદાલત રૂબરૂના પુરાવામાં તેમને બનાવ વિશે કોઇ જાતમાહિતી નથી તેવો સ્વીકાર કરે છે. વધુમાં, આંક–૫૦,૫૧ વાળા નિમણુંક પત્રો આ કામના

આરોપીઓએ બનાવેલ હોય તેવી હકીકત ફરીયાદ પક્ષે પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે,ફરીયાદી તેમની સમક્ષ જે પત્રો રજુ થયેલા તે ઝેરોક્ષ નકલો હતી તેવુ કબુલ રાખેલ છે જ્યારે આંક-૫૦,૫૧ વાળા નિમણુંક પત્રો અસલ છે. વધુમાં, ફરીયાદીએ તેમની પાસે રજુ થયેલા પત્રો પોલીસને આપેલ નથી તેમ પણ જણાવે છે. ફરીયાદ પક્ષે ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી તેવા દસ્તાવેજો પાછળથી રજુ કરેલા છે. જેના આધારે પણ આ કામના આરોપીઓએ આંક-૫૦, ૫૧ વાળા બનાવટી દસ્તોવજો બનાવેલ હોય તેવી હકીકત ફરીયાદ પક્ષે પુરવાર થતી નથી. ફરીયાદ પક્ષે રજુ કરેલ આંક-૫૦ તથા ૫૧ વાળા દસ્તાવેજો બાબતે કોઇ વૈજ્ઞાનિક પરિક્ષણ કરેલ હોય તેવા કોઈ પુરાવા રજુ કરેલ નથી. વધુમાં, આંક-૪૪ તથા ૫૪, ૫૫ વાળા દસ્તાવેજો પોસ્ટથી આવેલ પરંતુ તે કોણે અને ક્યાંથી મોકલેલા તેની કોઇ હકીકત ફરીયાદ પક્ષે પુરવાર થયેલ નથી. આંક-૫૦, ૫૧ વાળા દસ્તાવેજોમાં આરોફિઓના હસ્તાક્ષર કે સહિ હોવાનો કોઇ પુરાવો ફરીયાદ પક્ષે રજુ થયેલ નથી, ફરીયાદ પક્ષે રજુ રાખેલ પુરાવાઓથી આ કામના આરોપીએ આંક-૫૦,૫૧ વાળા બનાવટી દસ્તાવેજો બનાવેલ હોવાની તેમજ તેનો સાચા તરીકે ઉપયોગ કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. આમ, ફરીયાદ પક્ષે રજુ રાખેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી આ કામના આરોપીઓએ બનાવટી દસ્તાવેજો બનાવેલ હોવાનુ તથા તે દસ્તાવેજો બનાવટી હોવાનુ જાણવા છતાં તેનો સાચા તરીકે ઉપયોગ કરેલ હોવાનુ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે અને તે રીતે ભારતીય ફોજદારી ધારાની કલમ-૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવાનુ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી, આરોપીઓને આ કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૫) આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :-

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના

આરોપીઓ સને–૨૦૦૯ માં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તરફથી લેવામાં આવેલ રેવન્યુ તલાટી વર્ગ–૩ ની ભરતી જાહેરાત ક્રમાંક ૪/૨૦૦૯ માં અરજી કરેલ તથા પરીક્ષા આપેલ પરંતુ આ પરીક્ષામાં આરોપીઓ ઉત્તીર્ણ થયેલ ન હોવા છતાં વોન્ટેડ આરોપી નં.૩ સાથે મળી તલાટી વર્ગ–૩ ની નિમણૂંકનો બોગસ અને બનાવટી નિમણુંક પત્ર તૈયાર કરી ખોટા સહી સિકકા કરી અને આરોપી નં.૧ અને ૨ નાઓએ ઠગાઈ કરવાના ઈરાદાથી બદદાનતથી સદરહુ નિમણૂંક પત્ર બનાવટી હોવાનું જાણવા છતાં ફેબ્રુઆરી–૨૦૧૨ માં સદરહુ નિમણૂંક પત્ર લઈ કલેકટર કચેરી, નવસારીમાં ફરજ ઉપર હાજર થવા જતા પકડાઈ જઈ, આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ઇ.પી.કો. કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં નિર્ણય નીચે મુજબ છે :–

(૧) અંશતઃ હકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**–: નિર્ણયનાં કારણો :–**

**મુદા નં.૧ :–**

**(૭)** આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકનને લગતી મહત્વની બાબતની ચર્ચા કરવી અત્રે જરૂરી બને છે. ભારતીય ન્યાયતંત્રમાં પુરાવાના મુલ્યાંકન માટે કાયદા દ્વારા પ્રસ્થાપિત કોઈ સર્વ સામાન્ય નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે.

પુરાવાના મુલ્યાંકનનો આધાર, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ માં જણાવેલ સાબિત, નાસાબિત તથા બિનસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ અને કલમ–૧૦૨ સાબિતીનો બોજો કોના ઉપર છે, તે બાબત પર પ્રકાશ પાડે છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ, ''સાબિતીનો બોજો જે એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ હક અથવા જવાબદારી વિષે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે.'' ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૨ મુજબ ''બેમાંથી કોઈ પક્ષકાર તરફથી પુરાવો આપવામા ન આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેના ઉપર દાવા અથવાકાર્યવાહીમાં સાબિતીનો બોજો છે.'' સદર જોગવાઈ મુજબ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરીયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રહીને સાબિત કરવાની હોય છે, જયારે આરોપીએ પોતાના બચાવમાં ફકત સંભવિતતાની શકયતા દર્શાવવાની હોય છે. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. ઉપરોકત મુજબના કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે હાલના કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮) ફરિયાદપક્ષે <u>આંક–૪૭ થી ફરિયાદી ઉષાબેન ગુણવંતરાય નાયકને</u> તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદી સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, <u>સને ૨૦૧૨ ની સાલમાં હુ નવસારી કલેકટર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે મહેકમ શાખામાં</u> ફરજ

બજાવતી હતી અને હાલમાં નિવૃત છુ. મારા ટેબલ પરની કામગીરીમાં કર્મચારીઓની રજાઓ તથા બદલીઓ તથા કર્મચારીઓને હાજર થવા અંગેની કાર્યવાહીનો પત્રવ્યવહારો હતા અને તે મારે કલેક્ટર સાહેબ સમક્ષ રજુ કરવાની મારી ફરજ હતી. સને ૨૦૧૨ની સાલમાં હું નાયબ મામલતદાર મહેકમ તરીકે નવસારીમા ફરજ બજાવતી હતી સદર સમય દરમ્યાન મહે. કલેક્ટર શ્રી નવસારીના તા.૨૭/૫/૧૨ ના હુકમથી રેવન્યુ તલાટી વર્ગ ૩ ના બોગસ નિમણુંક પત્ર લઈ કલેકટર કચેરી નવસારીમાં હાજર થવા આવેલ વ્યકિત સામે પોલીસ ફરીયાદ દાખલ કરવા માટે મને અધિકૃત કરવામાં આવેલ. ફરીયાદની હકીકત એવી હતી કે, ગૌણ સેવા પસંદગી ગાંધી નગર તરફથી સને ૨૦૧૦ માં રેવન્યુ તલાટી વર્ગ ૩ તરીકેના ઉમેદવારોને નવસારી કલેકટરશ્રીને ફાળવવામાં આવેલ. જેના અનુસંધાને ૩૨ ઉમેદવારોને નિમણૂંક આપી ફાળવણી કરવામાં આવેલ. તે પૈકી ૨૪ ઉમેદવારો હાજર થયેલ અને બાકીના ઉમેદવારો હાજર થયેલ ન હતા.ત્યાર બાદ સને ફેબ્રુઆરી ૨૦૧૨ માં બે વ્યક્તિઓ કે જેઓના નામ છે. ૧.પાટીલ મહેન્દ્ર સાહેબરાવ રહે. સુરત અને ૨.વિનોદકુમાર લહુભાઈ પાનપાટીલ રહે. સુરત ઉધના, તેઓ ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગરના નિમણૂંક પત્ર લઈ કલેક્ટર કચેરી નવસારીમા હાજર થવા આવેલ. ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર તરફથી કલેકટરશ્રી, નવસારીને ફાળવણી અને નિમણૂંક અંગના પત્રો મળેલ ન હતા છતાં હાજર થવા આવેલ. પરંતુ ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર ધ્વારા કલેકટરશ્રી નવસારીને તલાટીની નિમણૂંક અંગેના ફાળવણી પત્રો મળેલ ન હોવાથી સદર બન્ને વ્યક્તિઓને હાજર કરવામાં આવેલ ન હતા. તેઓને જણાવવામાં આવેલ કે ગૌણ સેવા પસંદગી મંડળ ગાધીનગર તરફથી કલેકટરશ્રી નવસારીમાં સરકારી રાહે ફાળવણીનો પત્ર મળ્યો પછી હાજર થવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ.

વધુમાં ફરિયાદી જણાવે છે કે, સદરહુ ઈસમોએ રજુ કરેલા નિમણૂંક પત્ર ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર તરફથી

કલેકટરશ્રી નવસારીને સંબોધીને કોઈ નકલ માર્ક કરેલ ન હતા. ફકત નકલ રવાનામાં જિલ્લા સેવા સદન તેવું દર્શાવેલ. જે પત્રો રજુ કરેલા તે ફક્ત ઝેરોક્ષ નકલ હતી. કોઈ ધ્વારા અધિકૃત કરેલ કે વેરીફીકેશન કર્યા વગરની હતી તે રજુ કરેલ. સદરહુ પત્ર સાથે ઉમેદવારોના અસલ અરજી ફોર્મ તથા પ્રમાણપત્રો સાથે રજુ કરેલ ન હતા કે રજુ કરવામાં આવેલ ન હતા. સદરહુ બાબતે ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર ને કલેક્ટરશ્રી નવસારી ધ્વારા જણાવેલ સદરહુ નિમણૂંક પત્રો અંગે ખરાઈ અર્થે નિમણુંક કરેલ છે કે કેમ તે બાબત માટે માર્ગદર્શન માંગવામાં આવેલ. પરંતુ ગૌણ સેવા પસંદગી મંડળ તરફથી એકથી છ ઉમેદવારોના નિમણૂંક પત્ર અત્રે મોકલવામાં આવેલ જેમાં આ બે ઈસમોના નામો પણ હતા. પરંતુ ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધી નગર તરફથી સ્પષ્ટ જણાવવામાં આવેલ કે, મહેસુલ હસ્તક રેવન્યુ તલાટી વર્ગ–૩ ની ખાલી જગ્યાઓમાં ભરતી કરવા સબંપે ૪/૨૦૦૯ થી જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે અંગે પસંદગી પામેલ ઉમેદવારોની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ, પસંદગી થયેલ ઉમેદવારોની નિમણૂંકની ભલામણ જીલ્લા કલેકટરશ્રીઓને કરવામાં આવેલ હતી. કોઈ ભલામલ ઉમેદવારોની નિમણૂક અર્થ બાકીમાં નથી અને જે હુકમો નિમણૂક અંગેના પત્રો અત્રેથી ઈસ્યુ કરવામાં આવેલ નથી. જેથી તેઓને હાજર કરવાના રહેતા નથી. સદરહુ બે ઈસમો જે નિમણૂંક પત્રો લઈ ને આવેલા તે બનાવટી છે તેવું જણાવેલ. સદરહુ ગુનાહિત અંગે આગળ કાર્યવાહી કરવા જણાવેલ અને મેં આ બાબતે કલેક્ટર સાહેબના લેખીત હુકમ આધારે બંને ઈસમો વિરુધ્ધ હાલની આ ફરીયાદ આપેલી. જે ફરિયાદમાં ફરિયાદીએ પોતાની સહી ઓળખી બતાવેલ. જેને દાખલ **આંક–૪૮** આપવામાં આવે છે. આરોપીઓને ઓળખું છું આજ રોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે. આજ રોજ હું મને આ બાબતે કલેક્ટરશ્રી નવસારીનાઓ ધ્વારા ફરીયાદ દાખલ કરવા માટે લેખીતમાં જે હુકમ કરેલ તે હુકમ રજુ કરું છું. જેને રજુ દાખલ **આંક–૪૯** જેમાં ફરીયાદ દાખલ કરવા માટે નાયબ મામલતદાર શ્રી મહેકમ કલેક્ટર કચેરીનાઓને અધિકૃત કરવામાં આવેલ છે અને

જેમાં કલેક્ટર કચરીનો રાઉન્ડ છે અને કલેક્ટરશ્રીની સહી છે અને જેમાં તા. ૨૭/૫/૨૦૧ ૨ લખેલ છે અને જાવક નંબર તથા હુક્રમ નંબર પણ લખેલ છે.

વધુમાં ફરિયાદી પોતાની સરતપાસમાં જણાવે છે કે, મુદ્દામાલ માંથી એક નિમણુંક પત્ર બતાવવામાં આવે છે જે જોઈને હું કહું છું કે, તે એજ નિમણુંક પત્ર છે જે લઈને આરોપી પાટીલ મહેન્દ્ર સાહેબરાવ નવસારી કલેકટર કચેરીમાં રેવન્યુ તલાટી તરીકે હાજર થવા માટે મારી સમક્ષ લઈને આવી રજુ કરેલો. એ જ છે જેમાં પાટીલ મહેન્દ્રભાઈ સાહેબરાવનો ફોટો છે તથા તેમાં નામની કોલમમાં પાટીલ મહેન્દ્ર સાહેબરાવ લખેલ છે કેટેગરી જનરલ લખેલ છે તેમજ અભ્યાસ એચ.એસ.સી. લખેલ છે. તેમજ નોકરીનું સ્થળ નવસારી લખેલ છે. અને આ પત્રમાં રેવન્યે તલાટી વર્ગ ૩ માં આપશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે તો આપ તારીખ ૨૮/૨/૧૨ થી તા. ૫/૩/૧૨ સુધી સમય ૧૦-૪૦ થી ૬-૧૦ સુધી હાજર થશો એવું જણાવેલ છે તેમજ આ નિમણૂંક પત્રમાં ગુજરાત ગૌણ સેવાનો સિક્કો તથા નીચે કચેરી અગર અધિકારીની સહી છે અને આ નિમણૂંક પત્રમાં ક્રમાંક /પરણ/૧૨૧૦૦૯/૨૦૭૧/ખ/ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ પહેલો માળ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર તા.૧૦/૨/ ૧૨ લખેલ છે તેની નીચે ગુજરાત ગૌણ સેવા પસંદગી મડળનો સિકકો છે તેમજ પાટીલ મહેન્દ્ર સાહેબરાવના ફોટા ઉપર પણ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો સિકકો છે તેમજ સરનામામાં પ્લોટ નં.૫૫ અંબાનગર સર્વે નં.૨૦/૨ લોક માન્ય તિલક ગાર્ડન સામે મહાપ્રભુ નગરની બાજુમાં, મમતા ટોકીઝની બાજુમા, લીંબાયત સુરત લખેલ છે જે રજુ કરું છે જેને દાખલ **આંક-૫૦** આપવામાં આવે છે. ત્યારબાદ, મુદ્દામાલમાંથી એક નિમણૂંક પત્ર બતાવવામાં આવે છે જે જોઈને હું કહું છું કે, તે એજ નિમણુંક પત્ર છે જે લઈને આરોપી વિનોદકુમાર લહુભાઈ પાનપાટીલ નવસારી કલેકટર કચેરીમાં રેવન્યુ તલાટી તરીકે હાજર થવા માટે મારી સમક્ષ લઈને આવી રજુ કરેલો એ જ છે. જેમાં વિનોદકુમાર લહુભાઈ પાનપાટીલનો ફોટો છે તથા તેમાં

નામની કોલમમાં વિનોદકુમાર લહુભાઈ પાનપાટીલ લખેલ છે કેટેગરી એસ.ટી લખેલ છે તેમજ અભ્યાસ એચ.એસ.સી. લખેલ છે. તેમજ નોકરીનું સ્થળ નવસારી લખેલ છે. આ પત્રમાં રેવન્યુ તલાટી વર્ગ ૩ માં આપશ્રીની નિમણૂક કરવામાં આવેલ છે તો આપ તારીખ ૨૮/૨/૧૨ થી તા.૫/૩/૧૨ સુધી સમય ૧૦–૪૦ થી ૬–૧૦ સુધી હાજર થશો એવું જણાવેલ છે. તેમજ આ નિમણૂંક પત્રમાં ગુજરાત ગૌણ સેવાનો સિક્કો તથા નીચે કચેરી અગર અધિકારીની સહી છે. અને આ નિમણૂંક પત્રમાં ક્રમાંક/પરણ/૧૨૧૦૦૯/૨૦૭૧/ખ/ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ પહેલો માળ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર તા.૧૦/૨/૧૨ લખેલ છે તેની નીચે ગુજરાત ગૌણ સેવા પસદંગી મંડળનો સિકકો છે તેમજ વિનોદકુમાર લઘુભાઈ પાનપાટીલ ફોટા ઉપર પણ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો સિક્કો છે તેમજ સરનામાની કોલમમાં પ્લોટ નં.૪૪ ઓમ સાંઈ નગર સોસાયટી, હરિનગર–૨ ની પાછળ, વિજય નગર–૨ ની બાજુમાં જલારામ નગરની બાજુમાં, ઉધના લખેલ છે. જે રજુ કરું છું જેને દાખલ **આંક–૫૧** આપવામાં આવે છે

વધુમાં ફરિયાદી પોતાની સરતપાસમાં જણાવે છે કે, આંક–૪૪ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું કે તેમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગુજરાત ભવન ગાંધી નગર લખેલ છે. તેમાં કુલ છ ઉમેદવારની વિગત દર્શાવતો નિમણુંક પત્ર છે. જે તા. ૫/૩/૧૨ નો છે તેમાં અનુ. નં ૨ અને ૩ માં હાલના આરોપીઓના નામ દર્શાવેલ છે. તેમજ સદર દસ્તાવેજમાં ગુજરાત ગૌણ સેવા પસંદગીનો સિકકો છે. સંયુક્ત સચિવ આઇ.એ.એસ.ની સહી છે. આજ રોજ હું ૨૨/૩/૧૨ નો કલેકટરશ્રી નવસારી નિવાસી નવસારી નાઓ દ્વારા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ સચિવ શ્રીને રેવન્યુ તલાટી વર્ગ ૩ ની જગ્યા ઉપર ઉમેદવારોની નિમણૂંક પત્રની ખરાઈ કરવા બાબતે લખેલ પત્રની ઝેરોક્ષ નકલ રજુ કરું જેમાં નિવાસી અધિક નવસારીની સહી છે. અને આ પત્રમાં તા.૫/૩/૧૨ ના નિમણુંક પત્ર મળેલ છે. જેમાં કુલ છ ઉમેદવારોને રેવન્યું તલાગી વર્ગ

૩ ની જગ્યાએ નીમણૂંક આપવા જણાવેલ છે તે બાબતે ખરાઈ કરી માર્ગદશર્ન આપવા જણાવેલાની હકીકત છે જેને ટેન્ટેટીવ આંક–૫૨ આપવામાં આવે છે. હું ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળળ ગાંધી નગર તરફથી તા.૩૧/૩/૧ ૨ ના રોજ કલેક્ટરશ્રી કલેકટર કચેરી તમામ નિલ્લાઓને સંબોધીને લખેલ રેવન્યું તલાટી ભર્તી બાબતનો પત્ર રજુ કરું છું જેમાં તમામ ક્રમાક/પરચ/૧૨૨૦૧૦/૫૦૫/ખ તેમજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનું કચેરીનું સરનામું લખેલ છે. અને આ પત્રમાં જાહેરાત ક્રમાંક–૪/૯ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી તે પ્રક્રિયા પુર્ણ કરવામાં આવેલ છે અને ગેઝેટમાં સમાવીષ્ટ તમામ ઉમેદવારની અત્રેથી નિમણુંક અર્થે ભલામણ સંબંધિત જિલ્લા કલેકટરશ્રીઓને કરવામાં આવેલ છે. હવેથી રેવન્યુ તલાટીની જગ્યા ઉપર અત્રે થી કોઈ નિમણુંક અર્થે ભલામણ કરવાનું બાકી નથી તેવું જણાવેલ છે અને આ પત્રમાં જયદીપ ત્રિવેદી નાયબ સચિવ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની સહી છે.જેને ટેન્ટેટીવ **આંક–૫૩** આપવામાં આવે છે.

વધુમાં ફરિયાદી જણાવે છે કે, રેકર્ડમાંથી એક દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઈને હુ કહુ છુ કે જે દસ્તાવેજમાં ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ ગાંધીનગરનું એડ્રેસ છે અને તેમાં જા/ કમાક–૧૧૨૦૦૯/૨૦૧૧ લખેલ છે અને તેમાં પ્રતિ વિનોદ લઘુભાઈ પાનપાટિલને સંબોધીને લખેલ છે અને તેમા તેમનુ સરનામુ છે અને વિષયમાં જા.કમાંક–૦૪/૦૯ રેવન્યુ તલાટી વર્ગ –૩ ના પરિણામ બાબતે લખેલ છે આ પત્રકામાં તા. ૦૩–૧૦–૨૦૧૧ લખેલ છે. અને આ દસ્તાવેજમાં કચેરી નિરીક્ષકની સહી છે અને તેની નીચે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ લખેલ છે જેને રજુ દાખલ **આંક–૫૪** આપવામાં આવે છે. ત્યારબાદ, રેકર્ડમાંથી એક દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઈને હુ કહુ છુ કે જે દસ્તાવેજમાં ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ ગાંધીનગરનુ એડ્રેસ છે અને તેમાં ક્રમાક : પરક્ષ/૧૧૨૦૦૯/૨૦૦૭ ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ ગાંધીનગર તા. ૩૦–૧૨–૨૦૧૧ લખેલ છે આ પત્રમાં પ્રતિ વિનોદ

લઘુભાઈ પાનપાટિલને સંબોધીને લખેલ છે અને તેમા તેમનુ સરનામુ છે અને કેટેગરી એસ.ટી. લખેલ છે અને બેઠક નંબર–૭૧૩૫૫૩૫૦ લખેલ છે. આ દસ્તાવેજમા જા.ક્રમાંક–૦૪/૦૯ રેવન્યુ તલાટી વર્ગ–૩ ની હેતુલક્ષી લેવાયેલ પરિક્ષા ગત તા.૧૪–૦૨–૨૦૧૦ ના ઉતિર્ણ થયેલ હોય આપના પુરાવા સ્કુલ લિવિંગ સર્ટ્રીફીકેટ અને અસલ પુરાવા સાથે આ અંગે તા.૦૩–૧૨–૨૦૧૨ ના રોજ ચકાસણી અર્થે જાણ કરવામા આવશે તેવુ લખેલ છે અને નીચે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાધીનગરનો સિક્કો અને કચેરી અધિક્ષકની સહી છે. જેને રજુ દાખલ **આંક–૫૫** આપવામાં આવે છે. આમ, આરોપીઓએ બનાવટી દસ્તાવેજ બનાવી તલાટી તરીકે હાજર થવા આવેલ હોય અમોએ કલેક્ટર સાહેબના હુકમથી ફરીયાદ આપેલી. આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર છે. આરોપીઓને ઓળખું છું.

જયારે બચાવપક્ષે આરોપી ઓ તર્ફે ની ઉલટ તપાસમાં ફરીયાદી જણાવે છે કે, હું મહેકમ ટેબલ ઉપર જે તે સમયે છેલ્લા બે વર્ષથી હતી. ત્યારબાદ મારી બદલી ચીખલી થયેલી. હુ ૨૦૧૭ માં નિવ્રુત થયેલ છુ. મારા મહેકમ ટેબલ ઉપર ફક્ત અમારા કર્મચારીઓ આવે બહારના કોઈ વ્યક્તિઓ આવે નહી. મહેકમ શાખા એ કલેક્ટર કચેરીનો ભાગ કહેવાય. એ વાત ખરી છે કે કલેક્ટર કચેરીમાં કોઈપણ વ્યક્તીએ કોઇ દસ્તાવેજ કે પત્રવ્યવ્હાર કરવો હોય તો કલેક્ટર કચેરીની ટપાલ શાખામાં આપવાનો હોય છે અને ટપાલ શાખામાં તેનુ રજીસ્ટર નિભાવવામાં આવે છે અને ત્યારબાદ જે તે વિભાગના દસ્તાવેજો કે પત્રો જે તે વિભાગને પહોચાડવામાં આવે છે. એ વાત ખરી છે કે ટપાલ શાખામાંથી જે દસ્તાવેજ અને પત્રો જે તે શાખામાં આપવામાં આવે તે બાબતે રજિસ્ટરમાં તેની નોંધ કરી તેમાં સહી લેવામાં આવે. એ વાત ખરી નથી કે મારી ફરીયાદ આપવા માટે નિમણુક થયા બાદ ફરીયાદ ત્રણ મહીના પછી આપવામાં આવેલી. એ વાત ખરી છે કે ફરીયાદ આપવાનો હુકમ ૨૭–૦૫–૨૦૧૨ ના રોજ કરવામાં આવેલો અને મે ફરીયાદ ૩૧–૧૨–૨૦૧૨ ના રોજ આપેલો. એ વાત ખરી છે કે ૪ દિવસ ફરીયાદ મોડી આપવામાં આવેલી તે બાબતનો કોઇ ખુલાસો

મારી ફરીયાદમાં કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં જે તલાટીઓની નિમણુક કરવામાં આવેલી તેઓના નામ કે લિસ્ટનુ વર્ણન જણાવવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે મેં આ કામે તલાટીઓને નિમણુક આપવામાં આવેલી તે અંગેના લિસ્ટનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે કોઇ વ્યકતીની મુલાકાત થઇ હોય તો ઘણા સમય પછી તેનો ચહેરો યાદ ન રહે. એ વાત ખરી છે કે જે બે વ્યક્તીઓની મેં વાત કરેલ છે તે બે વ્યક્તિઓને ત્યારબાદ મારે જોવાના થયેલ નથી. એ વાત ખરી નથી કે જે બે વ્યક્તીઓ મારી પાસે આવેલા તે બે વ્યક્તીઓને ઘણો સમય થયેલ હોય તે વ્યક્તિઓનો ચહેરો અને વર્ણન મને યાદ નથી. એ વાત ખરી છે કે તે બે વ્યક્તીઓને પોલીસ રૂબરૂ ઓળખી બતાવેલ હોય તેવુ પણ બનેલ નથી. મારા કહેવા પ્રમાણે જે બે વ્યક્તિઓ મારી પાસે આવેલા તેઓની મેં સહી લીધેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે મારા જણાવ્યા મુજબ જે બે વ્યક્તી આવેલા અને મારા કહ્યા મુજબ જે દસ્તાવેજો રજુ કરેલા તે દસ્તાવેજો રજુ કરવા બાબત મેં કોઇ લેખીત નોધ કરેલ ન હતી કે તેઓની કાઉન્ટર સહી લીધેલ ન હતી અને ટપાલ ખાતાના રજીસ્ટરમાં પણ તેમની સહી લીધેલ ન હતી. એ વાત ખરી છે કે મારા જણાવ્યા મુજબ જે બે વ્યક્તીઓ આવેલા અને દસ્તાવેજો રજુ કરેલાનુ જણાવુ છુ તે દસ્તાવેજોની નોંધ અમારા ટપાલ શાખાના રજીસ્ટરમા કરાવેલ નથી.

વધુમાં ફરિયાદીએ આરોપીઓ તર્ફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે જે બે વ્યકતીઓની મે વાત કરેલ છે તેના ચહેરા મને યાદ નથી. એ વાત ખરી નથી કે જે બે વ્યકતીઓ આવેલા તેના નામ મને ખબર નથી. જે બે વ્યકતીઓની મેં વાત કરેલ છે તેના આઈ.ડી. કાર્ડ જોવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે આવનાર બે વ્યક્તી ચોક્કસ કોણ હતા તે હુ કહી શકુ નહી. મારા કહેવા પ્રમાણે જે બે વ્યક્તિઓ આવેલા તે અલગ-અલગ આવેલા તે બે વ્યક્તિઓ અલગ-અલગ આવેલા પરંતુ ચોક્કસ ક્યા દિવસે આવેલા તે હાલ મને યાદ નથી. એ વાત ખરી નથી કે આવનાર

વ્યકતીઓને મેં તપાસ કરીને જાણ કરીશુ તેવુ જણાવેલુ. એ વાત ખરી છે કે મારે તે વ્યક્તિઓ સાથે તે વખતે વાતચીત કરવાનો પ્રસંગ બનેલો નહી. એ વાત ખરી છે કે તેથી આવનાર વ્યક્તિઓના નામ સરનામાની માહીતી મને ન હતી. એ વાત ખરી છે કે મારા ઉપલા અધીકારીએ મને લેખીતમાં હુકમ કરતા મે ફરીયાદ કરેલી. એ વાત ખરી છે કે મારા ઉપલા અધીકારીએ મને લેખીતમાં જાણ કરતા આરોપીઓના નામ સરનામાની ખબર પડેલી. એ વાત ખરી નથી કે મારા કહેવા મુજબ જે બે વ્યક્તિઓએ મારી સમક્ષ દસ્તાવેજો રજુ કરેલ તે મેં પોલીસને આપેલા નહી. એ વાત ખરી છે કે મારા કહેવા મુજબ આવનાર વ્યક્તિઓએ ઝેરોક્ષ દસ્તાવેજની નકલ મને આપેલી. એ વાત ખરી નથી કે તે ઝેરોક્ષ નકલ મેં પોલિસને આપેલ હોય તેવુ બનેલ નહી. એ વાત ખરી છે કે તે વખતે મારે કોઈ અસલ દસ્તાવેજ જોવાના થયેલ નહી. એ વાત ખરી છે કે તે દસ્તાવેજ કોઇ પણ વ્યક્તી લઇને આવી શકે. એ વાત ખરી છે કે <u>મારી રૂબરૂમાં પંચોની હાજરીમાં કોઈ લખાણ થયેલ હોય તેવુ બનેલ નથી</u>. એ વાત ખરી છે કે મારી પાસેથી પોલીસે જે દસ્તાવેજ કબ્જે કરેલા તેની ઉપર મેં માર્ક, ચિન્હ, નિશાની કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે <u>પોલીસે મારી રૂબરૂમાં તે દસ્તાવેજો ઉપર માર્ક, ચિન્હ, નિશાની કરેલ હોય તેવુ બનેલ નથી</u>. એ વાત ખરી છે કે મને મારા <u>ઉપલા અધીકારીએ જે હુકમ કરેલો તેમા છ વ્યક્તીઓની ફરીયાદ કરવા માટે હુકમ કરેલો</u>. એ વાત ખરી નથી કે છ વ્યક્તીઓની ફરીયાદ નહી કરવાનુ મારી પાસે કોઈ કારણ નથી. એ વાત ખરી છે કે મારી <u>આંક–૪૮ ની ફરીયાદમાં છ વ્યક્તી હાજર થવા આવેલ છે તેવું લખાવેલ છે</u>. એ વાતની મને ખબર નથી કે મારી કચેરીમાં જે નિમણુક અંગેના પત્રો આવેલા તેવા જ પત્રો સુરત કલેક્ટર ઓફીસમાં પણ આવેલા. એ વાત ખરી છે કે કોઇ ટપાલમાં રજુ થયેલ નિમણુક પત્રો આવે તો કોઈ સામાન્ય વ્યકતી કહી શકે નહી કે તે સાચા છે કે બનાવટી. એ વાત ખરી નથી કે તેવી રીતે મને પણ તે નિમણુંક પત્રો બનાવટી છે કે સાચા છે તેની ખબર પડેલી નહી તેથી મેં ઉપલા અધિકારીનો અભિપ્રાય મંગાવેલો. એ વાત

ખરી નથી કે જે કચેરી દ્વારા નિમણુક પત્રો આપવામા આવેલ હોય તે જ કહી શકે તે સાચા છે કે બનાવટી. સાહેદ સ્વેછાએ જણાવે છે કે આવા નિમણુક પત્રો લેવા માટે જે તે કચેરી બોલાવે છે. એ વાત ખરી છે કે સામાન્ય રીતે કોઇ વ્યક્તી પર આવા નિમણુક પત્ર આવે તો તે વ્યક્તી તે નિમણુક પત્ર લઇ કલેકટર કચેરીમા તપાસ કરવા આવે. એ વાત ખરી છે કે આરોપીઓએ દ્વારા અમારી ઓફીસમાં હાજર થવા માટે કોઇ ફોર્મ ભરેલ હોય કે અરજી કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ કહેવાતા નિમણુક પત્રોના આધારે નોકરી મેળવી હોય અને તેનો ગેરલાભ લીધો હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે ટપાલમાં જે નિમણુક પત્રો આવેલા તે ક્યાથી આવેલા તેની મને ખબર નથી. સાહેદ સ્વેછાએ જણાવે છે કે તે પત્રો ટપાલ ટેબલ દ્વારા મને મળેલા એ વાત ખરી છે કે ટપાલથી મળેલા પત્રો ક્યાંથી આવેલા અને કોણે બનાવેલા તે મને ખબર નથી. એ વાત ખરી છે કે આંક-૫૦ અને ૫૧ વાળા અસલ દસ્તાવેજો મેં અહીયા જોયા તે અગાઉ મારે જોવામાં આવેલા નથી. એ વાત ખરી છે કે આંક-૫૦ અને ૫૧ વાળા અસલ નિમણુક પત્રો ક્યાથી આવેલા તેની મને જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે તે જ રીતે સદર નિમણુક પત્રો કોણે બનાવેલા તેની પણ મને જાત માહિતી નથી. એ વાત ખરી છે કે આંક-૫૦, ૫૧, ૫૪,૫૫ વાળા દસ્તાવેજો ઉપર સ્ટેમ્પ તથા સહી કોણે કરેલી તેની મને જાત માહીતી નથી. એ વાત ખરી છે કે આંક-૫૦,૫૧,૫૪,૫૫ અને ૪૪ વાળા નિમણુક પત્રો મારા ઉપલા અધિકારીના કહેવાથી મને ખબર પડેલી કે તે ખરા નથી. એ વાત ખરી નથી કે તેથી સદર દસ્તાવેજો બનાવટી હોવાની મને જાત માહિતી નથી. એ વાતની મને ખ્યાલ નથી કે અમારી ઓફીસ દ્વારા ગૌણ સેવા પસદગી મંડળને લખેલ પત્ર અને તેઓ દ્વારા અમારી ઓફીસને લખેલ જવાબ મેં તપાસના કામે રજુ કરેલા કે કેમ? સાહેદ સ્વેછાએ જણાવે છે કે તે પત્ર જુબાની વખતે રજુ કરેલ છે. એ વાત ખરી છે કે આ દસ્તાવેજો મે મારી જુબાની વખતે નામદાર કોર્ટમાં મેં રજુ કરેલ છે. આંક-૫૨ તથા ૫૩ વાળા દસ્તાવેજો રજુ કરેલ છે તે અમારી

કચેરીના કબ્જામાંથી રજુ કરેલ છે. એ વાત ખરી છે કે આ દસ્તાવેજો પોલીસને આપવાનો પ્રસંગ બન્યો નથી. એ વાત ખરી છે કે આ કામે રજુ થયેલ દસ્તાવેજો જોતા મારા કહેવા પ્રમાણે મારી પાસે આવેલ બે વ્યક્તિઓએ આપેલ દસ્તાવેજ નથી. એ વાત ખરી છે કે હાલમા મને જે તે સમયે મારી પાસે આવેલા વ્યક્તિઓના ચહેરા યાદ નથી. એ વાત ખરી છે કે મારા ઉપલા અધીકારીના આવેલ પત્રોથી સદરહુ કામે રજુ થયેલા આંક-૫૦,૫૧,૭૪ વાળા દસ્તાવેજો બનાવટી હોવાનુ મને ખબર પડેલી નહી. એ વાત ખરી છે કે મારા ઉપલા અધિકારીએ હુકમ કરેલ હોવાથી મેં ફરીયાદ કરેલી. એ વાત ખરી છે કે મારા કહેવા પ્રમાણે જે બે વ્યક્તિઓ નિમણુક પત્રો લઇને આવેલ હોવાનું જણાવૂ છુ તે તેવા દસ્તાવેજો બાબતમાં પુછપરછ કરવા આવેલા. એ વાત ખરી છે કે આ કામે રજુ થયેલ આંક-૫૦,૫૧,૭૪ વાળા દસ્તાવેજો કોણે અને કેવી રીતે બનાવેલા તેનો મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે મારા કહેવા પ્રમાણે જે બે વ્યક્તિઓ આવેલા તેઓના ચહેરા મને યાદ નથી. એ વાત ખરી છે કે અમારી ઓફીસના સ્ટાફના માણસો કે ગૌણસેવા પસંદગી મંડળ ગાંધીનગરની કચેરીના સ્ટાફના માણસોના કોઇ હસ્તાક્ષર કે સહીના નમુના લેવામાં આવેલ હોય અને સદરહુ કામે રજુ દસ્તાવેજો સાથે સરખામણી કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આંક- ૫૦,૫૧ તથા ૭૪ વાળા દસ્તાવેજો ઉપર પોસ્ટ ઓફીસનો સ્ટેમ્પ હતો. એ વાત ખરી છે કે સદરહુ દસ્તાવેજો પોષ્ટ મારફત આવેલા હોવાનુ જણાય છે. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓને આજે કોર્ટમાં જોઉ છુ તે પહેલા જોવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરિ નથી કે આ આરોપીઓએ કોઇ ગુનો કરેલ નથી. એ વાત ખરી નથી કે મારા કહેવા મુજબ કોઈ બે વ્યક્તિઓ મારી ઓફીસે આવેલા હોવાનુ જણાવુ છુ તે વાત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે આરોપીઓને સદરહુ ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ મેં ખોટી ફરીયાદ આપેલી છે. એ વાત ખરી નથી કે નોકરીના લાભો બચાવવા અને ઉપલી અધીકારીના દબાણથી ખોટી જુબાની

આપુ છુ.

(૯) ફરિયાદ પક્ષે આંક–૩૭ થી પંચ સાહેદ હશન મહમદ ડાંભરીયા ને તેમજ આંક–૩૯ થી પંચ સહેદ મોહસીન સફી શેખને તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદો આ કામે આંક–૩૮ થી રજૂ થયેલ આરોપીઓની શરીર સ્થિતિના પંચનામાના પંચ સાહેદો છે. તેવી જ રીતે ફરિયાદ પક્ષે આંક–૪૦ થી પંચ સાહેદ નુરખાન પઠાણને તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદ આ કામે આંક–૪૧ થી રજૂ થયેલ ગૌણ સેવા તરફથી મળેલ લેટર કબજે કાર્યાના પંચનામાના પંચ સાહેદ છે. હવે સદર પંચ સાહેદોની કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી, પંચનામામાં શું લખેલું તેની તેઓને ખબર નથી, તેમ જણાવી પંચનામામાં પોતાની સહી ઓળખવા સિવાય બીજી કોઈ હકીકત જણાવેલ ન હોય, તેઓને ફરિયાદપક્ષે કોર્ટની પરવાનથી ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરી, વિ.એ.પી.પી.શ્રીએ વિગતે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેથી પણ ફરિયાદ પક્ષે તપાસેલ પંચ સાહેદોના પુરાવામાં આંક–૩૮ અને આંક–૪૧ વાળા પંચનામાને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત નીકળી આવેલ નહી હોવાનુ જણાય છે.

(૧૦) ફરિયાદ પક્ષે આંક–૪૨ થી પંચ સાહેદ પ્રભાતગીરી પ્રેમગીરી ગૌસ્વામીને તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદ પોતાની સરતપાસમાં જણાવે છે કે, તા.૦૧–૦૬–૨૦૧૨ ના રોજ નવસારી ટાઉન પોલીસના બોલાવવાથી અમારી શાખાના ચિટનીસ બ્રાન્ચના નાયબ મામલતદારના ટેબલ પાસે ગયેલા. પોલીસે સમજ કરેલી કે આ કામે ફરિયાદી નાયબ મામલતદારશ્રી ઉષાબેન નાયકે જે ફરીયાદ કરેલી છે તે કામે રેકર્ડ તપાસના કામે લેવાનું હોય પંચ તરીકે

રહેવા સમજ કરેલી. અને આ કામના <u>આરોપીઓ ફરીયાદી રૂબરૂ બોગસ નિમણુકનો પત્ર લઇને આવેલા તે પત્ર પોલીસે કબ્જે કરેલો</u>. તે પત્ર કોના નામનો હતો તે હાલ યાદ નથી. આ પંચનામાની કાર્યવાહી અમો પંચો રૂબરૂ કરવામા આવેલી અને પંચનામાની કાર્યવાહી પુરી થયા બાદ સહી કરેલી, <u>પંચનામું રજુ દાખલ **આંક-૪૩**</u> આપવામાં આવે છે મને મુદ્દામાલ એ<u>મ.આર. નં-૮/૨૦૧૩ના ખાખી કલરના કવરનં-૧ માંથી એક નિમણુક પત્ર જેમાં ૧ થી ૬ નામે ઉમેદવારના લખેલા</u> છે જે <u>મહેસુલ વિભાગનો આવક ક્રમાંક ૧૫૨૯૧/૭/ ૨૦૦૯/૧૦ જે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો પત્ર</u> છે જે પત્ર પોલીસે કબ્જે કરી ખાખી કવરમાં મુકેલ. જે આ કામે <u>**આંક-૪૪**</u> થી રજૂ થયેલ છે.

સદર પંચ સાહેદ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, હુ ફરીયાદી સાથે નોકરી કરતો હતો. ફરીયાદી સાથે મારે ઓફિસિયલી સંબધ હતો. એ વાત ખરી છે કે પંચનામુ પોલીસે તૈયાર કરેલુ. એ વાત ખરી નથી કે પંચનામુ પોલીસ સ્ટેશનમા તૈયાર કરીને લાવેલા. એ વાત ખરી છે કે, પંચનામામાં પોલીસે સહી કરવાનુ કહેતા સહી કરેલી. સાહેદ શ્રી જણાવે છે કે વાંચીને સહિ કરેલી. એ વાત ખરી છે કે પોલીસે પંચનામુ પોતાની રીતે તૈયાર કરેલુ. નિમણુક પત્ર ફરીયાદી પાસેથી ક્યાથી અને કેવી રીતે આવેલા તેની મને પર્સનલ માહીતી નથી. એ વાત ખરી છે કે નિમંણુક પત્રની અંદરની વિગતની મને ખબર નથી. નિમણુક પત્રો આજ હતા કે પોલીસે કબ્જે કરેલા નિમણુક પત્રો એક જ છે જે ઓળખી શકુ છુ અને જેમા કલેકટશ્રીનો શેરો છે. એ વાત ખરી છે કે આ નિમણુક પત્ર ખરા છે કે બનાવટી તેની જાત માહીતી નથી. એ વાત ખરી છે કે આ નિમણુક પત્ર કોણ લાવ્યુ, કેવી રીતે લાવ્યુ, કોણે બનાવ્યા તેની ખબર નથી.

(૧૧) ફરિયાદપક્ષે આંક-૪૫ થી સાહેદ ગુલનાઝ શબ્બીર હુશેન મલીકને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, હુ છેલ્લા દસેક વર્ષથી કલેક્ટર ઓફીસમાં કામ કરૂ છુ અને બનાવના સમયે નાયબ મામલતદારની અંડર કારકુન તરીકે ફરજ બજાવતી આ

કામના ફરીયાદી શ્રિમતી ઉશાબેન ગુણવાતરાય નાયકને ઓળખુ છુ તેઓ અમારી મહેકમ શાખામા નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા અને હુ તેમની સુચના મુજબ મહેકમને લગતી કામગીરી બજાવતી. અમારે ત્યા સને ૨૦૧૨ માં બે વ્યક્તિઓ મહેસુલ વિભાગમાં રેવન્યુ તલાટી વર્ગ–૩ ના નિમણુક પત્રો લઈને ઉશાબેન પાસે આવેલા અને ઉશાબેન તેમને હાજર કરવા નિવાસિ અધિક કલેકટરશ્રી પાસે લઇ ગયેલા અને નિમણુક પત્રો જોતા જે ફોરમેટ માં હોવા જોઈએ તે ન જણાતા બોગસ હોવા અંગે તેમને શંકા ગયેલી ત્યાર બાદ આ નિમણુક પત્ર અંગે સચિવશ્રી એ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના આ પત્ર બાબતે તપાસ કરતા ખરાઈ કરવા બાબતે ગાંધીનગર તપાસ કરતા તે નાયબ સચીવ દ્બારા લેખીતમાં પત્ર મોકલી જણાવેલા કે મહેસુલ વિભાગના ખાલી જગ્યા ભરવા અંગેની પ્રક્રિયા તે પહેલાથી જ પુરી થઇ ગયેલ છે અને આ નિમણુક પત્રો તેમના નથી ત્યારબાદ ઉશાબેને આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી એક આરોપીને જોઈને હુ કહી શકુ છુ કે તે પત્ર લઇને આવેલા. નિમણુંક પત્ર હું જોઈને ઓળખી શકુ છુ. મને આંક–૪૪ નો નિમણુંક પત્ર બતાવવામાં આવે છે. તેમા નં–૨ વિનોદકુમાર પાટીલ અને નં–૩ પાટિલ મહેન્દ્ર સાહેબરાવ આ નિમંણુક પત્ર લઈને નાયબ મામલતદાર મહેકમ ઉશાબેન નાયક રૂબરૂ આવેલા પછી ખબર પડેલી કે આ નિમણુંક પત્ર બોગસ હોવાનું જણાયેલ. આજ નિમણુંક પત્રની નોંધ મે ખરાઈ કરેલી અને પોલીસને તેની ઝેરોક્ષ આપેલી.

સદર સાહેદ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે આ નિમણુક પત્ર ઉષાબેન રૂબરૂ કોણ લાવ્યુ, ખરા છે કે બનાવટી તેની જાત માહીતી નથી. એ વાત ખરી છે કે <u>આ નિમણુક પત્ર ઉષાબેન રૂબરૂ કોણ લાવ્યુ કેવી રીતે લાવ્યુ, કોણે બનાવ્યા તેની ખબર નથી</u>. એ વાત ખરી નથી કે નિમણુક પત્ર મને જે બતાવવામાં આવ્યા છે તે જ છે. એ નિમણુક પત્ર મે કોઈ નિશાની કરી હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે નિમણુક પત્ર પર જે તે અધિકારીની

સહી છે અને શેરો છે. એ વાત ખરી નથી કે તે નિમણુક પત્રની વિગતની ખબર નથી. એ વાત ખરી નથી કે નિમણુક પત્ર ખરા છે કે બનાવટી તે કહિ શકુ થી. એ વાત ખરી નથી કે નિમણુક પત્ર ખરા છે કે બનાવટી તેની મે જાતે પ્રુશટી કરી નથી. એ વાત ખરી નથી કે ફરીયાદીને સારી રીતે ઓળખતા હોય તેને સાથ સહકાર આપવા ખોટી જુબાની આપુ છુ.

(૧૨) ફરિયાદપક્ષે આંક-૪૬ થી સાહેદ નરેશભાઇ સોમાભાઇ પટેલને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, હાલમાં હું નાયબ મામલતદાર કલેકટર કચેરીમાં ફરજ બજાવુ છું. આ હોદ્ધા ઉપર તા.૧૪/૭/૨૦૧૦ થી ફરજ બજાવું છું. મારી ફરજમાં રજીસ્ટ્રી શાખામાં અરજદારો તથા પોષ્ટ ઓફિસમાંથી મળેલી અરજીઓ કે ટપાલો સ્વીકારી અરજીઓ ઉપર નિશાની કરી મારા કારકૂનને ઈનવર્ડ નંબર માટે આપવાની કામગીરી કરવાની હોય છે. તા.૧/૬/૨૦૧૨ ના રોજ નવસારી ટાઉન પો.સ્ટે ના પી.એસ. આઇએ મારું નિવેદન લીધેલું અને તે નિવેદનમાં મે ઉષાબેન નાયબ મામલતદારે ફરીયાદ નોંધાવેલ તેમા ગુજરાત ગૌણ સેવા પસંદગી ગાંધીનગરનો તા.૫/૩/૨૦૧૨ નો નિમણૂક પત્ર લખાવેલ જે અમારી રજીસ્ટી શાખામાં ઈનવર્ડ ન. ૬૧૭૫ તા.૬/૩/૧૨ નો હતો. જે અમોએ મહેકમ દફતરને આપેલો. આ પત્ર ખાલી પડેલી રેવન્યુ તલાટી વર્ગ ૩ ની નિમણૂંક પત્ર હતો. મેં પોલીસને મારા નિવેદન સાથે તા.૬/૩/૨૦૧૨ ના અને ઈનવર્ડ રજીસ્ટરની ખરી નકલ આપેલી જેમાં ઈનવર્ડ નં. ૬૧૭૧ થી ૬૧૭૯ સુધીના હતા. આજ રોજ મને મેં આપેલ તા.૬/૩/૧૨ નો ઈનવર્ડ રજીસ્ટરની ખરી નકલ બતાવવામાં આવે છે. જે જોઈને હું કહું છુ કે તેમાં ૬૧૭૫ ઈનવર્ડ રજીસ્ટર ઈનવર્ડ નંબર રજીસ્ટેશન થયેલ છે. જેમાં પત્ર ક્રમાંકની સામે નિમણૂંક પત્ર લખેલું છુ. પત્ર ક્રમાંકની તારીખ ૫/૩/૨૦૧૨ લખેલ છે અને વિષય રેવન્યુ તલાટી વર્ગ ૩ ની ખાલી પડેલ જગ્યા બાબત છે. તેમજ તે સરકારી પત્ર છે તેની નોંધ છે. જેની ખરી નકલ આજ રોજ રજુ કરું છું. મુદ્દામાલમાંથી આજ રોજ આંક-૪૪ વાળો દસ્તાવેજ

બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું કે તે તારીખ ૫/૩/૧૨ નો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના લેટર પેડ ઉપરનો નિમણૂંક છે. જે જોઈને હું કહું છું કે તે એજ પત્ર છે કે જેને મેં ૬૧૭૫ ઈનવર્ડથી ઓનલાઈન ડેટાથી નોંધ કરેલી છે તે જ છે. આ પત્ર મુખ્ય કલેકટર સાહેબ નવસારી શહેર જિલ્લા ગુજરાતને સંબોધીન છે તેમા મહેસૂલ વિભાગ ગુજરાત રાજય તરફથી આવક પ્રમાક ૧૫૨૯૧/ખ/૨૦૦૯ / ૧૦ અનુસંધાને રેવન્યુ તલાટી વર્ગ ૩ ની ખાલી પડેલ જગ્યામાં ઉમેદવારોની નિમણૂંક કરવા અંગે છે અને આ પત્રમાં છ વ્યકિતના ત્યા સામેલ છે તેમજ તેમની કેટેગરી લખેલ છે અને તેમનો બેઠક નંબર પણ લખલ છે. સદર પત્રમાં કલેકટર કચેરી નવસારી જીએસટી શાખાનો સિક્કો છે તેમજ તેમાં ઈનવર્ડ નંબર–૬૧૭૫ લખેલ છે અને તેમાં મારી સહી છે જે હું ઓળખું છે સદર પત્રમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી ગાંધીનગરનો સિકકો છે અને તેની નીચે સંયુક્ત સચીવ આઇ.એ.એસ. કચેરી અધિક્ષકશ્રી વહીવટી વિભાગ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ લખેલ છે અને તેની ઉપર સંયુક્ત સચીવની સહી છે અને આ પત્ર મેં મહેકમ શાખા તરફ મોકલી આપેલો. આ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.

સદર સાહેદ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી નથી કે આંક–૪૪ વાળા પત્ર ઉપર મેં કોઈ નિશાની કરી હોય એવું બનેલ નથી. એ વાત ખરી છે કે <u>આ પત્ર મારી પાસે ટપાલ મારફતે આવેલો</u>. એ વાત ખરી છે કે આ પત્ર કવરની અંદર આવેલો. આવું કોઈ કવર પોલીસે મારી પાસેથી કબજે કરેલ હોય એવું બનેલ નથી. એ વાત ખરી નથી કે કહેવાતા આંક–૪૪ વાળા પત્રમાં એ પત્ર કોની પાસે આવેલ અને કોને મોકલાવેલ તેની નોધ નથી. એ વાત ખરી છે કે <u>આ પત્ર અને કવર કોણે અને કેવી રીતે તૈયાર કરેલા તેની મને ખબર નથી</u>.

(૧૩) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા <u>આંક–૬૭ થી સાહેદ પ્રવિણભાઈ ઉમંગલાલ ઠકકર</u>ને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૨ ની સાલમાં જુલાઈ

મહીના પહેલા અઠવાડીયાથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નાયબ સચીવ તરીકે ફરજ બજાવતો હતો. ઓગસ્ટ ૨૦૧૨ ના અંતમાં નવસારી પોલીસ અમારી ગાંધીનગર ખાતેની ઓફીસમા આવીને તેઓ અમારી કચેરીના અન્ય કર્મચારીઓને મળેલા અને અમારા કર્મચારીઓ તેમને મારી પાસે લઈ આવેલા નવસારી કલેકટર કચેરીને મંડળ ફાળવેલા રેવન્યુ તલાટીની જગ્યા પર નીમણૂક આપવા માટે ઉમેદવારના સંબંધમાં કોઈક બોગસ ઉમેદવારોએ બનાવટી ડોક્યુમેન્ટ ઉભા કરી નોકરી મેળવવાનો પ્રયત્ન કરેલો તેના સંદર્ભમા પોલીસ આવી છે તેવુ મને મારા સ્ટાફે કહેલું, પોલીસે મને સૌ પ્રથમ આક ૫૦ અને આંક ૫૧ વાળા નીમણુકના પત્રો બતાવ્યા હતા. જે તે જ છે જે જોઈને મેં કહેલ કે અમે મંડળમાંથી આવા કોઈ નીમણુક પત્રા આપતા નથી તેવું મેં પ્રથમ નજરે જ જોઈને કહી દીધેલુ હતુ. મંડળ ક્યારેય નીમણુંક પત્ર આપતા નથી તેવી માહીતી મેં પોલીસને આપેલી અને જણાવેલ કે મંડળ નોકરી ઈચ્છુક ઉમેદવારો પાસેથી ૩ સ્પર્ધાત્મક પરીક્ષાની અરજીઓ જે તે જગ્યાની ભરતીની જાહેરાત કરીને મંગાવે છે. તેમની સ્પર્ધાત્મક પરીક્ષા બાદ મંડળના ધારા ધોરણ મુજબ ઉતીર્ણ ગણાતા ઉમેદવારોના નામોની નીમણૂક માટે સંબંધીત કચેરીઓને ભલામણ કરવામા આવે છે. એટલે કે મંડળ એલોટીંગ ઓથોરીટી છે એપોઈન્ટીંગ ઓથોરીટી મંડળ નથી. એપોઈન્ટીંગ ઓથોરીટી તો સંબંધીત જે તે કચેરીના જે તે નીમણુકી સત્તા હોય છે એટલે કે સવાલવાળા કીસ્સામાં રેવન્યુ તલાટીના બતાવવામાં આવેલા નીમણુક પત્રો મંડળના હોવાનુ કોઈ સંજોગોમાં શક્ય (ફીઝીબલ) નથી. નીમણૂક પત્રમાં મંડળનો જે લોગો નથી તેમજ જે અધીકારીનું નામ આમા લખેલ છે તેવા કોઈ અધિકારી અત્યારમાં કે, અગાઉ મંડળની કચેરીમા હતા નહીં કે છે નહીં. કચેરી અગ્ર સચીવ જેવો હોદદો મંડળના સેટ અપમા નથી કે જે હોદદો આ નીમણુક પત્રમાં દર્શાવેલો છે. જેથી પ્રથમ નજરે જ આ પત્ર ફેક હોવાનું મને જણાય છે તેવું મેં પોલીસને જલાવેલું, અને નમુના રૂપ અમારા ગૌણ સેવા પસંદગીના લોગોવાળો કોરો લેટર હેડ મેં પોલીસને આપેલો. જે

કોરો લેટર હેડ રજુ કરૂ છુ. તેને રજુ દાખલ **આંક ૬૮** આપવામા આવે છે.

વધુમાં સદર સાહેદ જણાવે છે કે, પોલીસે મારી પુછપરછ કરેલી અને મેં મારૂ નીવેદન પોલીસને લખાવેલું. પોલીસે મારી પાસે કેટલાક દસ્તાવેજોની માંગણી કરેલી હતી. જેથી મે તેમને લેખિતમાં માંગણી કરવા જણાવતા પોલીસે લેખીત પત્ર દવારા આ કેસને લગતા અમુક કાગળોની માંગણી કરેલી આ લેખીત પત્ર મારૂ નીવેદન જે દીવસે પોલીસે લીધેલુ એટલે કે ૨૮.૦૮.૨૦૧૨ ના રોજ આપેલો જે મને એડ્રેસ કરીને પર્સનલી આપેલો હતો અને મેં જવાબદાર અધિકારી તરીકે તે હાથોહાથ સ્વીકારી લીધેલો હતો અને જવાબદાર અધીકારી તરીકે તેમાં સહી કરીને હાંસીયામા તારીખ નાખેલી. જે પત્ર આજ રોજ રજુ કરૂ છુ. તેને રજૂ દાખલ **આંક ૬૯** આપવામાં આવે છે. આ પત્રમાં નવસારી જીલ્લામાં ફાળવણી કરેલા ૩૨ ઉમેદવારોના ફાળવણી પત્રો કે જે ઉમેદવારને સંબોધીને લખેલા હોય અને નકલ કચેરીને આપવામાં આવેલી હોય તેવા પત્રોની નકલો માગેલી તેમજ કહેવાતા બોગસ નીમણુક પત્રો મંડળની કચેરીમાંથી રવાના થયેલ છે કે કેમ તેની વીગતો મને આપવા જણાવેલું. આ માંગવામા આવેલ માહીતીઓ કચેરીની પ્રસ્થાપીત પ્રકીયા મુજબ ફાઈલ ઉપર લેખીતમાં વીચારણા કરીને કચેરીના સક્ષમ અધિકારીઓ એટલે કે સચીવશ્રી અને ચેરમેન શ્રી અને સભ્યોની અનુમતી બાદ વીંધીસરના પત્રથી પોલીસ ખાતાને આપવાની થાય તે માટે કચેરીની આંતરીક કાર્યવાહી કરીને એક-બે મહીના બાદ ખુબ સંવેદનશીલ બાબત હોવાથી ખાનગી પત્ર રજીસ્ટર પોસ્ટ એ.ડી થી માંગેલા ડોક્યુમેન્ટ જેમાં ૩૨ ઉમેદવારોના ફાળવણી પત્રોની મંડળની કચેરીની સ્થપ્રત નકલોની ઝેરોક્ષ કોપીઓ તેમજ અમારા મંડળના જાવક રજીસ્ટરના રીસીયલ નંબર ૮૨૬ થી ૮૪૬ સુધીના ઉતારાની ઝેરોક્ષ નકલો કે જેમાં અમારા અધીકારીની ખરી નકલ કરીને મોકલી આપેલા મને મે મોકલેલ ૩૨ ફાળવણી પત્રો તથા જાવક રજીસ્ટરના ઉતારાની ખરી નકલ બતાવવામા આવે છે. જે પૈકી ફાળવણી પત્રોની નકલ જે અમારી

મંડળની લોગો વાળા લેટરહેડ પર યુ.પી.સી હેઠળ જે તે ઉમેદવારને સંબોધીને લખેલ હોય અને તેની નકલ સંબંધીત કચેરી એટલે કે નવસારી જીલ્લા કલેકટર કચેરી ને જે ૩૨ ઉમેદવારો ફાળવી આપેલા તે જ છે . જે અમારા મંડળના પ્રીસ્કાઈબ્ડ ફોર્મેટ મુજબના પત્રો છે.જેમાં પોલીસે બતાવેલા ૨ બોગસ નીમણુક પત્રો વાળા ઉમેદવારોના તરફેણમાં કોઈ ભલામણ મંડળે કરેલી ન હતી. તે જ છે. જે એપ્રીલ ૨૦૧૦, જુન ૨૦૧૦ અને જુલાઈ ૨૦૧૦ ના છે. જે પૈકી એપ્રીલ ૨૦૧૦ માં ૨૨ તથા જુલાઈ ૨૦૧૦ માં ૦૯ અને જુન ૨૦૧૦ માં ૦૧ એમ કુલ ૩૨ ઉમેદવારોની ફાળવણી પત્રકની ખરી વીગતો મે મારા પોલીસ રૂબરૂના નીવેદનોમાં લખાવેલી છે. તેને રજુ દાખલ **આંક ૭૦** આપવામા આવે છે. આ તમામ ફાળવણી પત્રો તૈયાર થાય તેમાં ઉમેદવારનો બેઠક નંબર કોઈ સંજોગોમાં પ્રાવીજનલ નંબર હોય તો તે, ઉમેદવારની કેટેગરી, તેમજ જે તે ઉમેદવારની જે જલ્લામાં ફાળવણી કરવામાં આવી હોય તેની વીગત તેમજ આ પત્રમાં નીમણુક ની કાર્યવાહી નીમણુકી સત્તા કરશે તેવો સ્પષ્ટ ઉલ્લેખ હોય છે. નીમણૂક પત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ હોય છે કે કલેક્ટર કચેરી ઉમેદવારની શૈક્ષણીક લાયકાત, જાતી, ૧૫ મર્યાદા વિગેરેના અસલ પ્રમાણપત્રો ચકાસીને નીમણુક આપો અને તેમાં જો કોઈ ક્ષતી માલુમ પડશે તો ફાળવણી રદ થવા પાત્ર થશે તેમજ નીમણુક આપેલી હશે તો નીમણુક પણ રદ થવા પાત્ર પરશે. નીમણુક કાર્યવાહીની એવી ચકાસણી કર્યા બાદ કલેકટર કચેરી મંડળનુ લેખીત સમર્થન મેળવીને ઉમેદવાર નીમણુક માટે લાયક જણાવેલી કલેકટર કચેરી દવારા નીમણુંકની કાર્યવાહી કરવામાં આવશે, ફાળવણી પત્રમાં બીજી એક નોંધ પાત્ર શરત હોય છે કે ઉમેદવારની ફાળવણી સંબંધીય જગ્યાની ભરતીની જાહેરાત એટલે કે સવાલ વાળા કિસ્સામાં જાહેરાત ક્રમાંક ૦૪:૦૯ માં દર્શાવેલી શરતોને આધીન રહેશે.આ નીમણુંક પત્રો તત્કાલીન સચીવ શ્રી ડી.બી. શાહ સાહેબની સહીથી રવાના કરવામાં આવેલા અને મે જે જાવક રજીસ્ટર આર.પી.એ. ડી થી મોકલેલ હતુ જે રજુ કરૂ છુ. નવસારી જીલ્લામાં આ ૩૨ સીવાય બીજા કોઈ ઉમેદવારને

નીમણુક આપેલ નથી તેમજ નીમણુક બાબતે કોઈ ગેરરીતી ન થાય તે માટે નવસારી જીલ્લા સહીન અન્ય તમામ જીલ્લાઓને આગોતરી જાણ કરેલી હતી.પોલીસે મને ગુન્હા અંગે જણાવેલ હત કે નવસારી કલેકટર કચેરીમાં ગૌણ સેવાના કહેવાતા નીમણુક પત્રો લઈને ૦૨ વ્યક્તિઓ આવેલા પરંતુ તે પત્રો બોગસ જણાતા કલેકટર કચેરીની ચીટનીશ શાખાએ પોલીસ ફરીયાદ નોંધાવી હતી તેના અનુસંધાને પોલીસે મને જણાવેલ કે આ તપાસમાં તેઓ પોતે આવેલા હતા. પોલીસ મને ૦૨ બોગસ ઉમેદવારના નામ જણાવેલા જેમાં (૧) મહેન્દ્ર કુમાર સાહેબરાવ પાટીલ (૨) વીનોદ કુમાર લઘુભાઈ પાન પાટીલ હતા. હાલ હું તેમને ઓળખી શકુ નહી કેમ કે મે તેઓને રૂબરૂ જોયેલ નથી મે તેમના કોટા જોયેલા હતા. આ ફોટા ૧૦ વર્ષ અગાઉ જોયેલા હતા.મારી સાથે મારા હાથ નીચેના સેકશન અધીકારીના હાથ નીચે રાધેશયામ આઇ. ઠકકર (નાયબ સેકશન અધીકારી) હતા તેમની પણ પોલીસ પુછપરછ કરેલી હતી. તેમનુ પણ નીવેદન પોલીસે લીધેલું તેવું મને રાધેશયામભાઈ આઈ ઠકકરે પાછળથી જણાવેલું.

સદર સાહેદ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી નથી કે, મારે આજ રોજ જુબાની આપવા પહેલા સરકારી વકીલશ્રી સાથે તેની ચર્ચા કરવામાં આવેલી. એ વાત ખરી છે કે, મે જે કોઈ પણ માહિતી લખાવી તે દસ્તાવેજો જોઈને લખાવી. હું આજ રોજ મારી સાથે કોઈ દસ્તાવેજી પુરાવા લઈને આવેલ નથી. એ વાત ખરી નથી કે મે આજ રોજ રજુ કરેલ દસ્તાવેજો તે મને વર્ષો અગાઉ તપાસ કરનાર અમલદારશ્રીએ મારી પાસેથી મેળવેલ તે આજ હતા કે કેમ તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે મારી નોકરી દરમ્યાન મારે ઘણા દસ્તાવેજો ને ફાઈલો જોવાની થતી હોય છે. મારા કહેવા મુજબ સામાન્ય દસ્તાવેજનુ મુલ્ય તથા ગંભીરતા કેટલી છે તેના આધારે હું તેને યાદ રાખી શકુ. પોલીસે મને જે દસ્તાવેજો બતાવેલા તેમા મે કોઈ નીશાની કરેલી નહી. એ વાત ખરી નથી કે ત.ક.અમલદાર મને બતાવેલ દસ્તાવેજો સાચા છે કે બનાવટી તે અંગે મેં કોઈ તપાસ કરેલી નથી. એ વાત ખરી છે કે નીમણુક પત્રો ઈસ્યુ કરવાનુ કામ મારૂ કે

મારી કચેરીનુ નથી. એ વાત ખરી છે કે મે તેવા દસ્તાવેજો ના ઉપરના લખાણ કે સહી અંગેના નમુના ઓ સાથે મારી કચેરીના અધીકાકીઓ કે કર્મચારીઓની ચકાસણી કરી નથી. શાહેદ જાતે જણાવે છે કે અમારે આવી કોઈ ચકાસણી કરવાની સક્ષમ સત્તા નથી. એ વાત ખરી છે કે અમારી ઓફીસમાં મારી સાથેના પત્ર વ્યવહાર હોય તે વિધીસરની કાર્યવાહી હેઠળ મારે પત્ર વ્યવહાર કરવો પડે. એ વાત ખરી નથી કે પોલીસ અધીકારીએ મને દસ્તાવેજ માંગતો પત્ર અમારી કચેરીના ટપાલ શાખામા રજુ કરવાનો હોય છે. પોલીસને આપેલું મારૂ નીવેદન મે વાંચેલુ હતુ. એ વાત ખરી છે કે મે મારા નીવેદનમાં પોલીસે મને આપેલ પત્ર કે મારે આપવાના દસ્તાવેજોની માહીતી મારા નીવેદનમાં જણાવેલ નથી. આજ રોજ મે રજુ કરેલ દસ્તાવેજો તપાસ કરનાર અમલદારશ્રીને સીધા આપેલ ન હતા પરંતુ વિધીસર ના પત્રથી પોલીસ સત્તાને મોકલવામાં આવેલ હતા. એ વાત ખરી છે કે પોલીસ અધીકારીએ મને આપેલ પત્રનો કોઈ આવક નંબર આપેલ નથી. એ વાત ખરી છે કે મે સદર પત્ર સ્વીકારતા પહેલા મારા ઉપરી અધીકાકરીની કોઈ પરવાનગી લીધેલ ન હતી. એ વાત ખરી છે કે મે પોલીસને આર.પી.એ.ડી થી મોકલેલ દસ્તાવેજો અંગેનો કોઈ લેખીત આધાર રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે તેમાં કોઈ જાવક નંબર છે કે કેમ તે મને હાલે યાદ નથી. એ વાત ખરી છે કે મે આ કામે સદર દસ્તાવેજો તપાસ કરનાર અમલદારને આર.પી.એ.ડી થી મોકલાવેલ તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે એપ્રીલ મે ૨૦૧૨ દરમ્યાન હું મંડળની કચેરીમાં હુ ફરજ બજાવતો ન હતો. એ વાત ખરી છે કે તેથી તે સમયગાળાના પત્ર વ્યવહાર, કાર્યવાહીની મને જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે મેં મારા નીવેદનમાં નીમણુક પત્રનો ક્રમાંક/પરણ/૧૨૧૦૦૯/૨૦૦૩૫/ખ/ગુજરાત લખાવેલો છે. એ વાત ખરી છે કે તે નંબરનો પત્ર મને પોલીસે બતાવેલો હોઈ શકે જેનો નંબર મને યાદ ન હોઈ શકે. એ વીશે હુ કહી શકુ નહી કે કચેરીનો કોઈ જાણકાર વ્યક્તિ આવા પ્રકારના દસ્તાવેજો બનાવી શકે. આ કામે મે જુબાની આપતા પહેલા

મે મારૂ કોઈ પણ પ્રકારનુ આઇ.ડી પ્રુફ બતાવેલ નથી. એ વાત ખરી છે કે મે રજુ કરેલ જાવક રજીસ્ટરના ઉતારા વાળુ અસલ રજીસ્ટર હું મારી સાથે લાવેલ નથી. એ જરૂરી નથી કે મારે મારી કચેરીના દસ્તાવેજો આપતા પહેલા મારા ઉપરી અધીકારીની લેખીત પરવાનગી મેળવવી પડે. એ વાત ખરી છે કે સામાન્ય સંજોગોમા મે આજ રોજ રજુ કરેલ દસ્તાવેજો મારી કસ્ટડીમા હોતા નથી. એ વાત ખરી છે કે મારી પાસે જયારે દસ્તાવેજો કસ્ટડીમા હોય ત્યારે મારે જરૂરી પરવાનગી લઈને તે મેળવવા પડે. એ વાત ખરી છે કે મારા ઉપરી અધીકારીની કોઈ લેખીત પરવાનગી લીધેલ હોય તેવુ બનેલ નથી અને મે આ કામે તે રજુ કરેલ પણ નથી. એ વાત ખરી છે કે પોલીસે મને બતાવેલ ફોટા ચોકકસ કોના છે તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે મારા સહકર્મચારીનુ મારી સરતપાસમા જણાવ્યા મુજબ નીવેદન મારી રૂબરૂમા લીધેલ નથી. એ વાત ખરી છે કે મે લખાવેલી તમામ હકીકત તે મને પોલીસ દવારા જાણવા મળેલી. એ વાત ખરી છે કે આંક ૬૨ જોઈને જણાવુ છુ કે તેમાં મારા કચેરીના કોઈ સહી સીકકા કરવામા આવેલા નથી. એ વાત ખરી નથી કે મે રજુ કરેલ દસ્તાવેજો પુરાવાઓ ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. એ વાત ખરી નથી કે ખરેખર આવો કોઈ બનાવ બનેલ નથી પરંતુ મને જે પ્રમાણે શીખવાડવામાં આવેલ તે પ્રમાણે મે જુબાની આપેલ છે. એ વાત ખરી નથી કે મે પોલીસને ખોટી રીતે મદદ કરવા સોગંદ ઉપર ખોટી જુબાની આપેલ છે.

(૧૪) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા આંક–૮૪ થી સાહેદ જયદિપ બળદેવભાઇ દ્વિવેદીને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૨ ના વર્ષમાં નાયબ સચિવ તરીકે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હતા. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળમાં મારી કરજ વર્ગ–૩ના કમચારીઓની ભરતી પ્રકીયા કરવાની હતી. જેમા અમને મળેલ માંગણાપત્રક મુજબ જાહેરાત બહાર પાડવામાં આવે છે. ત્યારબાદ આવેલ અરજીઓની ચકાસણી કરવામાં આવે છે અને જે ઉમેદવાર પરીક્ષા માટે લાયક જણાય તેને લેખિત પરીક્ષામાં હાજર

રહેવા કોલલેટરથી જાણ કરવામા આવે છે. સને ૨૦૦૯ મા રેવન્યુ તલાટીની સીધી ભરતી માટેની જાહેરાત ક્રમાંક નં.૪:૨૦૦૯ થી અમારા આયોગ દવારા બહાર પાડવામાં આવેલ હતી. જાહેરાતની લેખિત પરીક્ષા ૨૦૧૦ માં યોજવામાં આવેલ હતી અને સમગ્ર ભરતી પ્રકીયા ૨૦૦૯ થી ૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ ભરતીની કામગીરીમા જે તે ઉતીર્ણ થયેલ ઉમેદવારના ડોક્યુમેન્ટસની ચકાસણી કરવામાં આવે છે અને તેમની પાસેથી નિમણૂક માટે પ્રેફરન્સ માંગવામાં આવે છે તથા મેરીટ કમ પ્રેફરન્સના આધારે જે જિલ્લામાં જેટલી જગ્યા હોય તે અનુસાર કલેક્ટરશ્રીને નિમણૂક માટેની ભલામણ કરવામાં આવે છે. ઉપરોકત ભરતી અંગે ૨૦૧૨ ના વર્ષમા નવસારી જિલ્લાના પોલીસ અધિકારી મારી પાસે આવેલા અને તેમણે મને જણાવેલ કે ઉપરોકત ભરતીમા કેટલાક ઉમેદવારો દવારા બનાવટી ભલામણ પત્રો કલેકટરશ્રી સમક્ષ રજૂ કરવામા આવેલ છે. જેથી તે પોલીસ અધિકારીએ તેવા ઉમેદવારો બાબતે અમારા આયોગ પાસે ચકાસણી કરી માહીતી આપવાની લેખિતમાં રજૂઆત કરેલી. જેથી સદર લેખિત માંગણીના અનુસંધાન અમારા આયોગનું રેકર્ડ ચકાસેલ અને ત્યારે માલુમ પડેલ કે આ પોલીસ અધિકારીશ્રીએ જે ઉમેદવારો માટે તપાસ કરવાનું જણાવેલ. તે ઉમેદવારોએ ઉમદવારી નોંધાવી પરીક્ષા પણ આપેલ હતી તેવું માલુમ પડેલ. ત્યારબાદ અમે સદર ઉમેદવારોને રીઝલ્ટ જોયલ તો બંન્ને ઉમેદવારોને માઈનસમાં માર્કસ મળેલ હોવાનું અને તેમનુ નામ મેરીટ લીસ્ટમાં ન હોવાનું જણાવેલ. સદર બંન્ને ઉમેદવારોના નામ વિનોદ પાટીલ અને મહેન્દ્ર પાટીલ હતા. અમારી તપાસ દરમ્યાન ખુલેલ વિગતો બાબતે અમે તપાસ માટે આવેલ પોલીસ અધિકારીને લેખિતમા પત્ર ધ્વારા વિગતા મોકલાવેલ. જે પત્ર મારી સહીથી મોકલાવેલ. જે પત્ર મને બતાવવામાં આવે તો હું ઓળખી શકુ. મને તા.૩૦–૨૦૧૨ ના રાજનો અમારા આયોગના લેટર પેડ પર પોલીસ ઈન્સપેકટર નવસારી ટાઉન પો.સ્ટે. નાઓને ઉદેસીને લખવામાં આવેલ પત્ર બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે આ પત્ર મે લખેલ તે જે છે અને તેમા પત્ર લખનાર

તરીકે મારી સહી છે જે હું આજરોજ ઓળખી બતાવુ છુ. સદર પત્રમા લખેલ વિગતો મે મોકલાવેલ તે જ છે. સદર પગમાં અનુક્રમ નં. ૨ ઉપર વિનોદભાઈ લહુભાઈ પાનપાટીલ તથા અનુકૂમ નંબર ૪ ઉપર પાટીલ મહેન્દ્ર સાહેબરાવ નાઓ પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદીમાં સ્થાન પામેલ ન હતા તેની કારણો સહીત વિગત જણાવેલ છે. સદર દસ્તાવેજને રજૂ દાખલ **આંક–૮૫** આપવામા આવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે, અમારા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ આયોગ ધ્વારા જે ઉમેદવારી નોંધાવવા માટે ફોર્મ બહાર પાડવામાં આવે છે તે હું જોયેથી ઓળખી શકુ. મને આજ રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનુ રેવન્યુ તલાટી વર્ગ–૩ ની જગ્યા માટેનું અરજીપત્રક જેનો જાહેરાત ક્રમાંક ૪/૨૦૦૯ થી ઉમેદવાર પાન પાટીલ વિનોદ લહભાઈ ધ્વાસ અરજી પત્રક નંબર ૨૧૦૧૦૮૪૩૧ તા. ૧૧.૧૨.૨૦૦૯ થી કરવામાં આવેલ ઉમેદવારી પત્રકની અમારી કચેરી દવારા કરવામા આવેલ ખરી નકલ તથા સદર ઉમેદવારે મેળવેલ માર્કેસની વિગત દર્શાવત રીઝલ્ટસીટ સંબંધિત કુલ–૧૧ પેજની અમારી કચેરી ધ્વારા કરવામા આવેલ ખરી નકલ બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું કે, સદર ઉમેદવારી પત્રક તથા રીઝલ્ટશીટ અમારી કચેરી દવારા આપવામાં આવેલ તે જ છે જેમા ખરી નકલ કરનાર તરીકે અમારી કચેરીના સેકશન અધિકારીશ્રીની સહી છે. જે હું ઓળખી બતાવ છે. જે કુલ પાના નંગ–૧૨ ને સંયુકત **આંક–૮૬** આપવામાં આવે છે. અમારા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ આયોગ દવારા જે ઉમેદવારી નોંધાવવા માટે ફોર્મ બહાર પાડવામાં આવે છે તે હું જાયેથી ઓળખી શકુ. મને આજ રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનુ રેવન્ય તલાટી વર્ગ–૩ ની જગ્યા માટેનું અરજીપત્રક જેનો જાહેરાત ક્રમાંક ૪/૨૦૦૯ થી ઉમેદવાર પાટીલ મહેન્દ્ર સાહેબરાવ દવારા અરજી પત્રક નંબર ૨૧૦૧૦૨૪૭૨ તા. ૪.૧૨.૨૦૦૯ થી કરવામાં આવેલ ઉમેદવારી પત્રકની અમારી કચેરી ધ્વારા કરવામાં આવેલ ખરી નકલ તથા સદર ઉમેદવારે મેળવેલ માસની વિગત દર્શાવત રીઝલ્ટસીટ સબંધિત કુલ–૧૨ પેજની

અમારી કચેરી ધ્વારા કરવામાં આવેલ ખરી નકલ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે, સદર ઉમેદવારી પત્રક તથા રીઝલ્ટસીટ અમારી કચેરી દવારા આપવામાં આવેલ તે જ છે. જેમા ખરી નકલ કરનાર તરીકે અમારી કચેરીના સેકશન અધિકારીશ્રીની સહી છે. જે હું ઓળખી બતાવું છું, જે કુલ પાના નંગ-૧૩ ને સંયુકત **આંક-૮૭** આપવામાં આવે છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા ભરતી પ્રકીયાના અંતે ઉતીર્ણ થયેલ તમામ ઉમેદવારોના નામ અને કેટેગરી સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. ૨૦૧૧ મા કરવામાં આવેલ રેવન્યું તલાટીની ભરતી બાબતે પણ ઉતીર્ણ થયેલ ઉમેદવારોના નામ અને કેટેગરી સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલા, જે ગેઝેટની ઓફીશિયલ નકલ આજ રોજ હું મારી સાથે લાવેલ છું અને રજૂ કરે છે. જેને રજૂ દાખલ **આંક-૮૮** આપવામાં આવે છે. આ ગેઝેટની વિગતો મે જોયેલ છે. આ ગેઝેટમાં ઉપરોકત બે ઉમેદવારોના નામ નથી. ભરતીપ્રકીયા પણ થવા બાદ જિલ્લાવાર જે તે કલેકટરશ્રીને તેમના જિલ્લામાં ફાળવેલ ઉમેદવારોની યાદી(લીસ્ટ) મોકલવામાં આવે છે. જે સને ૨૦૧૧ ની ભરતી અંગેનુ નવસારી જીલ્લાનુ લીસ્ટ મારી સાથે લાવેલ છું અને રજૂ કરું છું, જેને રજૂ દાખલ **આંક-૮૯** આપવામાં આવે છે સદર લીસ્ટમાં ઉપરોકત ઉમેદવારોના નામ નથી.

સદર સાહેદ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, હુ માર્ચ-૨૦૦૯ થી જુલાઇ-૨૦૧૨ સુધી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળમાં નાયબ સચિવ તરીકે ફરજ બજાવતા હતા. એ વાત ખરી છે કે મે મારુ કોઈ ઓળખપત્ર આજરોજ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આજ રોજ રજૂ કરેલા દસ્તાવેજો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળમાંથી મેળવવા માટે ચોક્કસ પ્રક્રીયા કરવાની હોય છે. એ વાત ખરી છે કે ઉપરોકત દસ્તાવેજો મે કાયદેસરની પ્રક્રીયા કરીને મેળવેલ હોય તે બાબતનુ કોઈ પ્રમાણપત્ર આજરોજ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ઉપરોકત દસ્તાવેજોના અસલ મારી કસ્ટડીમા હોતા નથી. એ વાત ખરી નથી કે ઉપરોકત દસ્તાવેજો કોઈ પણ વ્યક્તિ કોમ્પયુટરમાં બનાવી શકે. એ વાત ખરી છે કે રજૂ કરેલ દસ્તાવેજો

કોમ્પ્યુટર પ્રિન્ટ છે. એ વાત ખરી છે કે આ દસ્તાવેજો સાથે ભારતીય પુરાવા અધિનિયકની કલમ ૬૫(બી) મુજબનુ પ્રમાણપત્ર રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ભરતીની સમગ્ર પ્રકીયા મારે એકલાએ કરવાની હોતી નથી. એ વાત ખરી છે કે ભરતીની પ્રકીયાના તમામ દસ્તાવેજો અલગ અલગ કમચારી અને અધિકારીઓ દવારા તૈયાર કરવામાં આવે છે. સાહેદ જણાવે છે કે ઉપરોકત ભરતીની પ્રકીયાના તમામ દસ્તાવેજો મારા સુપરવિઝન હેઠળ તૈયાર કરવામાં આવેલા. એ વાત ખરી છે કે હ રજા પર જાવ તો ચાજ બીજા પાસે હોય. ૨૦૦૯ થી ૨૦૧૨ દરમ્યાન મે રજાઓ લીધી હોઈ શકે. ચોકકસ હાળ પાદ નથી. એ વાત ખરી છે કે આ સમય દરમ્યાન લીધેલ રજાઓની નોંધ કચેરીમાં રાખવામા આવે છે. સાહેદ જણાવે છે કે સેવાપોથીમાં નોંધ થાય છે. એ વાત ખરી છે કે અમારી કચેરીમાં આવતા તથા મોકલવામાં આવતા દસ્તાવેજોનું આવક જાવક રજીસ્ટર રાખવામાં આવે છે. એ વાત ખરી છે કે સરતપાસમાં જણાવેલ પોલીસ અધિકારીએ લેખિતમાં માંગણી કરેલ પત્ર તથા મેં મોકલાવેલ માહીતીના પત્ર અંગે આવક-જાવક રજીસ્ટરના ઉતારાની નકલ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આંક-૮૫, ૮૬ અને ૮૭ વાળા દસ્તાવેજો જે તે વખતે ત.ક.અ.શ્રીને આપેલા. આંક-૮૮ અને આંક ૮૯ વાળા દસ્તાવેજો પોલીસે માંગેલ ન હોય આપેલા નહોતા. એ વાત ખરી છે કે આંક-૮૯ વાળા દસ્તાવેજમા મારી કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અન્ય કોઈ અધિકારીની સહી નથી. સાહેદ જણાવે છે કે તે કોમ્પ્યુટરાઈઝ લીસ્ટ છે. એ વાત ખરી છે કે, આંક-૮૫,૮૬,૮૭,૮૮,૮૯ વાળા દસ્તાવેજોમાં કોઈ સિકકા નથી. એ વાત ખરી છે કે મેં આજરોજ રજૂ કરેલ દસ્તાવેજો સિવાય હાલના ગુનાની બીજી કોઈ માહીતી મને નથી.

(૧૫) ફરિયાદ પક્ષે આંક-૬૦ થી ત.ક.અ.શ્રી ઉમિયાશંકર જીવણદાસ શ્રીમાળીને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા.૩૧/૦૫/૨૦૧૨ ના રોજ અમો નવસારી ટાઉન પો.સ્ટે માં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા દરમ્યાન

પી.એસ.ઓ. તરફથી નવસારી ટાઉન પો.સ્ટે. ફસ્ટ ગુના રજી. નં. ૬૭/૨૦૧૨, ઇ. પી. કો. કલમ ૪૬૩, ૪૬૫, ૪૬૮ તેમજ ૪૭૧ વિગેરે મુજબનો ગુનો દાખલ કરી એફ.આઇ.આર.ની નકલ તેમજ તેની સાથે ફરિયાદીએ આપેલ અરજીની નકલ અમોને તપાસ માટે ડેપ્યુટ હુકમ સાથે આપેલ સદર હુકમ આજરોજ રજુ કરું છુ જેને રજુ દાખલ **આંક–૬૧** આપવામાં આવે છે. સદર ગુનાના કામે મે તા.૦૧ ૦૬/ ૨૦૧૨ ના રોજ ફરિયાદીની ઓફીસ એટલે કે, જીલ્લા સેવા સદન, ચીટનીશ બ્રાંચમાં મહેકમ શાખામાં જઈ ફરિયાદીને મળેલા અને ફરિયાદીએ અમારી પાસે બોગસ દસ્તાવેજો રજુ કરેલ હોવાથી જે પંચ સુખદેવભાઈ દુબળભાઈ તેમજ પ્રભાતગીરી પ્રેમગીરીનાઓની રુબરુ માર્ક–ડી આપી કલાક ૧૭:૦૦ થી ૧૭:૩૦ સુધીનું પંચનામુ કરી લઇ કબજે કરવામાં આવેલ હતુ. જે પંચનામુ આ કામે આંક–૪૩ થી રજુ છે તે જ છે તેમાં પંચો તથા રુબરુમાં મારી સહી છે તેમાં સહી ઓળખી બતાવુ છુ. મને આંક–૪૪ થી રજુ સંયુક્ત સચિવ આઇ. એ. એસ. દ્વારા નિમણૂક પત્ર મુખ્ય કલેક્ટરશ્રી, નવસારીને લખેલ તે અસલ ફરિયાદીએ રજુ કરેલ તે જ છે. ત્યારબાદ ફરિયાદી ઉષાબેનનું વધારાનું નિવેદન લીધેલ અને તેમની સાથે નોકરી કરતા ગુલનાઝબેન શબ્બીર હુસેનનું નિવેદન નોંધવામાં આવેલ અને તેમના નિવેદનમાં નોંધવામાં આવેલ કે જે કોઇ પત્ર આવે બહારથી તે હું અમારા ઉપરી અધિકારી પાસે રજુ કરુ છુ આ અંગે તેઓનું વિગતવારનું નિવેદન લખવામાં આવેલુ અને ઉષાબેનનાએ ફરિયાદમાં જે હકીકત જણાવેલ તેને સમર્થન આપતા લખાવતા લખી લીધેલ. ત્યારબાદ નરેશભાઈ સોમાભાઈ પટેલ કે જેઓ ઓફીસમાં રજીસ્ટ્રી ક્લાર્ક તરીકે ફરજ બજાવે છે તેઓનું નિવેદન નોંધવામાં આવેલ અને આ પત્ર તેઓએ જે રજીસ્ટરમાં નોંધણી કરેલ તે ઇન્વર્ડ રજી.નો પ્રમાણીત ઉતારો મેળવી અને અમોએ તે ઉતારો મેળવેલ છે જે આ કામે રજુ કરુ છુ જેને રજુ દાખલ **આંક–૬૨** આપવામાં આવે છે.

વધુમાં ત.ક.અ.શ્રી જણાવે છે કે, સદર નકલ મેળવેલ તે બાબતમાં તેઓને અમોએ પહોંચ લખી આપેલ હતી ત્યારબાદ અમોએ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર આ કામની તપાસમાં ગયેલ અને ત્યાં જઈ ત્યાંના નાયબ સચિવ સાહેબ પ્રવિણભાઈ ઉમંગભાઈ ઠક્કર સાહેબનાઓને મળી ફરિયાદીની ફરિયાદ વિગતે વાત કરી તેઓનું નિવેદન નોંધેલ હતુ અને તેઓએ તેઓના નિવેદનમાં જણાવેલ કે, અત્રેથી જે રેવેન્યુ તલાટીની ભરતીની પ્રક્રિયા થઈ જાય ત્યારબાદ અત્રેથી કોઈ નિમણૂક કરવામાં આવતી નથી અને અમોએ જે તે જીલ્લાને જેટલાની ભલામણ કરેલ હોય તેની વિગત મોકલી આપીએ છીએ અને અમોએ કબજે કરેલ લેટર તેઓને બતાવતા તેઓએ જણાવેલ કે, આવો કોઈ લેટર અત્રેથી ઈસ્યુ કરવામાં આવેલ નથી કે જેમાં જે સહી છે તે નામના કોઇ અધિકારી અત્રેની ઓફીસમાં ફરજ બજાવતા નથી વિગેરે મતલબનું નિવેદન લેવામાં આવેલુ અને તેઓ સાહેબ તરફથી જે કાગળો આવેલા તે તમામ કાગળો તપાસના કામમાં સામેલ રાખેલ હતા કે કાગળો વેન્યુ તલાટી વર્ગ–૩ ની ભરતી બાબતની જાહેરાત ક્રમાંક ૦૪/ ૨૦૦૯ ની સાથે ગર્વમેન્ટ ઓફ ગુજરાતનું જે ગેઝેટ બહાર પાડવામાં આવેલ તેની નકલ તથા તેની સાથે જેટલા પસંદ થયેલા ઉમેદવારોનું લીસ્ટ અમાને આપેલ તે આ કામે રજુ કરુ છુ જેને વાંધા સાથે સંયુક્ત રજુ દાખલ **આંક–૬૩** આપવામાં આવે છે. ત્યારબાદ આ કામના આરોપી વિનોદ લહુભાઈ તથા મહેન્દ્ર સાહેબરાવ પાટીલનાઓની તપાસ તેઓના ઘરના સરનામે કરતા તેઓ તા. ૦૮/૧૦/૨૦૧૨ ના મળી આવતા તેઓને પંચોની રુબરુમાં ધોરણસર અટક કરી અને અટક કર્યા અંગેની જાણ તેઓના પરિવારને કરવામાં આવેલ અને પો.સ્ટે. માં ચહેરા નિશાન પત્રક તથા ફોટો ફીંગરપ્રિન્ટ લેવડાવી અને તપાસ ચાલુ રાખેલ અને તપાસ દરમ્યાન કસ્ટરડીનો સમય પુર્ણ થતા નામદાર કોર્ટમાં રજુ કરેલ. સદર બંન્ને આરોપીઓએ તેમના રીમાન્ડ દરમ્યાન તેઓએ કોના મારફતે અને કેવી રીતે આ લેટર અંગેની માહિતી પુછતા જણાવેલ કે, હું સીટીમાં સુર્યા ગેસ્ટ હાઉસ પાસે ઉભેલ હતો ત્યારે રિતેશ વાઘેલા નામનો વ્યક્તિ મને મળેલો અને તેઓએ અમોને વાત કરેલ અને અમોએ રેવેન્યુ તલાટી વર્ગ–૩ ની પરિક્ષા

આપેલ હોય તેથી તેઓના કહેવા મુજબ આ લેટર અમોને મળેલા હોવાનું તપાસ દરમ્યાન જણાવેલ જેથી હોટેલ સુર્યા જે સુરત ખાતે આવેલ છે ત્યાં જઇ તપાસ કરતા રિતેશ વાઘેલા આ લોકોએ જણાવેલ તારીખોમાં આવતો હોય તેથી ત્યાં હોટલના મેનેજરશ્રી જતીન ધિરજલાલ દવેને મળી અને તેઓને પુછપરછ કરતા રિતેશ વાઘેલા ત્યાં રોકાયેલ હોવાનું જણાવેલ જેથી હોટલના રજીસ્ટરનો જરુર પુરતો ઉતારો તથા જે તે વખતે તેણે જે ડોક્યુમેન્ટ રજુ કરેલ તેના ડ્રાઇવિંગ લાયસેન્સની નકલો રજુ કરતા તે નિવેદનમાં અમોએ સાથે લીધેલ. જે રજીસ્ટરના ઉતારાની ઝેરોક્ષ નકલ તેમજ ડ્રાઇવિંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ વાંધા સાથે અનુક્રમે રજુ દાખલ અનુક્રમે આંક–૬૪–૬૫ આપવામાં આવે છે.

વધુમાં ત.ક.અ.શ્રી જણાવે છે કે, ત્યારબાદ આ કામના બંન્ને આરોપીઓને જે રેવેન્યુ તલાટી વર્ગ–૩ ના હુકમ મળેલા તે અસલ કવર સાથે અમારી પાસે રજુ કરતા બે પંચોની રુબરુમાં જે કબજે કરી લઇ તા. ૦૮/૧૦/૨૦૧૧ ના કલાક ૧૮:૩૦ થી ૧૯:૩૦ દરમ્યાન વિગતવારનું પંચનામુ કરી કબજે કરવામાં આવેલ જે પંચનામુ આ કામે આંક–૪૧ થી રજુ છે તે જ છે. જે આ કામે આંક–૫૦ થી રજુ છે તે નિમણૂક પત્ર છે જે પાટીલ મહેન્દ્ર સાહેબરાવના નામનો છે જે ઓળખી બતાવુ છુ. જેમાં તેઓનો ફોટો છે તેના ઉપર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગરનો સિક્કો છે અને કચેરી અગ્ર અધિકારીશ્રી લખેલ છે ત્યાં એસ.એમ.ત્રિવેદી તા.૧૦/૦૨/૨૦૧૨ લખી સહી કરેલ છે, આ કામે આંક–૫૧ થી રજુ છે તે નિમણૂક પત્ર છે જે વિનોદકુમાર લઘુભાઈ પાન પાટીલના નામનો છે જે ઓળખી બતાવુ છુ. જેમાં તેઓનો ફોટો છે તેના ઉપર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગરનો સિક્કો છે અને કચેરી અગ્ર અધિકારીશ્રી લખેલ છે ત્યાં એસ.એમ.ત્રિવેદી તા.૧૦/૦૨/૨૦૧૨ લખી સહી કરેલ છે. આંક–૫૪ થી રજુ જાહેરાત ક્રમાંક ૦૪/૨૦૦૯ રેવેન્યુ તલાટી વર્ગ–૩ ની પરિક્ષા(પરિણામ બાબતે લખેલ પત્ર જે વિનોદ લહુભાઈ પાન પાટીલ રહે. પ્લોટ નં. ૧૪૪ ઓમ સાઈ નગર સોસાયટી

હરિનગર–૨ વિજય નગર સામે ઉધના ચોર્યાસી જીલ્લો સુરતનો કચેરી નિરીક્ષક ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના હોદા ઉપર જે અવાચ્ય સહી છે. આંક – ૫૫ થી રજુ જાહેરાત ક્રમાંક ૦૪/૨૦૦૯ રેવેન્યુ તલાટી વર્ગ–૩ ની બેઠક કેટેગરીનો પરિણામ બાબતે લખેલ પત્ર જે વિનોદ લોકુભાઈ પાન પાટીલ રહે. પ્લોટ નં. ૧૪૪ ઓમ સાઇ નગર સોસાયટી હરિનગર–૨ વિજય નગર સામે ઉધના ચોર્યાસી જીલ્લો સુરતનો કચેરી નિરીક્ષક ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના હોદા ઉપર જે અવાચ્ય સહી છે. સદરહું પત્રમાં જણાવેલ કે, તમો પાસ થયેલ હોય અને નિમણૂક માટે આપના પુરાવા સ્કુલ લિવિંગ સર્ટી. ઈશ્વરભાઈ ગુલાબભાઈ દેસાઇ વિધાલય સુરત ખાતેથી જનરલ રજી. નં. ૯૬૧, તા.૦૯/૦૬/૨૦૦૧ ના ગુજરાત સરકાર ધ્વારા જાતિ અંગેનું પ્રમાણપત્ર નંબર ૧૮૦૨, તા.૦૧/૦૭/૧૯૯૯ થી આપેલ છે જન્મ તા.૨૭/૦૧/૧૯૮૧ છે વિગેરે પુરાવા ચકાસણી અર્થે ઉત્તીર્ણ થયેલ છે અને આ અંગે તા.૦૩/૦૨/૨૦૧૨ ના રોજ અસલ પુરાવા સાથે અત્રેની કચેરીથી પત્ર ધ્વારા જાણ કરવામાં આવશે આ સમગ્ર પ્રક્રિયા આપશ્રીની નિમણુક થવાને યોગ્ય હોય જેની નોંધ લેશો વિગેરે લખેલ અને કચેરી અધિક નિરીક્ષક, ગૌણ સેવા પસંદગી ગાંધીનગરના હોદા ઉપર અવાચ્ય અંગ્રેજીમાં સહી કરેલ છે. ત્યારબાદ સદરહું રિતેશ વાઘેલાનો મોબાઇલ નંબર મળી આવતા તેનો કોલ ડીટેઇલ કઢાવેલ અને સાથોસાથ તેની પણ તપાસ કરવામાં આવેલી અને આ દરમ્યાન આરોપીને નામદાર કોર્ટની કસ્ટડીમાં મોકલવા તજવીજ કરેલ. આ ગુનાના કામે એકંદરે તપાસ પુર્ણ થયેલ હોય અને ગૌણ સેવા પસંદગી મંડળ તરફથી અમોએ માંગેલ માહિતી તેઓ તરફથી અમોને મોકલેલ જેમાં જેટલા ઉમેદવારો પસંદ પામેલ તેની માહિતી અને આ કામના આરોપીઓએ જે ઓન લાઇન ફોર્મ ભરેલ તેની માહિતીના કાગળો અત્રેને મોકલતા જે તપાસમાં સામેલ રાખેલ હતા. ગાંધીનગર ગૌણ સેવા પસંદગી તરફથી કોઈ જ નિમણુક પત્ર ઈશ્યુ થયેલ ન હોવા છતા આ કામના આરોપીઓએ બનાવટી અને બનાવટી નિમણૂક પત્ર બનાવડાવી અને તેનો ખરા તરીકે ઉપયોગ

થયેલાનું અમારી તપાસમાં જણાઇ આવતા આ કામે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવાના આધારે ચાર્જશીટ રજુ કરેલ હતી. આરોપીઓ કોર્ટમાં હાજર છે તે જ છે.

સદર ત.ક.અ.શ્રી આરોપી તર્ફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, મને સદર ગુનાની જે તપાસ સોંપવામાં આવેલ તેનો મે અભ્યાસ કરેલ હતો. એ વાત ખરી છે કે, ઇ. પી. કો. કલમ–૪૬૩ હેઠળ કોઈ ગુનો બનતો નથી કારણે ફક્ત વ્યાખ્યા છે. એ વાત ખરી નથી કે, ઇ. પી. કો. કલમ–૪૬૩ મુજબનું જે ચાર્જશીટ કરેલ છે તે ખોટુ છે. એ વાત ખરી છે કે, મને સદર ગુનાની તપાસ સાથે એફ.આઇ.આર. મળતા મે આ કામે સાહેદોના નિવેદનો લઇ ચાર્જશીટ દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે, એફ.આઇ.આર. ત્રણ માસ મોડી નોંધવામાં આવેલ હતી. એ વાત ખરી છે કે, ફરિયાદીએ આપેલ લેખીત અરજીના મુજબ હુબહું એફ.આઇ.આર. નોંધવામાં આવેલ હતી. સાહેદ જાતે જણાવે છે કે, ફરિયાદીનું બીજા દિવસે વિશેષ નિવેદન પણ નોંધવામાં આવેલ હતુ. ફરિયાદીનું વિશેષ નિવેદન નોંધવા ગયેલ ત્યારે સાથે મારા રાઇટર પણ હાજર હતા. એ વાત ખરી છે કે, ફરિયાદી કલેક્ટર કચેરીમાં નોકરી કરે છે અને તે જાહેર કચેરી છે. એ વાત ખરી છે કે, સદર કચેરીએ રોજબરોજ ઘણા લોકો આવતા હોય છે. એ વાત ખરી છે કે, સદર કલેક્ટર કચેરીએથી જ્યારે પંચોની જરૂર હોય તો આસાનીથી મને પંચો મળી રહે. એ વાત ખરી નથી કે, ફરિયાદી પાસેથી જે લેટરો કબજે કર્યાનું પંચનામુ કરેલ છે તે પંચો અમો પોલીસે બોલાવેલ હતા. હવે કહું છુ કે, પંચોને અમોએ બોલાવેલ હતા. એ વાત ખરી નથી કે, પંચોને જ્યારે જરૂર પડે ત્યારે બોલાવવામાં આવે છે કારણ કે, તે અમારા કાયમી પંચો છે. એ વાત ખરી છે કે, સદર ગુનાના કામના પંચો અમારા પોલીસ સ્ટે. ના ઘણા ગુનાના કામે પંચો તરીકે રહેલ છે. એ વાત ખરી છે કે, આંક–૪૩ થી રજુ પંચનામુ જોતા પત્રો કબજે કરેલ તે કઈ વ્યક્તિની બાબતમાં છે તેના કોઈ નામો જણાવેલ નથી. સદર બે પંચનામા પૈકી આંક–૪૩ થી રજુ પંચનામુ મારા અક્ષરોમાં છે અને તેમજ બીજા બે પંચનામા મારા રાઇટર ધ્વારા તૈયાર કરવામાં

આવેલ છે તે જ છે. એ વાત ખરી નથી કે, પંચનામા મે પોલીસ સ્ટે. માં તૈયાર કરવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે, તૈયાર પંચનામામાં બાદમાં પંચોની પોલીસ સ્ટે. માં સહી લેવામાં આવેલ હતી. એ વાત ખરી છે કે, ફરિયાદી પાસેથી કબજે કરેલ લેટરો અંગેનું આંક–૪૩ થી રજુ પંચનામા મુજબ જે લેટર કબજે કરેલ છે તે મુદામાલ ઉપર કોઈ પંચોની સહીવાળી કાપલી લગાવવામાં આવેલ ન હતી. એ વાત ખરી છે કે, તેને કોઈ નિશાની પણ આપવામાં આવેલ નથી. આંક–૫૦, ૫૧, ૫૪ અને ૫૫ વાળા પત્રો આરોપીને અટક કર્યા તે પહેલા કબજે લીધેલ હતા પરંતુ ચોક્કસ યાદ નથી કે, ક્યારે કબજે કરેલ હતા. એ વાત ખરી નથી કે, આરોપીઓને ક્યાથી અને કઈ તારીખે અને કેટલા વાગ્યે અટક કરેલ હતા તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, મે આ કામે આરોપીઓનું અટક પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓને પોલીસ સ્ટે. માં લાવ્યા બાદ અટક કરવામાં આવેલ હોવાનું પંચનામુ છે. એ વાત ખરી છે કે, આંક–૩૮ થી રજુ શરીર સ્થિતિનું પંચનામુ જે આરોપીઓને અટક કર્યા બાદ પોલીસ સ્ટે. માં લાવ્યા બાદ પોલીસ સ્ટે. માં પંચોને બોલાવી કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, આરોપીઓનું જે જગ્યાએ જે તારીખે અને જે સમયે અટક કર્યા તે તારીખ તે જગ્યા અને તે સમય કોઈ અટક પંચનામુ કે કોઈ જડતી પંચનામુ કરેલ નથી. એ વાતની મને ખબર છે કે, આરોપીઓનું ઝડતી અને અટક અંગેનુ પંચનામુ કરવુ પડે. એ વાત ખરી નથી કે, આરોપીઓ પાસેથી લેટરો કબજે કર્યા અંગેનુ જે પંચનામુ છે તે મે આરોપીઓને મે અટક કર્યા બાદ આરોપીઓ મારી કસ્ટડીમાં હતા ત્યારબાદનું પંચનામુ છે. સાહેદ જાતે જણાવે છે કે, સદર પંચનામુ આરોપીઓને અટક કર્યા તે પહેલાનું પંચનામુ છે. એ વાત ખરી નથી કે, આંક–૫૦, ૫૧, ૫૪, અને ૫૫ વાળા લેટર આરોપીઓ પાસેથી લેટરો કબજે કર્યાનું પંચનામુ મે આરોપીઓને અટક કર્યા બાદ પોલીસ સ્ટે. માં જ મારી રીતે તૈયાર કરી પંચોને બોલાવી સહીઓ કરાવેલ છે. એ વાત ખરી નથી કે, આવા કોઇ લેટરો આરોપીઓ પાસેથી કબજે લીધેલ નથી. એ વાત ખરી છે

કે, આરોપીઓ પાસેથી કબજે કરેલ કહેવાતા લેટરો કઈ જગ્યાએથી, ક્યાંથી આરોપીઓએ મને બતાવેલ હોય પંચોની હાજરીમાં તેની શોધ કરીને મેળવ્યા હોય અને તે કેવી રીતે મેળવ્યા હોય તે અંગેનો કોઇ ખુલાસો કે વિગત મારા ચાર્જશીટમાં નથી. સાહેદ જાતે જણાવે છે કે, આરોપી જ્યારે અટક કર્યા ત્યારે અમારી પાસે પંચો રુબરુમાં લેટર જે રજુ કરેલા તે પંચનામાની વિગતે પોલીસ સ્ટે. માં કબજે કરેલ હતા. એ વાત ખરી છે કે, સદર આંક–૫૦, ૫૧, ૫૪ તથા ૫૫ વાળા લેટરો મે પંચો આગળ રજુ કરેલા. એ વાત ખરી નથી કે, આવા કોઈ લેટરો મે પંચો રુબરુ આરોપીઓ પાસેથી કબજે કરેલ નથી. મને આંક–૩૮ થી રજુ આરોપીઓનું શરીર સ્થિતિનું પંચનામુ કરેલ તેમાં કોઈ તારીખ લખેલ નથી. એ વાત ખરી નથી કે, આવા કહેવાતા આરોપીઓ પાસેથી કબજે કરેલ હોવાનું ખોટુ પંચનામુ કરી આરોપીઓ વિરુધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી છે કે, <u>ફરિયાદીના કહેવા મુજબ ફરિયાદી પાસે કોઇ ઇસમો આવી નિમણૂક અંગેના ઝેરોક્ષ નકલો રજુ કરે છે તે મે ફરિયાદી પાસેથી તે નકલો મેળવી હોય અને પંચનામાની વિગતે મેળવી હોય તેવુ બનેલ નથી</u>. એ વાત ખરી છે કે, <u>મે સદર ગુનાના કામે આરોપીઓની કોઇ ઓળખ પરેડ પણ કરાવેલ નથી</u>. એ વાત ખરી છે કે, <u>ફરિયાદીની લેખીત ફરિયાદમાં છ વ્યક્તિઓ હાજર થવા આવેલા તેનો નામ સાથે ઉલ્લેખ છે</u>. મારા કહેવા મુજબ ગૌણ સેવા પસંદગી મડળ તરફથી આવેલ લેટર બાબતેનો તેમાં ઉલ્લેખ કરેલ છે. એ વાત ખરી છે કે, <u>ફરિયાદમાં છ વ્યક્તિઓનો ઉલ્લેખ હોવા છતા ફરિયાદ માત્ર બે જ વ્યક્તિઓ ઉપર કરવામાં આવેલ છે</u>. એ વાત ખરી છે કે, <u>ફરિયાદીની લેખીત ફરિયાદમાં છ વ્યક્તિઓના નામ છે જેમાં હાલના આરોપીઓ સિવાય બાકીના ચાર વ્યક્તિઓને આ કામે આરોપી તરીકે જોડેલ નથી કે તેઓને સાહેદ તરીકે કોઇ નિવેદન પણ લેવામાં આવેલ નથી</u>. એ વાત ખરી છે કે, હાલના આરોપી સિવાય અન્ય જે ચાર વ્યક્તિઓના નામ લેખીત ફરિયાદમાં દર્શાવેલ છે તેઓને આરોપીઓ તરીકે જોડવા પડે અથવા તો મહત્વના સાક્ષી તરીકે તેઓની તપાસ કરી તેઓના નિવેદનો લેવા પડે તેની મને ખબર

છે. એ વાત ખરી છે કે, આ ચાર વ્યક્તિઓના બાબતે મે કોઇ તપાસ કરેલ નથી તેમજ તેઓની તપાસ કરી તેમની પાસે પણ ઉપરોક્ત જણાવ્યા મુજબના ચાર લેટરો આવેલ છે કે કેમ તે બાબતે પણ મેં કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે, આવા પ્રકારના ગુનાઓ પણ સુરત જેવી સીટીમાં પણ બનેલ છે તેવુ મારી તપાસમાં ખુલેલ હતુ. એ વાત ખરી છે કે, આ તમામ લેટરો બાય પોસ્ટથી આવેલ છે. એ વાત ખરી છે કે, કહેવાતા લેટરો કોણે બનાવ્યા, કઈ રીતે બનાવ્યા, ક્યાંથી બનાવ્યા કોણે પોસ્ટ કરેલા તે અંગેનો કોઈ ખુલાસો મારી ચાર્જશીટમાં નથી. પ્રશ્નઃ કહેવાતા લેટર ઉપરના અક્ષરો કે સહીઓની સરખામણી માટે કે તપાસ માટે મે કોઈના અક્ષરો મેળવ્યા હોય અને સહીઓના નમુના લીધેલ હોય અને તે અંગે હેન્ડરાઈટીંગ એક્ષપર્ટ પાસે તપાસ કરાવેલ હોય તેવુ બનેલ નથી. જવાબ : મારા કહેવા મુજબ જે બોગસ કોલ લેટર છે તેમાં કોણે સહી કરેલ છે તે સહી કરનાર વ્યક્તિ અથવા તેનું નામ મળી આવેથી બોગસ લેટરના અક્ષરો અને તેના સહીના નમુના લઈ એફ. એસ. એલ. માં હસ્તાક્ષર નિષ્ણાંતમાં મોકલવાના હોય છે અને આ કામે કહેવાતા કોલ લેટર મોકલનાર રીતેષ વાઘેલા અમારી તપાસ દરમ્યાન મળી આવેલ ન હોય તેઓના વિરુધ્ધનું સી. આર. પી. સી. કલમ–૭૦ મુજબનું વોરંટ કઢાવી તેને નાશતો ફરતો જાહેર કરેલ.

વધુમાં ત.ક.અ.શ્રી ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, કહેવાતા લેટરો જેવા કાયદેસર રીતે લેટરો બનાવવા અને મોકલવા માટે અધિકૃત વ્યક્તિઓ કોઈ અક્ષરો કે સહીના નમુના મેળવી મે કહેવાતા લેટરો સાથે કોઇ ચકાસણી કરાવી હસ્તાક્ષર નિષ્ણાતને મોકલાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતા લેટરો બનાવવા માટે તેવી પ્રોસીજરના જાણકાર વ્યક્તિ હોવો જોઈએ. એ વાત ખરી છે કે, જો કોઈ વ્યક્તિ ઉપર પોસ્ટ મારફતે આવા કોઇ લેટરો આવે તો તેટલા માત્રથી આવો કોઈ ગુનો તેણે કરેલ છે તેવુ કહી શકાય નહીં. એ વાત ખરી છે કે, ઉપરોક્ત આંક–૫૦, ૫૧, ૫૪ તથા ૫૫ વાળા લેટરો પોસ્ટ મારફતે આવેલ. એ વાત ખરી

છે કે, <u>નાયબ સચિવ પાસેથી જે દસ્તાવેજો મંગાવેલ તેનું કોઇ પંચનામુ મે કરેલ ન હતુ</u>. એ વાત ખરી છે કે, નાયબ સચિવ પ્રવિણભાઈ ઠક્કર પાસેથી દસ્તાવેજો મેળવવા બાબત કે તે અંગેની કોઇ કાર્યરીતી બાબત કોઇ ઉલ્લેખ તેમના નિવેદનમાં કરેલ નથી. સાહેદ જાતે જણાવે છે કે, ફક્ત મે માંગણી કરેલ હતી અને રુબરુ હું નાયબ સચિવનું નિવેદન લેવા ગયેલ ત્યારે માહિતી માટે અમોએ ગૌણ સેવા પસંદગી મંડળને રુબરુ લેટર આપેલો અને આ માહિતી પાછળથી આવતા તેઓ શ્રીના નિવેદનમાં માહિતીનો કોઇ ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે, નાયબ સચિવ પ્રવિણભાઇ ઠક્કરનાઓ પાસે અમોએ દસ્તાવેજોની માંગણી કરતો પત્ર અને તેના આધારે તેઓએ પોસ્ટ મારફત અમોને મોકલેલ દસ્તાવેજ ચાર્જશીટ સાથે નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી. સાહેદ જાતે જણાવે છે કે, સદર કાગળો અમે એ. પી. પી. સાહેબશ્રીના કેસ કાગળોની અંદર આપેલ. એ વાત ખરી છે કે, એ હું જાણુ છુ કે, મે જે એ. પી. પી. શ્રી સાહેબના કેસ કાગળોમાં જે દસ્તાવેજો રજુ કરેલ તે નામદાર કોર્ટમાં ચાર્જશીટ સાથે પણ મારે રજુ કરવા પડે. એ વાત ખરી છે કે, નાયબ સચિવ પ્રવિણભાઈ ઠક્કરનાઓએ અમોને જે દસ્તાવેજો પોસ્ટ મારફતે મોકલેલ તેના અનુસંધાને પોસ્ટ મારફતે આવેલ હોવા અંગેનો કોઈ આધારભુત દસ્તાવેજ ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૬૮ થી આંક–૭૦ સુધીના દસ્તાવેજો નામદાર કોર્ટમાં મારી સરતપાસ દરમ્યાન રજુ કરવામાં આવેલ છે. પ્રશ્ન : <u>આંક–૬૮ થી આંક–૭૦ સુધીના દસ્તાવેજી પુરાવા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરતા સમયે રજુ ન કરવાનું કોઇ ખાસ કારણ ખરુ? જવાબ: સદરહું કાગળો જે તે વખતે એ.પી.પી. સાહેબશ્રીની ફાઇલમાં રજુ કરેલા અને નામદાર કોર્ટમાં ચાર્જશીટ સાથે રજુ કરવા અંગે શરતચુકથી રહી ગયા</u> હશે. એ વાત ખરી નથી કે, કલેક્ટરશ્રીનો હુકમ હોવાથી મે નામદાર કોર્ટમાં આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ રજુ કરેલ હતુ. એ વાત ખરી નથી કે, કહેવાતા કોઇ દસ્તાવેજો આરોપી પાસેથી કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે, મે બનાવટી પંચનામા બનાવેલ છે. એ વાત ખરી નથી

કે, મે તૈયાર પંચનામામાં પંચોની બાદમાં સહી લઈ તૈયાર કરેલ છે. એ વાત ખરી નથી કે, આ કામે મે માત્ર ફોર્મલ નિવેદનો લઈ નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે, આરોપીઓ વિરુધ્ધ કોઈ ગુનો બનતો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૧૬) હાલના કેસમાં ફરિયાદ પક્ષે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧ તથા ૧૧૪ મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે. સદર કલમો મુજબના આવશ્યક તત્વો બાબતે **ના. સર્વોચ્ચ અદાલતે Mohammed Ibrahim and others v/s. State of Bihar and another, reported in** 2010(1) **GLH** 184 ના ચુકાદામાં વિગતવાર છણાવટ કરેલ છે,

11. Section 470 defines a forged document as a false document made by forgery. The term "forgery" used in these two sections is defined in section **463. Whoever makes any false documents with intent to cause damage or injury to the public or to any person, or to support any claim or title, or to cause any person to part with property, or to enter into express or implied contract, or with intent to commit fraud or that the fraud may be committed, commits forgery.**

12. Section 464 defining "making a false document" is extracted below : "**464. Making a false document. A person is said to make a false document or false electronic record.** **First.Who dishonestly or fraudulently** -(a) makes, signs, seals or executes a document or part of a document; (b) makes or transmits any

electronic record or part of any electronic record; (c) affixes any digital signature on any electronic record; (d) makes any mark denoting the execution of a document or the authenticity of the digital signature, with the intention of causing it to be believed that such document or a part of document, electronic record or digital signature was made, signed, sealed, executed, transmitted or affixed by or by the authority of a person by whom or by whose authority he knows that it was not made, signed, sealed, executed or affixed; or **Secondly. Who, without lawful authority, dishonestly or fraudulently, by cancellation or otherwise, alters a document or an electronic record in any material part thereof, after it has been made, executed or affixed with digital signature either by himself or by any other person, whether such person be living or dead at the time of such alternation; or** Thirdly. Who dishonestly or fraudulently causes any person to sign, seal, execute or alter a document or an electronic record or to affix his digital signature on any electronic record knowing that such person by reason of unsoundness of mind or intoxication cannot, or that by reason of deception practised upon him, he does not know the contents of the document or electronic record or the nature of the alteration. Explanation 1- A man's signature of

his own name may amount to forgery. Explanation 2- The making of a false document in the name of a fictitious person, intending it to be believed that the document was made by a real person, or in the name of a deceased person, intending it to be believed that the document was made by the person in his lifetime, may amount to forgery. [Note: The words `digital signature' wherever it occurs were substituted by the words `electronic signature' by Amendment Act 10 of 2009].

**13. The condition precedent for an offence under sections 467 and 471 is forgery. The condition precedent for forgery is making a false document (or false electronic record or part thereof).** This case does not relate to any false electronic record. Therefore, the question is whether the first accused, in executing and registering the two sale deeds purporting to sell a property (even if it is assumed that it did not belong to him), can be said to have made and executed false documents, in collusion with the other accused.

14. An analysis of section 464 of Penal Code shows that it divides false documents into three categories: **1.The first is where a person dishonestly or fraudulently makes or executes a document with the intention of causing it to be believed that such document was made or executed by some**

**other person, or by the authority of some other person, by whom or by whose authority he knows it was not made or executed. 2. The second** is where a person dishonestly or fraudulently, by cancellation or otherwise, alters a document in any material part, without lawful authority, after it has been made or executed by either himself or any other person. **3.The third** is where a person dishonestly or fraudulently causes any person to sign, execute or alter a document knowing that such person could not by reason of (a) unsoundness of mind; or (b) intoxication; or (c) deception practised upon him, know the contents of the document or the nature of the alteration. **In short, a person is said to have made a `false document', if** (i) he made or executed a document claiming to be someone else or authorised by someone else; or (ii) he altered or tampered a document; or (iii) he obtained a document by practicing deception, or from a person not in control of his senses.

ના.સર્વોચ્ચ અદાલતે ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૬૮ તથા ૪૭૧ મુજબનો ગુનો બનવા માટે કલમ–૪૬૩ તથા ૪૬૪ માં આપેલ વ્યાખ્યા મુજબ ખોટો દસ્તાવેજ બનાવેલ હોવાનુ રેકર્ડ ઉપર પુરવાર થવુ જોઇએ. વિશેષમાં, કલમ–૪૬૪ મુજબ ખોટો દસ્તાવેજ બનાવેલ હોવાનુ સદર કલમમાં જણાવેલ ત્રણ સંજોગોમાં કહી શકાય તેવુ પણ અવલોન કરેલ છે. જે પૈકી હાલના કેસમાં પ્રથમ નંબરનો સંજોગ ધ્યાને લેવાપાત્ર બને છે કારણ કે ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીઓએ તકરારી દસ્તાવેજ

વાદગ્રસ્ત નીમણુંકપત્ર સક્ષમ ઓથોરિટીએ ઇશ્યુ કરેલ ન હોવાનુ જાણતા હોવા છતાં તેવો દસ્તાવેજ સરકારી કચેરીમાં ગેરકાયદેસર લાભ મેળવવાના ઈરાદાથી રજુ કરેલ હોવાના આક્ષેપ આરોપીઓ સામે છે. જેથી, ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લઇ ફરીયાદ પક્ષના પુરાવાનુ મુલ્યાંકન કરતા ભારતીય પુરાવા અધિનિયમ મુજબ સાક્ષીની સંખ્યા નહી પરંતુ સાક્ષીના પુરાવાની ગુણવતા મહત્વની છે અને તે અનુસાર પુરાવાનુ મુલ્યાંકન કરવુ જરૂરી બને છે. જો એક સાક્ષીનો પુરાવો પણ નિ:શંકપણે ફરીયાદ પક્ષનો કેસ પુરવાર કરી શકે તે પ્રકારનો હોય તો તેને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે. હાલના કેસમાં પણ ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુદ્ધ આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદી તથા સાહેદોને તપાસેલ છે.તે સંજોગોમાં ફરીયાદ પક્ષના કેસને પુરાવાની એરણ પર તકેદારીપુર્વક ચકાસવાની જરૂર બને છે. જેથી તેમના પુરાવાની ગુણવતા ચકાસી આરોપીઓને રેકર્ડ ઉપરના પુરાવા આધારે તકસીરવાન ઠરાવી શકાય તેમ છે કે કેમ તે નિર્ણિત કરી શકાય. જે સબબ ગુનાના કામે આવશ્યક તત્વોના સંદર્ભે ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, હાલના કેસમાં ફરીયાદ પક્ષનો કેસ છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર તરફથી સને-૨૦૦૯ માં રેવન્યુ તલાટી વર્ગ-૩ ની પરીક્ષા લેવામાં આવેલ, જે પરીક્ષામાં આ આરોપીઓ મેરીટમાં ન હોવા છતાં નહી પકડાયેલ આરોપી નં. ૩ સાથે મળી તલાટી વર્ગ-૩ નો નિમણૂંકનો બોગસ અને બનાવટી નિમણૂંક પત્ર તૈયાર કરી ખોટા સહી સિક્કા કરી આરોપી નં.૧ તથા ૨ નાઓએ ઠગાઈ

કરવાના ઈરાદાથી સદરહુ નિમણૂંક પત્ર ખોટો હોવાનું જાણતા હોવા છતાં કલેકટર કચેરી નવસારી ખાતે હાજર થવા જઈ રજૂ કરેલ અને તે રીતે આક્ષેપિત ગુનો કરેલ છે.

(૧૭) ફરિયાદ પક્ષના કેસના અનુસંધાને ફરિયાદ પક્ષના સૌથી મહત્વના સાહેદ આ કામના ફરિયાદી ઉષાબેન ગુણવંતરાય નાયક બને છે, જેમને ફરીયાદ પક્ષે આંક–૪૭ થી તપાસવામાં આવેલ છે, જેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં સને–૨૦૧૨ ના વર્ષમાં તેઓ નવસારી કલેકટર કચેરીમાં નાયબ મામલતદાર મહેકમ તરીકે ફરજ બજાવતા હતા, તે દરમ્યાન કલેકટરશ્રી નવસારીનાએ તા.૨૭–૫–૧૨ ના લેખિત હુકમથી રેવન્યુ તલાટી વર્ગ–૩ ના બોગસ નિમણૂંક પત્ર લઈ કલેકટર કચેરી નવસારીમાં હાજર થવા આવેલ વ્યકિતઓ સામે પોલીસ ફરિયાદ કરવા તેમને અધિકૃત કરેલ, ફરિયાદી ફરિયાદ હકીકતમાં જણાવે છે કે, ગૌણ સેવા મંડળ ગાંધીનગર ધ્વારા સને–૨૦૧૦ માં રેવન્યુ તલાટી વર્ગ–૩ તરીકેના ૩૨ ઉમેદવારોને નિમણૂંક આપી નવસારી કલેકટરશ્રીને ફાળવવામાં આવેલ, તે પૈકી ૨૪ ઉમેદવાર હાજર થયેલ અને બાકીના હાજર થયેલ ન હતા, ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૧૨ માં બે વ્યકિત એટલે કે હાલના આરોપીઓ ગૌણસેવા પસંદગી મંડળ ગાંધીનગરના નિમણૂંક પત્ર લઈ હાજર થવા આવેલ પરંતુ ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર ધ્વારા કલેટકટરશ્રી નવસારીને તલાટીની નિમણૂંક અંગેના ફાળવણી પત્ર મળેલ ન હોવાથી તેઓને હાજર કરવામાં આવેલ ન હતા, આરોપીઓએ રજૂ કરેલ નિમણૂંક પત્ર ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર તરફથી કલેકટરશ્રી નવસારીને સંબોધીને કોઈ નકલ માર્ક કરેલ ન હતા, રજૂ કરેલ પત્ર ફકત ઝેરોક્ષ નકલ હતી જે કોઈ ધ્વારા

અધિકૃત કે વેરીફિકેશન કર્યા વગરના હતા, સદરહુ બાબતે ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગરને કલેકટરશ્રી નવસારી ધ્વારા સદરહુ નિમણૂંક પત્ર અંગે ખરાઈ અર્થે તથા નિમણૂંક કરેલ છે કે કેમ તે બાબતે માર્ગદર્શન માંગવામાં આવેલ, જેમાં ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધી નગર તરફથી એકથી છ ઉમેદવારોના નિમણૂંક પત્ર મોકલવામાં આવેલ જેમાં આરોપીઓના નામ પણ હતા પરંતુ ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર તરફથી સ્પષ્ટ જણાવવામાં આવેલ કે, મહેસૂલ હસ્તક રેવન્યુ તલાટી વર્ગ–૩ ની ખાલી જગ્યાઓમાં ભરતી કરવા સબંધે ૪/૨૦૦૯ થી જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ જે અંગે પસંદગી પામેલ ઉમેદવારોની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ અને પસદંગી થયેલ ઉમેદવારોની નિમણૂંકની ભલામણ જિલ્લા કલેકટરશ્રી ઓને કરવામાં આવેલ હતી, કોઈ ઉમેદવારોની નિમણૂંકની ભલામણ અત્રેથી બાકીમાં નથી અને જે હુકમો નિમણૂંક અંગેના પત્રો અત્રેથી ઈસ્યુ કરવામાં આવેલ નથી જેથી તેઓને હાજર કરવાના રહેતા નથી. સદરહુ બે ઈસમો જે નિમણૂંક પત્રો લઈને આવેલા છે, તે બનાવટી છે તેવું જણાવેલ અને સદર ગુનાહિત અંગે કાર્યવાહી જણાવેલ, જેથી કલેકટર સાહેબના લેખિત હુકમના આધારે ફરિયાદીએ હાલના ગુનાની ફરિયાદ આપેલ. જે ફરિયાદ આંક–૪૮ થી રજૂ થયેલ છે. વધુમાં કલેકટરશ્રીનો લેખિત હુકમ આંક–૪૯ થી રજૂ થયેલ છે. વધુમાં ફરિયાદીની જુબાની દરમ્યાન આરોપી નં.૧ ના નામ જોગ રજૂ થયેલ આક્ષેપિત બનાવટી નિમણૂંક પત્ર આંક–૫૦ થી તથા આરોપી નં.૨ ના નામ જોગ રજૂ થયેલ આક્ષેપિત બનાવટી નિમણૂંક પત્ર આંક –૫૧ થી રજૂ થયેલ છે. વધુમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર તરફથી છ ઉમેદવારની વિગત દર્શાવતો વાદગ્રસ્ત નિમણૂંક

પત્ર આંક–૪૪ થી રજૂ થયેલ છે, વધુમાં કલેકટરશ્રી નવસારીનાઓ ધ્વારા તા.૨૨–૩–૧૨ ના રોજ વાદગ્રસ્ત નિમણૂંક પત્રમાં જણાવેલ છ ઉમેદવારોને નિમણૂંક આપવા બાબતે ખરાઈ કરવા અંગે લખેલ પત્ર આંક–પર થી રજૂ થયેલ છે, જે અંગે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર તરફથી તા.૩૧–૩–૧૨ ના રોજ કલેકટરશ્રી તમામ જિલ્લાઓને સંબોધીને લખેલ રેવન્યુ તલાટી ભરતી બાબતનો પત્ર જેમાં જાહેરાત ક્રમાંક ૪/૨૦૦૯ ની નિમણૂંકની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે હવેથી રેવન્યુ તલાટીની જગ્યા ઉપર અત્રેથી કોઈ નિમણૂંક અર્થે ભલામણ કરવાનું બાકી નથી તેવી વિગત દર્શાવતો પત્ર આંક –પ૩ થી રજૂ થયેલ છે. વધુમાં ફરિયાદી જુબાની દરમ્યાન આરોપી નં . ૧ ને સંબોધીને લખાયેલ પત્ર તા.૩–૧૦–૧૧ ના રોજનો આંક–પ૪ થી તથા તા.૩૦–૧૨–૧૧ ના રોજનો પત્ર આંક–પપ થી રજૂ થયેલ છે. જેમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર ધ્વારા આરોપી નં.૧ પાસેથી સ્કૂલ લિવિંગ સર્ટી. તથા અસલ પુરાવા સાથે ચકાસણી અર્થે જાણ કરવામાં આવશે, તેવી વિગત લખેલ પત્ર આંક–પપ થી રજૂ થયેલ છે. આમ, ફરીયાદી તેમના સોગંદ ઉપરના પુરાવામાં તેમની આંક–૪૮ વાળી ફરીયાદ હકીકતોને અનુરૂપ સ્પષ્ટ સમર્થનકારી પુરાવો અદાલત રૂબરૂ રજુ રાખેલ છે. જો કે ફરિયાદી આરોપી પક્ષની ઉલટ તપાસ દરમ્યાન ફરિયાદ આપવાનો હુકમ તા.૨૭–૫–૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ અને ફરિયાદ તા.૩૧–૫–૨૦૧૨ ના રોજ આપેલી એટલે કે, ચાર દિવસ મોડી ફરિયાદ આપેલ છે તેવો સ્વીકાર કરે છે. તેમની ફરિયાદમાં જે તલાટીની નિમણૂંક કરવામાં આવેલી તેના નામ કે લિસ્ટનું વર્ણન જણાવેલ નથી, જે બે વ્યકિતઓની વાત તેમના સરતપાસમાં કરી તે બે વ્યકિતઓને ત્યારબાદ તેમને જોવાના

થયેલ નથી, તે બે વ્યકિતઓને પોલીસ રૂબરૂ ઓળખી બતાવેલ હોય તેવું બનેલ નથી, જે બે વ્યકિત આવેલા અને દસ્તાવેજો રજૂ કરેલા તે બાબતે કોઈ લેખિત નોંધ કરેલ ન હતી કે તેમની કાઉન્ટર સહી લીધેલ ન હતી, આવનાર બે વ્યકિત ચોકકસ કોણ હતા તે કહી શકું નહી, ઉપલા અધિકારીએ લેખિતમાં જાણ કરતા આરોપીના નામ સરનામાની ખબર પડેલી, આવનાર વ્યકિતઓએ ઝેરોક્ષ નકલ તેમને આપેલી, તે વખતે તેમને અસલ દસ્તાવેજો જોવાના થયેલ નહી, ઉપલા અધિકારીએ જે હુકમ કરેલો તેમાં છ વ્યકિતઓની ફરિયાદ કરવા માટે હુકમ કરેલો, આરોપીઓએ તેમની ઓફિસમાં હાજર થવા માટે કોઈ ફોર્મ ભરેલ હોય કે અરજી કરેલ હોય તેવું બનેલ નથી, આરોપીઓએ નિમણૂંક પત્રના આધારે નોકરી મેળવી હોય અને તેનો ગેરલાભ લીધો હોય તેવું બનેલ નથી, ટપાલથી મળેલા નિમણૂંક પત્ર કયાંથી આવેલા અને કોણે બનાવેલા તે ખબર નથી, આંક–૫૦ અને ૫૧ વાળા અસલ નિમણૂંક પત્ર કયાંથી આવેલા, કોણે બનાવેલા તેની જાત માહિતી નથી, આંક–૫૦, ૫૧, ૫૪, ૫૫ અને ૪૪ વાળા નિમણૂંક પત્રો ઉપલા અધિકારીના કહેવાથી ખબર પડેલી કે તે ખરા નથી, આંક –૫૦, ૫૧, ૪૪ વાળા દસ્તાવેજો ઉપર પોસ્ટ ઓફિસનો સ્ટેમ્પ હતો, આંક–૫૨ તથા ૫૩ વાળા દસ્તાવેજો તેમની કચેરીમાંથી રજૂ કરેલ છે વિગેરે હકીકતોનો સ્વીકાર કરે છે.આમ, ફરીયાદીની ઉલટ તપાસથી પણ આ કામના આરોપીઓ ફરીયાદી પાસે બોગસ નિમણુંક પત્રો લઈને કલેકટર કચેરીમાં હાજર થવા માટે ગયેલા તેવી હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થાય છે.

(૧૮) વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે આંક–૪૫ થી તપાસેલ સાહેદ ગુલનાઝ શબ્બીર હુશેન મલીકનો અદાલત રૂબરૂનો પુરાવો જોતા તેઓ બનાવ

સમયે નાયબ મામલતદાર હેઠળ કારકુન તરીકે ફરજ બજાવતા હતા, આ કામના ફરીયાદી શ્રીમતિ ઉશાબેન ગુણવતરાય નાયક મહેકમ શાખા નાયબ મામલતદારની સુચના મુજબ તે મહેકમને લગતી કામગીરી બજાવતા, તેમના ત્યાં સને ૨૦૧૨ માં બે વ્યક્તિઓ મહેસુલ વિભાગમાં રેવન્યુ તલાટી વર્ગ-૩ ના નિમણુંક પત્રો લઈને ઉશાબેન પાસે આવેલા અને ઉશાબેન તેમને હાજર કરવા નિવાસી અધિક કલેકટરશ્રી પાસે લઇ ગયેલા અને નિમણુક પત્રો જોતા જે ફોરમેટમાં હોવા જોઈએ તે ન જણાતા બોગસ હોવા અંગે તેમને શંકા ગયેલી, ત્યારબાદ આ નિમણુંક પત્ર અંગે સચિવશ્રીએ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળમાં ખરાઈ કરવા બાબતે ગાંધીનગર તપાસ કરતા તે નાયબ સચીવ દ્વારા લેખિતમાં પત્ર મોકલી જણાવેલ કે મહેસુલ વિભાગના ખાલી જગ્યા ભરવા અંગેની પ્રક્રિયા તે પહેલાથી જ પુરી થઇ ગયેલ છે અને આ નિમણુંક પત્રો તેમના નથી, ત્યારબાદ ઉશાબેને આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી તેમ જણાવી એક આરોપીને અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. વધુમાં, તેઓ આંક-૪૪ વાળો નિમણુંક પત્ર  આરોપી નં-૨ વિનોદકુમાર પાટીલ અને નં-૩ પાટિલ મહેન્દ્ર સાહેબરાવ આ નિમંણુક પત્ર લઈને નાયબ મામલતદાર મહેમ ઉશાબેન નાયક રૂબરૂ આવેલા પછી ખબર પડેલી કે આ નિમણુક પત્ર બોગસ હોવાનું જણાયેલ. આજ નિમણુક પત્રની નોંધ તેમણે ખરાઈ કરેલી અને પોલીસને તેની ઝેરોક્ષ આપેલી તેમ જણાવે છે. આમ, સદર સાહેદ પણ ફરીયાદીના પુરાવાને તથા આંક-૪૮ વાળી ફરીયાદ હકીકતોને સ્પષ્ટ સમર્થન આપે છે. જો કે સદર સાહેદ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં આ નિમણુંક પત્ર ઉષાબેન રૂબરૂ કોણ લાવ્યુ કેવી રીતે લાવ્યુ, કોણે બનાવ્યા તેની ખબર નથી, એ નિમણુંક પત્રમાં તેમણે કોઈ નિશાની કરી હોય તેવુ બનેલ નથી વિગેરે હકીકતનો સ્વીકાર કરે છે. જો કે સદર સાહેદના પુરાવાથી પણ આ કામના આરોપીઓ બોગસ નિમણુંક પત્રો લઇને તલાટીની જગ્યા ઉપર હાજર થવા માટે નવસારી કલેક્ટર કેચરીમાં ફરીયાદી પાસે ગયેલ હોવાની હકીકતને સ્પષ્ટ સમર્થન પ્રાપ્ત થાય છે.

(૧૯) ફરિયાદ પક્ષે આંક–૪૨ થી તપાસેલ પંચ સાહેદ પ્રભાતગીરી પ્રેમગીરી ગોસ્વામીનો પુરાવો ધ્યાને લેતા તેઓ તા.૦૧–૦૬–૨૦૧૨ ના રોજ નવસારી ટાઉન પોલીસના બોલાવવાથી તેમની શાખાના ચિટનીસ બ્રાન્ચના નાયબ મામલતદારના ટેબલ પાસે ગયેલા, પોલીસે આ કામે ફરિયાદી નાયબ મામલતદારશ્રી ઉષાબેન નાયકે જે ફરીયાદ કરેલી છે તે કામે રેકર્ડ તપાસના કામે લેવાનું હોય પંચ તરીકે રહેવા સમજ કરેલી અને આ કામના આરોપીઓ ફરીયાદી રૂબરૂ બોગસ નિમણુકનો પત્ર લઈને આવેલા તે પત્ર પોલીસે કબ્જે કરેલો, પંચનામાની કાર્યવાહી તેઓ પંચો રૂબરૂ કરવામા આવેલી અને પંચનામાની કાર્યવાહી પુરી થયા બાદ સહી કરેલી તેમ જણાવે છે. વધુમાં, તેમની જુબાની દરમ્યાન પંચનામું **આંક–૪૩** થી તેમજ મહેસુલ વિભાગનો આવક ક્રમાંક ૧૫૨૯૧/૭/ ૨૦૦૯/૧૦ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નામનો પત્ર **આંક–૪૪** થી રજૂ થયેલ છે. આમ, સદર પંચ સાહેદના પુરાવાથી આંક–૪૩ વાળા પંચનામાની વિગતે આંક–૪૪ વાળો નિમણુંક પત્ર કબજે થયેલ હોવાની હકીકત પ્રસ્થાપિત થાય છે. જો કે સદર પંચ સાહેદ ઉલટ તપાસમાં નિમણુક પત્ર ફરીયાદી પાસેથી ક્યાથી અને કેવી રીતે આવેલા તેની પર્સનલ માહીતી નથી, નિમણુંક પત્રની અંદરની વિગતની ખબર નથી, આ નિમણુંક પત્ર કોણ લાવ્યુ, કેવી રીતે લાવ્યુ, કોણે બનાવ્યા તેની ખબર નથી તેવો સ્વીકાર કરે છે. આમ, સદર પંચ સાહેદના પુરાવાથી આંક–૪૪ વાળો પત્ર તેમની પંચ તરીકેની હાજરીમાં પંચનામાની વિગતે પોલિસે નાયબ મામલતદાર, ચીટનીશ શાખામાંથી કબજે લીધેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે પ્રસ્થાપિત થાય છે.

(૨૦) વધુમાં, ફરીયાદ પક્ષે આંક–૪૬ થી તપાસેલ સાહેદ નરેશભાઇ સોમાભાઇ પટેલનો પુરાવો જોતા તેઓ નાયબ મામલતદાર તરીકે કલેકટર કચેરીમાં તા.૧૪/૭/૨૦૧૦ થી ફરજ બજાવતા હતા દરમ્યાન તા.૧/૬/ ૨૦૧૨ ના રોજ નવસારી ટાઉન પો.સ્ટે ના પી.એસ.આઈએ તેમનુ નિવેદન લીધેલું અને તેમણે ગુજરાત ગૌણ સેવા પસંદગી ગાંધીનગરનો તા. ૫/૩/૨૦૧૨ નો નિમણૂક પત્ર જે

તેમની રજીસ્ટી શાખામાં ઈનવર્ડ નં.૬૧૭૫ તા.૬/૩/૧૨ થી હતો, જે તેમણે મહેકમ દફ્તરને આપેલો, આ પત્ર ખાલી પડેલી રેવન્યુ તલાટી વર્ગ–૩ ની નિમણૂંક પત્રનો હતો, જે તેમણે પોલીસને તેમના નિવેદન સાથે તા.૬/૩/ ૨૦૧૨ ના પત્રની અને ઈનવર્ડ રજીસ્ટરની ખરી નકલ આપેલી, જે ઈનવર્ડ રજીસ્ટરનો ઉતારો આંક–૪૭ થી રજુ થયેલ છે તેમજ તેઓ આંક–૪૪ વાળો દસ્તાવેજ તા. ૫/૩/૧૨ નો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના લેટરપેડ ઉપરનો નિમણૂંક પત્ર તે એ જ પત્ર છે કે જેની તેમણે ૬૧૭૫ ઈનવર્ડ નંબરથી ઓનલાઈન ડેટાથી નોંધ કરેલી છે તેમ જણાવે છે. જો કે તેઓ ઉલટ તપાસમાં આ પત્ર તેમની પાસે ટપાલ મારફતે કવરની અંદર આવેલો, આવું કોઈ કવર પોલીસે તેમની પાસેથી કબજે કરેલ હોય એવું બનેલ નથી, આ પત્ર અને કવર કોણે અને કેવી રીતે તૈયાર કરેલા તેની ખબર નથી તેવો સ્વીકાર કરે છે. આમ, સદર સાહેદના પુરાવાથી પણ આંક–૪૪ વાળો પત્ર તેમની હાજરીમાં પંચનામાની વિગતે પોલીસે નાયબ મામલતદાર, ચીટનીશ શાખામાંથી કબજે લીધેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે પ્રસ્થાપિત થાય છે.

(૨૧) ફરિયાદ પક્ષે આંક–૬૭ થી તપાસેલ સાહેદ પ્રવિણભાઈ ઉમંગલાલ ઠકકરનો પુરાવો જોતા તેઓ સને ૨૦૧૨ ની સાલમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નાયબ સચીવ તરીકે ફરજ બજાવતા હતા, ઓગસ્ટ ૨૦૧૨ ના અંતમાં નવસારી પોલીસ તેમની ગાંધીનગર ખાતેની ઓફીસમાં આવેલ અને નવસારી કલેકટર કચેરીને ફાળવેલા રેવન્યુ તલાટીની જગ્યા પર નીમણૂક આપવા માટે ઉમેદવારના સંબંધમાં કોઈક બોગસ ઉમેદવારોએ બનાવટી ડોક્યુમેન્ટ ઉભા કરી નોકરી મેળવવાનો પ્રયત્ન કરેલો તેના સંદર્ભમા પોલીસ આવેલી, પોલીસે તેમને સૌ પ્રથમ આંક–૫૦ અને આંક–૫૧ વાળા નીમણુંકના પત્રો બતાવ્યા હતા જે જોઈને ઓળખી બતાવી મંડળમાંથી આવા કોઈ નીમણુંક પત્રો આપતા નથી તેવું પ્રથમ નજરે જ જોઈને કહી દીધેલુ હતુ, મંડળ ક્યારેય નિમણુંક પત્ર આપતા નથી તેવી માહીતી તેમણે પોલીસને આપેલી અને જણાવેલ કે મંડળ નોકરી

ઇચ્છુક ઉમેદવારો પાસેથી ૩ સ્પર્ધાત્મક પરીક્ષાની અરજીઓ જે તે જગ્યાની ભરતીની જાહેરાત કરીને મંગાવે છે, સ્પર્ધાત્મક પરીક્ષા બાદ મંડળના ધારા ધોરણ મુજબ ઉતીર્ણ ગણાતા ઉમેદવારોના નામોની નિમણૂંક માટે સંબંધીત કચેરીઓને ભલામણ કરવામા આવે છે, એટલે કે મંડળ એલોટીંગ ઓથોરીટી છે એપોઈન્ટીંગ ઓથોરીટી મંડળ નથી, એપોઈન્ટીંગ ઓથોરીટી તો સંબંધિત જે તે કચેરીના જે તે નિમણુકી સત્તા હોય છે એટલે કે સવાલવાળા કિસ્સામાં રેવન્યુ તલાટીના બતાવવામાં આવેલા નિમણુક પત્રો મંડળના હોવાનુ કોઈ સંજોગોમાં શક્ય(પોસીબલ) નથી, નિમણૂક પત્રમાં મંડળનો જે લોગો નથી તેમજ જે અધીકારીનું નામ આમા લખેલ છે તેવા કોઈ અધિકારી અત્યારમાં કે અગાઉ મંડળની કચેરીમા હતા નહી કે છે નહી. કચેરી અગ્ર સચીવ જેવો હોદદો મંડળના સેટ અપમા નથી કે જે હોદદો આ નીમણુક પત્રમાં દર્શાવેલો છે. જેથી પ્રથમ નજરે જ આ પત્ર ફેક હોવાનું જણાયેલ જે તેમણે પોલીસને જણાવેલું અને નમુના રૂપ ગૌણ સેવા પસંદગીના લોગો વાળો કોરો લેટર હેડ પોલિસને આપેલો જે આંક ૬૮ થી રજુ થયેલ છે.વધુમાં, પોલીસે તેમની પાસે લેખિતમાં કેટલાક દસ્તાવેજોની માંગણી કરેલી, જેનો પત્ર તા.૨૮.૦૮.૨૦૧૨ ના રોજનો આંક–૬૯ થી રજુ થયેલ છે, આ પત્રમાં બોગસ નીમણુંક પત્રો મંડળની કચેરીમાંથી રવાના થયેલ છે કે કેમ તેની વિગતો આપવા જણાવેલું, જેની વિચારણા કરીને કચેરીના સક્ષમ અધિકારીઓ એટલે કે સચીવશ્રી અને ચેરમેનશ્રી અને સભ્યોની અનુમતી બાદ વિધીસરના પત્રથી પોલીસ ખાતાને ખાનગી પત્ર રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી માંગેલા ડોક્યુમેન્ટ જેમાં ૩૨ ઉમેદવારોના ફાળવણી પત્રોની મંડળની કચેરીની સ્થળપ્રત નકલોની ઝેરોક્ષ કોપીઓ તેમજ મંડળના જાવક રજીસ્ટરના સીરીયલ નંબર ૮૨૬ થી ૮૪૬ સુધીના ઉતારાની ઝેરોક્ષ નકલો કે જેમાં કચેરીના અધીકારીની ખરી નકલ કરીને મોકલી આપેલા, જે ફાળવણી પત્રો તથા જાવક રજીસ્ટરના ઉતારાની ખરી નકલ આંક ૭૦ થી રજુ થયેલ છે,નવસારી જીલ્લામાં આ ૩૨ સીવાય બીજા કોઈ ઉમેદવારને નીમણુક આપેલ

નથી તેમજ નીમણુક બાબતે કોઈ ગેરરીતી ન થાય તે માટે નવસારી જીલ્લા સહીત અન્ય તમામ જીલ્લાઓને આગોતરી જાણ કરેલી હતી તેવો પુરાવો આપે છે. જો કે સદર સાહેદ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં તેમણે જે કોઇ પણ માહિતી લખાવી તે દસ્તાવેજો જોઇને લખાવી, નીમણુક પત્રો ઈસ્યુ કરવાનુ કામ તેમનુ કે તેમની કચેરીનુ નથી, તેમણે તે દસ્તાવેજોના ઉપરના લખાણ કે સહી અંગેના નમુનાઓ સાથે તેમની કચેરીના અધીકારીઓ કે કર્મચારીઓની ચકાસણી કરી નથી, આજરોજ રજુ કરેલ દસ્તાવેજો તપાસ કરનાર અમલદારશ્રીને સીધા આપેલ ન હતા પરંતુ વિધીસરના પત્રથી પોલીસ સત્તાને મોકલવામાં આવેલ હતા,પોલીસ અધીકારીએ તેમને આપેલ પત્રનો કોઈ આવક નંબર આપેલ નથી, સદર પત્ર સ્વીકારતા પહેલા ઉપરી અધીકારીની કોઈ પરવાનગી લીધેલ ન હતી,પોલીસને આર.પી.એ.ડી થી મોકલેલ દસ્તાવેજો અંગેનો કોઈ લેખીત આધાર રજુ કરેલ નથી, રજુ કરેલ જાવક રજીસ્ટરના ઉતારાવાળુ અસલ રજીસ્ટર સાથે લાવેલ નથી, ઉપરી અધીકારીની કોઈ લેખીત પરવાનગી લીધેલ હોય તેવુ બનેલ નથી અને આ કામે રજુ કરેલ પણ નથી, પોલીસે તેમને બતાવેલ ફોટા ચોકકસ કોના છે તે કહી શકે નહી, આંક-૬૨ માં તેમની કચેરીના કોઈ સહી સીકકા કરવામા આવેલા નથી. આમ, ફરીયાદ પક્ષે તપાસેલ સદર સાહેદના પુરાવાથી આંક-૫૦, ૫૧ વાળા નિમણુંક પત્રો બોગસ હોવાની હકીકત તેમજ સદર સાહેદે તેની ખરાઇ કરેલ હોવાની હકીકત તેમજ તે અંગે પોલીસ સાથે લેખિતમાં પત્રવ્યવહાર કરેલ હોવાનુ અને આંક-૬૯ સિવાય બીજો કોઇ નિમણુંક પત્ર તેમની કચેરી દવારા ઇશ્યુ કરવામાં આવેલ નથી તેવી હકીકત ફરીયાદ પક્ષે પ્રસ્થાપિત થાય છે.

**(૨૨)** ફરિયાદ પક્ષે આંક-૮૪ થી તપાસેલ અન્ય મહત્વના સાહેદ જયદિપ બળદેવભાઇ દ્વિવેદીનો પુરાવો જોતા તેઓ સને ૨૦૧૨ ના વર્ષમાં નાયબ સચિવ તરીકે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હતા, સને ૨૦૦૯ મા રેવન્યુ તલાટીની સીધી ભરતી માટેની જાહેરાત ક્રમાંક નં.૪:૨૦૦૯ થી આયોગ દવારા બહાર

પાડવામાં આવેલ હતી, જાહેરાતની લેખિત પરીક્ષા ૨૦૧૦ માં યોજવામાં આવેલ હતી અને સમગ્ર ભરતી પ્રકીયા ૨૦૦૯ થી ૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ, ઉપરોકત ભરતી અંગે ૨૦૧૨ ના વર્ષમા નવસારી જિલ્લાના પોલીસ અધિકારી તેમની પાસે આવેલા અને જણાવેલ કે ઉપરોકત ભરતીમા કેટલાક ઉમેદવારો દવારા બનાવટી ભલામણ પત્રો કલેકટરશ્રી સમક્ષ રજૂ કરવામા આવેલ છે, જેથી તે પોલીસ અધિકારીએ તેવા ઉમેદવારો બાબતે આયોગ પાસે ચકાસણી કરી માહીતી આપવાની લેખિતમાં રજૂઆત કરેલી, જેથી સદર લેખિત માંગણીના અનુસંધાને આયોગનું રેકર્ડ ચકાસેલ ત્યારે માલુમ પડેલ કે આ પોલીસ અધિકારીશ્રીએ જે ઉમેદવારો માટે તપાસ કરવાનું જણાવેલ તે ઉમેદવારોએ ઉમદવારી નોંધાવી પરીક્ષા પણ આપેલ હતી પરંતુ સદર ઉમેદવારોને રીઝલ્ટ જોતા બંન્ને ઉમેદવારોને માઈનસમાં માર્કસ મળેલ હોવાનું અને તેમનુ નામ મેરીટ લીસ્ટમાં ન હોવાનું જણાયેલ, સદર બન્ને ઉમેદવારોના નામ વિનોદ પાટીલ અને મહેન્દ્ર પાટીલ હતા, જે અંગે પોલીસ અધિકારીને લેખિતમાં પત્ર ધ્વારા વિગત મોકલાવેલ, જે પત્ર આંક–૮૫ થી રજુ થયેલ છે, વધુમાં, સદર સાહેદ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની રેવન્યુ તલાટી વર્ગ–૩ ની જગ્યા માટે જાહેરાત ક્રમાંક ૪/૨૦૦૯ નું ઉમેદવાર પાન પાટીલ વિનોદ લહુભાઈ દ્વારા અરજી પત્રક નં.૨૧૦૧૦૮૪૩૧ તા. ૧૧.૧૨. ૨૦૦૯ થી કરવામાં આવેલ ઉમેદવારી પત્રકની કચેરી દવારા કરવામા આવેલ ખરી નકલ તથા સદર ઉમેદવારે મેળવેલ માર્કેસની વિગત દર્શાવત રીઝલ્ટ શીટ સંબંધિત કુલ–૧૧ પેજની કચેરી ધ્વારા કરવામા આવેલ ખરી નકલ સંયુકત આંક–૮૬ થી રજુ થયેલ છે તેમજ ઉમેદવાર પાટીલ મહેન્દ્ર સાહેબરાવ દવારા અરજી પત્રક નં. ૨૧૦૧૦ ૨૪૭૨ તા.૪.૧૨.૨૦૦૯ થી કરવામાં આવેલ ઉમેદવારી પત્રકની કચેરી ધ્વારા કરવામાં આવેલ ખરી નકલ તથા સદર ઉમેદવારે મેળવેલ માસની વિગત દર્શાવત રીઝલ્ટસીટ સબંધિત કુલ–૧૨ પેજની અમારી કચેરી ધ્વારા કરવામાં આવેલ ખરી નકલ સંયુકત આંક–૮૭

થી રજુ થયેલ છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા ભરતી પ્રકીયાના અંતે ઉતીર્ણ થયેલ તમામ ઉમેદવારોના નામ અને કેટેગરી સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ ગેઝેટની ઓફીશિયલ નકલ આંક–૮૮ થી રજુ થયેલ છે. સને ૨૦૧૧ ની ભરતી અંગેનુ નવસારી જીલ્લાનુ લીસ્ટ આંક–૮૯ થી રજુ થયેલ છે. સદર સાહેદ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે પોલીસ અધિકારીએ લેખિતમાં માંગણી કરેલ પત્ર તથા મોકલાવેલ માહીતીના પત્ર અંગે આવક–જાવક રજીસ્ટરના ઉતારાની નકલ રજુ કરેલ નથી, આંક–૮૫, ૮૬ અને ૮૭ વાળા દસ્તાવેજો જે તે વખતે ત.ક.અ.શ્રીને આપેલા, આંક–૮૮ અને આંક ૮૯ વાળા દસ્તાવેજો પોલીસે માંગેલ ન હોય આપેલા નહોતા, આંક–૮૯ વાળા દસ્તાવેજમા મારી કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અન્ય કોઈ અધિકારીની સહી નથી, આંક–૮૫, ૮૬,૮૭,૮૮,૮૯ વાળા દસ્તાવેજોમાં કોઈ સિકકા નથી. આમ, સદર સાહેદના પુરાવાથી આ કામના આરોપીઓએ નવસારી કલેકટર કચેરીમાં બોગસ નિમણુંક પત્રો રજુ કરેલ હોવા બાબતે પોલીસે ગુજરા ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ખાતે ખરાઈ કરેલ હોવાનુ અને સદર સાહેદે આરોપીઓ બાબતે લેખિતમાં વિગતવાર માહિતી આપેલ હોવાનુ રેકર્ડ ઉપર આવે છે અને આંક–૮૫ થી ૮૯ વાળા દસ્તાવેજી પુરાવાની વિગતે આ કામના આરોપીઓએ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા રેવન્યુ તલાટી વર્ગ–૩ ની જગ્યા માટે આપવામાં આવેલ જાહેરાત ક્રમાંક ૪/૨૦૦૯ ની ભરતીમાં અરજી કરેલ હોવાનુ તથા પરીક્ષા આપેલ હોવાનુ તેમજ તેમને માઇનસમાં માર્કસ મળેલ હોવાનુ અને તેમના નામ મેરિટમાં કે પસંદગી લીસ્ટમાં સામેલ ન હતા તેવી હકીકત ફરીયાદ પક્ષે સ્પષ્ટ રીતે પુરવાર થાય છે.

(૨૩) આમ, ફરિયાદપક્ષે રજૂ રાખેલ ઉપરોકત મુજબના પુરાવા ધ્યાને લેતા આ કામે આરોપીઓ સામે દસ્તાવેજી પુરાવાને લગતો કેસ છે. વિશેષમાં, વાદગ્રસ્ત તકરારી દસ્તાવેજ બોગસ નિમણુંક પત્રો આંક–

૫૦ તથા આંક–૫૧ થી ફરીયાદ પક્ષે રજૂ રાખવામાં આવેલ છે. વધુમાં, ફરિયાદ પક્ષના કેસ મુજબ આ બોગસ નિમણુંક પત્રો લઈને આ કામના આરોપીઓ નવસારી કલેક્ટર કચેરીમાં ફરિયાદી સમક્ષ રૂબરૂ હાજર થઈ સદર આંક–૫૦ તથા ૫૧ વાળા દસ્તાવેજો ખોટો હોવાનું જાણતા હોવા છતાં તેના આધારે નવસારી કલેકટર કચેરી સમક્ષ તલાટીની નિમણૂંક મેળવવાની કાર્યવાહી કરેલ છે. જેના અનુસંધાને આંક–૫૦ તથા ૫૧ વાળા વાદગ્રસ્ત નિમણૂંક પત્રો ફરિયાદીની જુબાની દરમ્યાન રજૂ કરવામાં આવેલ છે. જે નિમણૂંક પત્રો આ કામના આરોપીઓએ રજૂ કરેલ નથી તેવો બચાવ આરોપી પક્ષે ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન લેવામાં આવેલ છે તેમજ ફરીયાદીએ પણ પોતાના પુરાવામાં આરોપીઓએ જે નિમણુંકપત્રો રજુ કરેલ તે ઝેરોક્ષ નકલો હોવાનુ કબુલ રાખેલ છે. જો કે, ફરિયાદી દ્વારા તેમની સરતપાસમાં આરોપીઓના નામજોગ ફેબ્રુઆરી–૨૦૧૨ માં બે વ્યકિતઓ ગૌણસેવા પસંદગી મંડળ ગાંધી નગરના નિમણૂંક પત્રો લઈ હાજર થવા આવેલ, જે નિમણુંક પત્રો આંક–૫૦ તથા ૫૧ વાળા હતા તેવો સ્પષ્ટ પુરાવો આપેલ છે. જે હકીકતને સાહેદ ગુલનાઝબેન તથા સાહેદ નરેશભાઇના પુરાવાથી પ્રત્યક્ષ સમર્થન પ્રાપ્ત થાય છે. વિશેષમાં સદર નિમણૂંક પત્રો બાબતે કલેકટર કચેરીને શંકા જતા અધિક કલેકટરશ્રી નવસારીનાઓ દ્વારા આંક–૫૨ વાળા પત્રથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર ખાતે આ નિમણૂંક પત્રકની ખરાઈ કરવા અંગે લખેલ, જેના અનુસંધાને ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગરના નાયબ સચિવશ્રી દ્વારા આંક–૫૩ વાળા પત્રથી રેવન્યુ તલાટીની જગ્યા ઉપર નિમણૂંક અર્થે ભલામણ કરવાનું બાકીમાં નથી અને કેટલાક જિલ્લાઓમાં બનાવટી નિમણૂંક પત્રો લઈને રેવન્યુ તલાટીની જગ્યા ઉપર નિમણૂંક સારુ કેટલાક

ઉમેદવારો હાજર થવા આવતા હોવાનું મંડળના ધ્યાન પર આવેલ છે. આ ઉમેદવારોને કોઈ નિમણૂંક આપવાની થતી નથી અને આ બાબતને ગુનાહિત કૃત્ય ગણી જરૂરી કાર્યવાહી કરવાની વિગત લખેલ હોવાનું ફલિત થાય છે. ઉપરોકત બન્ને પત્રો સબંધિત કચેરીના અધિકૃત કર્મચારીએ સાહેદ તરીકે જુબાની આપી તેમાંની વિગતો અદાલત રૂબરૂ સોગંદ ઉપર પ્રસ્થાપિત કરેલ છે અને જેનાથી આંક –૫૦,૫૧ તથા ૫૪ વાળા નિમણૂંક પત્રો ખોટા અને બનાવટી હોવાનું ફરિયાદ પક્ષે રેકર્ડ ઉપર પુરવાર કરેલ છે. વધુમાં ફરિયાદ પક્ષે આંક–૪૪ થી ગૌણસેવા પસંદગી મંડળ ગાંધી નગરના લેટરપેડ ઉપર તૈયાર કરવામાં આવેલ નિમણૂંક પત્ર રજૂ કરવામાં આવેલ છે. જે પત્ર આંક –૪૩ વાળા પંચનામાની વિગતે પોલીસે કબજે કરેલ છે અને તે પંચનામાના પંચ સાહેદ પ્રભાતગીરી ગૌસ્વામી આંક–૪૨ વાળા પુરાવાથી પંચનામાની વિગતને સમર્થન કરી આંક–૪૪ વાળા દસ્તાવેજ તેમની હાજરીમાં પોલીસે કબજે લીધેલ હોવાની હકીકત સોગંદ ઉપર જણાવેલ છે. જે આંક–૪૪ વાળા પત્ર બાબતે આંક–૪૬ વાળા સાહેદ નરેશભાઈ સોમાભાઈ પટેલ પણ તેમની કચેરીમાં ઈન્વર્ડ નં. ૬૧૭૫ થી આ પત્ર મહેસૂલ વિભાગ ગુજરાત રાજય તરફથી આવક નં.૧૫૨૯૧/ખ/૨૦૦૯/૧૦ થી તેમની કચેરીમાં ટપાલ મારફતે આવેલ હોવાનો પુરાવો આપેલ છે. તેજ રીતે આ કામના ફરિયાદી, આરોપીઓ જે બોગસ નિમણૂંક પત્રો લઈને આવેલા તે ઝેરોક્ષ નકલો હતી તેમ જણાવે છે, વધુમાં, આંક–૫૦ તથા ૫૧ થી તે બનાવટી નિમણૂંક પત્રો રજૂ થયેલ છે તેમજ ફરિયાદીના પુરાવા મુજબ આરોપીઓ આ નિમણૂંક પત્રો લઈને હાજર થવા માટે આવેલ હતા અને તેમની સમક્ષ રજૂ કરેલ

હતા. આમ, ફરિયાદી તથા સાહેદ નરેશભાઈ તેમજ સાહેદ ગુલનાજબેનના પુરાવાથી આ કામના આરોપીઓ આંક–૫૦ તથા ૫૧ વાળા બનાવટી અને બોગસ નિમણૂંક પત્રોની ઝેરોક્ષ નકલ લઈને કલેકટર કચેરી નવસારી ખાતે તલાટીની નિમણૂંક માટે હાજર થયેલ હોવાનું અને ત્યાં આ બનાવટી નિમણુંક પત્રો રજૂ કરેલ હોવાનું ફરીયાદ પક્ષે પુરવાર થતુ હોવાનુ જણાય આવે છે. વિશેષમાં ફરિયાદ પક્ષે આંક –૮૪ થી તપાસેલ મહત્વના સાહેદ જયદીપભાઈ બળદેવભાઈ દ્વિવેદી કે જેઓ સને–૨૦૧૨ માં ગૌણસેવા પસંદગી મંડળ ગાંધીનગર ખાતે નાયબ સચિવ તરીકે ફરજ બજાવતા હતા, તેમનો પુરાવો ધ્યાને લેતા તેમની કચેરીને તલાટીની સીધી ભરતી જાહેરાત ક્રમાંક ૪/૨૦૦૯ બાબતે નવસારી જિલ્લાના પોલીસ અધિકારી ૨૦૧૨ ના વર્ષમાં ઉપરોકત ભરતી અંગે કેટલાક ઉમેદવારો ખોટા નિમણૂંક પત્રો કલેકટરશ્રી સમક્ષ રજૂ કરેલ છે તેવી રજૂઆત કરતા સદર સાહેદે આયોગનું રેકર્ડ ચકાસેલ અને ત્યારે માલુમ પડેલ કે, પોલીસ જે ઉમેદવારોની તપાસ કરવા આવેલ તે ઉમેદવારોએ પરીક્ષા પણ આપેલ પરંતુ બન્ને ઉમેદવારોને માઇનસમાં માર્ક મળેલા અને તેમનું નામ મેરીટ લિસ્ટમાં ન હતું, જેના અનુસંધાને તેમણે તા.૨૬–૬ –૨૦૧૨ ના રોજ આયોગના લેટરપેડ ઉપર પોલીસ ઈન્સ્પેકટર નવસારી ટા.પો.સ્ટે.ને ઉદ્દેશીને પત્ર લખેલ, જેમાં અનુક્રમ નં. ૨ ઉપર વિનોદભાઈ લહુભાઈ પાન પાટિલ તથા અનુક્રમ નં. ૪ ઉપર પાટિલ મહેન્દ્ર સાહેબરાવનાઓ પસંગી યાદી તથા પ્રતિક્ષા યાદીમાં સ્થાન પામેલ ન હતા, તેની કારણ સહિતની વિગતો જણાવેલ છે. જે પત્ર આંક–૮૫ થી રજૂ કરવામાં આવેલ છે તેમજ સદર સાહેદે જાહેરાત ક્રમાંક ૪/૨૦૦૯ ના કામે આ કામના

આરોપીઓએ કરેલ અરજી પત્રકની ખરી નકલ તથા તેમણે મેળવેલ માર્કસની વિગત દર્શાવતી રિઝલ્ટ શીટની ખરી નકલ આંક–૮૬ તથા ૮૭ થી રજૂ કરેલ છે. વિશેષમાં સદર ભરતીમાં ઉર્તિણ થયેલ ઉમેદવારના નામ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ તે ગેઝેટની નકલ આંક–૮૮ થી અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નવસારી જિલ્લાનું લિસ્ટ આંક–૮૯ થી રજૂ કરેલ છે. સદર સાહેદે રજૂ કરેલ ઉપરોકત મુજબના દસ્તાવેજો ધ્યાને લેતા આંક–૮૫ થી રજૂ થયેલ પત્ર અસલ જે હાલના સાહેદ ધ્વારા ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ ગાં ધીનગરના નાયબ સચિવ તરીકે હાલના ગુનાના કામે ત.ક.અ.શ્રીને આ કામના આરોપી વિનોદકુમાર લહુભાઈ પાન પાટિલ તથા પાટિલ મહેન્દ્ર સાહેબરાવ નાઓએ રેવન્યુ તલાટી વર્ગ–૩ ની જગ્યા માટે અરજી કરેલ હોવાનું તથા તેમના બેઠક ક્રમાંક અનુક્ર મે ૭૧૩૫૫૩૫૦ તથા ૭૧૩૪૬૦૪૩ હોવાનું અને આરોપી વિનોદને–૨૭.૫ ગુણ તથા આરોપી મહેન્દ્રને ૮.૮ ગુણ મળેલ હોવાનું અને તેઓ પસંદગી કે પ્રતિક્ષા યાદીમાં સ્થાન પામેલ ન હોવાની હકીકત લખેલ હોવાનું સ્પષ્ટ રીતે ફલિત થાય છે. વધુમાં સદર પત્રની સાથે આંક–૮૬ તથા ૮૭ થી આરોપીઓએ તલાટીની ભરતી માટે કરેલ અરજીની નકલ તથા આંક –૮૯ થી જિલ્લા વાઈજ રેવન્યુ તલાટીની જગ્યા માટે એલોટ કરેલ ઉમેદવારોનું લિસ્ટ રજૂ રાખેલ છે. જેના આધારે આ કામના આરોપીઓએ ફરિયાદપક્ષના કેસ મુજબ તલાટી વર્ગ–૩ ની જગ્યા માટે અરજી કરેલ હોવાનું અને પરીક્ષા આપેલ હોવાનું રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થાય છે તેમજ આંક–૮૯ વાળા લિસ્ટ મુજબ સદર બન્ને આરોપીઓનું નામ પસંદગી પામેલ ઉમેદવારોમાં સામેલ ન હતું તેવી હકીકત પણ ફલિત થાય છે.

વિશેષમાં સદર સાહેદે આંક–૮૮ થી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર ઘ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરાત ક્રમાંક ૪/૨૦૦૯ ના કામે પસંદગી પામેલ ઉમેદવારોના બેઠક નંબર સહિતની યાદી રજૂ કરેલ છે. જેમાં પણ આ કામના આરોપીઓના નામ સામેલ નથી, તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. હવે આરોપી પક્ષે ઉપરોકત દસ્તાવેજો ચાર્જશીટ સાથે રજૂ થયેલ નથી અને પાછળથી રજૂ કરવામાં આવેલ છે તેવી તકરાર લેવામાં આવેલ છે. જેના અનુસંધાને આંક–૮૬ તથા ૮૭ વાળી અરજીઓ તો ખુદ આરોપીઓ ઘ્વારા કરવામાં આવેલ છે. વિશેષમાં આંક–૮૮ તથા ૮૯ માં જણાવેલ પસંદગી પામેલ ઉમેદવારોનું લિસ્ટ ખોટુ છે અથવા તો ફરીયાદ પક્ષે રજુ રાખેલ રીઝલ્ટ શીટ મુજબ આરોપીઓના માર્કસ માઇનસમાં ન હતા અને આરોપીઓ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હતા તેમ છતાં તેમનું નામ તેમાં સામેલ નથી તેવો કોઈ બચાવ આરોપીઓ ઘ્વારા લેવામાં આવેલ નથી. વિશેષમાં હાલના સાહેદ સહિત ફરિયાદ પક્ષે તપાસેલ અન્ય સાહેદોના મૌખિક પુરાવાને તેમજ આંક–૮૫ થી ૮૯ વાળા દસ્તાવેજી પુરાવાઓને સંયુકત રીતે મુલવતા આ કામના આરોપીઓએ તલાટી વર્ગ–૩ ની ભરતી માટેની જાહેરાત ક્રમાંક ૪/૨૦૦૯ ના કામે અરજી કરેલ હોવાનું અને પરીક્ષા આપેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. વિશેષમાં સદર ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષામાં હાલના આરોપીઓ ઉત્તીર્ણ થયેલ ન હોવાની અને તેમને માઇનસમાં માર્કસ મળેલ હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે. જેનાથી વિરૂઘ્ધની કોઈ હકીકત આરોપી પક્ષે રજૂ કરવામાં આવેલ નથી. ઉપરાંત આંક –૫૧, ૫૨ તથા ૫૪ વાળા વાદગ્રસ્ત નિમણૂંક પત્રોમાં હાલના આરોપીઓના નામ સામેલ હોવાની હકીકત તથા સદર બનાવટી

નિમણૂંક પત્રોના આધારે આરોપીઓ નવસારી કલેકટર કચેરી ખાતે રૂબરૂ જઈ તલાટીની જગ્યામાં હાજર થવા માટે ગયેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષે શંકા રહિત રીતે પુરવાર કરેલ છે.

(૨૪) હવે, બચાવ પક્ષે દલીલ કરેલ છે કે ફરીયાદીના પુરાવા મુજબ આ કામના આરોપીઓ બનાવટી નિમણુંક પત્રોની ઝેરોક્ષ લઇને નવસારી કલેક્ટર કચેરીમાં હજાર થવા ગયેલા પરંતુ ફરીયાદ પક્ષે તેવા કોઇ દસ્તાવેજ આ કામે પુરાવા તરીકે કબજે કરેલ નથી તેમજ આંક−૫૦, ૫૧ વાળા દસ્તાવેજો આરોપીઓ પાસેથી રીકવર કરેલ હોવાનુ ફરીયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ નથી. જેથી, ફરીયાદ પક્ષે આ કામના આરોપીઓ વિરુદ્ધ શંકારહિત રીતે પુરવાર થતો નથી. જેના અનુસંધાને આ કામના ફરીયાદીએ તેમના આંક−૪૭ વાળા પુરાવામાં આ કામના આરોપીઓ જે નિમણુંક પત્રો લઇને આવેલા તે ઝેરોક્ષ નકલો હતી તેવુ કબુલ રાખેલ છે પરંતુ ફરિયાદી દ્વારા તેમની સરતપાસમાં આરોપીઓના નામજોગ ફેબ્રુઆરી−૨૦૧૨ માં બે વ્યકિતઓ ગૌણસેવા પસંદગી મંડળ ગાંધી નગરના નિમણૂંક પત્રો લઈ હાજર થવા આવેલ, જે નિમણુંક પત્રો આંક−૫૦ તથા ૫૧ વાળા હતા તેવો સ્પષ્ટ પુરાવો આપેલ છે તેમજ આરોપીઓને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. અત્રે નોંધનીય હકીકત છે કે આંક−૫૦ તથા ૫૧ વાળા બોગસ અને બનાવટી નિમણુંક પત્રો આ કામના આરોપીઓ પાસેથી આંક−૪૧ વાળા પંચનામાની વિગતે રીકવર કરેલ હોવાની હકીકત ઉપર ફરીયાદ પક્ષે આધાર રાખેલ છે. જો કે આંક−૪૧ વાળા પંચનામાના પંચ સાહેદો સદર હકીકતને તથા પંચનામાની વિગતોને બિલકુલ સમર્થન આપતા નથી. જેના આધારે બચાવ પક્ષે દલીલ કરેલ છે કે, પંચ સાહેદોએ પંચનામાની હકીખતોને સમર્થન કરેલ ન હોય ફરીયાદ પક્ષે આંક−૫૦ તથા ૫૧ વાળા નિમણુંક પત્રો આરોપીઓ પાસેથી રીકવર કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે પુરવાર થતી નથી. જો કે ફરીયાદ પક્ષે તપાસેલ સદર ગુનાની તપાસ કરનાર અમલદાર પોતાના પુરાવામાં નવસારી ટાઉન પો.સ્ટે. ફસ્ટ ગુના રજી.

નં. ૬૭/૨૦૧૨, ઇ.પી.કો. કલમ ૪૬૩, ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબના ગુનાની તપાસ માટે મળેલ આંક-૬૧ વાળા ડેપ્યુટ હુકમ આધારે તા.૦૧ ૦૬/ ૨૦૧૨ ના રોજ ફરિયાદીની ઓફીસ જીલ્લા સેવા સદન, ચીટનીશ બ્રાંચ મહેકમ શાખામાં જઈ ફરિયાદીએ રજુ કરેલ આંક-૪૪ વાળો પત્ર પંચ સુખદેવભાઈ દુબળભાઈ તેમજ પ્રભાતગીરી પ્રેમગીરીનાઓની રુબરુ કલાક ૧૭:૦૦ થી ૧૭:૩૦ સુધીના આંક-૪૩ વાળુ પંચનામુ કરી કબજે કરવામાં આવેલ તથા આંક-૪૪ વાળો પત્ર જે રજીસ્ટરમાં નોંધણી કરેલ તે ઇન્વર્ડ રજી.નો પ્રમાણીત ઉતારો આંક-૬૨ વાળો કબજે લીધેલ, ત્યારબાદ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર આ કામની તપાસમાં ગયેલ અને ત્યાં જઈ કબજે કરેલ લેટર તેઓને બતાવતા આવો કોઇ લેટર અત્રેથી ઇસ્યુ કરવામાં આવેલ નથી તેમજ જેમાં જે સહી છે તે નામના કોઇ અધિકારી અત્રેની ઓફીસમાં ફરજ બજાવતા નથી તેવી માહિતી મળેલ, રેવન્યુ તલાટી વર્ગ-૩ ની ભરતી બાબતની જાહેરાત ક્રમાંક ૦૪/૨૦૦૯ ની સાથે ગવર્મેન્ટ ઓફ ગુજરાતનું ગેઝેટમાં પસંદ થયેલા ઉમેદવારોનું લીસ્ટ આંક-૬૩ રજુ કરેલ છે, ત્યારબાદ આ કામના આરોપી વિનોદ લહુભાઈ તથા મહેન્દ્ર સાહેબરાવ પાટીલનાઓએ આપેલ માહિતી મુજબ આરોપીઓને જે રેવેન્યુ તલાટી વર્ગ-૩ ના હુકમ મળેલા તે અસલ કવર સાથે રજુ કરતા બે પંચોની રુબરુમાં તા.૦૮/૧૦/૨૦૧૧ ના કલાક ૧૮:૩૦ થી ૧૯:૩૦ દરમ્યાન વિગતવારનું આંક-૪૧ વાળુ પંચનામુ કરી કબજે કરવામાં આવેલ તેવો સ્પષ્ટ પુરાવો આપેલ છે. તેમજ ત.ક.અ.શ્રીએ આ કામના આરોપીઓએ રજુ કરેલ બનાવટી નિમણુંક પત્રો આંક-૫૦ તથા ૫૧ વાળા હોવાનુ જણાવી અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. આમ, આંક-૪૧ વાળા પંચનામાના પંચ સાહેદો પંચનામામાં પોતાની સહિ સિવાયની વિગતોને સમર્થન આપતા નથી પરંતુ સદર પંચનામુ કરનાર પોલિસ અધિકારી આંક-૪૧ વાળા પંચનામાની વિગતો તથા આંક-૫૦ તથા આંક-૫૧ વાળા બનાવટી નિમણૂક પત્રો આરોપીઓએ રજુ કરેલ તે જ હોવાનો સ્પષ્ટ પુરાવો આપી આંક-૪૧

વાળા પંચનામાની વિગતે આંક-૫૦ તથા આંક-૫૧ વાળા બનાવટી નિમણૂક પત્રો રજુ કરેલ હોવાનુ પુરવાર કરેલ છે. આ બાબતે **ના. ગુજરાત હાઈકોર્ટે Imrankhan Anwerkhan Pathan Versus State Of Gujarat,** 2012 (0) **AIJEL-HC 228232** ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે,

17.1 Learned **advocate Mr. Raval submitted that the panchnama is not proved by panchas. But looking to the evidence of Investigating Officer, the contents of the panchnama are proved. Therefore, it is not necessary to support the panchnama by the panchas, if the contents of panchnama are proved by the evidence of other witness**. In reference to the same, we referred the decision of this Court in the case of Vinugiri Motigiri Vs. State of Gujarat reported in 2002(1) GLH 176 and observation made by this Court at Head Note C, which is as under :

"(C) Indian Evidence Act, 1872 , Ss. 27 and 14 - Indian Penal Code, 1860- Ss. 302 and 149 - Discovery of weapon- Pancha witnesses turning hostile- Whether evidence of recovery can be relied upon - Recovery of an object pursuant to the information supplied by an accused in custody is different from the searching endeavour envisaged in Chapter VII of CRPC- **When a police officer gives evidence in court that a certain article was recovered by him on the strength of the statement made by the version to be**

**correct if it is not otherwise shown to be unreliable**– On fact, held that though witnesses have turned hostile, even without the discovery of panchnama, the evidence found on record is reliable to connect all the accused with the crime– Appeals dismissed – Conviction conrmed. "

ના.ગુજરાત વડી અદાલતે ઠરાવ્યા મુજબ પંચ સાહેદોના હોસ્ટાઇલ જાહેર થવા માત્રથી પંચનામાની વિગતો ન માનવા લાયક બની જતી નથી અને જો અન્ય સાહેદોના પુરાવાથી પંચનામાની વિગતો પુરવાર થતી હોય તો પંચ સાહેદોના ફરી જવાથી ફરીયાદ પક્ષના કેસને કોઇ અસર થતી નથી. જે અનુસાર હાલના કેસમાં પણ ફરીયાદ પક્ષે તપાસેલ આંક–૪૧ વાળા પંચનામાના પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને તેઓએ પંચનામામાં સહિ સિવાયની વિગતોને સમર્થન કરેલ નથી પરંતુ આંક–૪૧ વાળુ પંચનામુ કરનાર ત.ક.અ.શ્રી આંક–૪૧ વાળા પંચનામાની વિગતે આંક–૫૦ તથા આંક–૫૧ વાળા બનાવટી નિમણૂક પત્રો આરોપીઓએ રજુ કરેલ તે જ હોવાનો સ્પષ્ટ પુરાવો આપી આંક–૪૧ વાળા પંચનામાની વિગતે આંક–૫૦ તથા આંક–૫૧ વાળા બનાવટી નિમણૂક પત્રો રજુ કરેલ હોવાનુ પુરવાર કરેલ છે. જે ધ્યાને લેતા ના.ગુજરાત વડી અદાલતે ઠરાવ્યા મુજબ આંક–૪૧ વાળા પંચનામાના પંચ સાહેદો ફરી ગયેલા હોવા છતાં ફરીયાદ પક્ષના કેસને તેનાથી કોઇ અસર થતી નથી તથા આરોફિને તેનાથી કોઇ લાભ પ્રાપ્ત થતો નથી. આમ, ઉપરોક્ત તમામ સંજોગોમાં આંક–૫૦, ૫૧ તથા ૪૪ વાળા નિમણુંક પત્રો બનાવટી હોવાનુ તેમજ આ કામના આરોપીઓએ તલાટી વર્ગ–૩ ની ભરતી માટેની જાહેરાત ક્રમાંક ૪/૨૦૦૯ ના કામે અરજી કરેલ હોવાનું, પરીક્ષા આપેલ હોવાનું તથા સદર ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષામાં હાલના આરોપીઓ ઉત્તીર્ણ થયેલ ન હોવાની અને તેમને માઇનસમાં માર્કસ મળેલ હોવાની હકીકત ઉપરાંત આંક–૫૦ તથા આંક–૫૧

વાળા બનાવટી નિમણુંકપત્રો આરોપીઓ પાસેથી રીકવર કરેલ હોવાનુ તેમજ આંક– ૪૪ વાળા વાદગ્રસ્ત નિમણૂંક પત્રમાં હાલના આરોપીઓના નામ સામેલ હોવાની હકીકત તથા સદર આંક–૫૦ તથા ૫૧ વાળા બનાવટી નિમણૂંક પત્રોના આધારે આરોપીઓ નવસારી કલેકટર કચેરી ખાતે રૂબરૂ જઈ તલાટીની જગ્યામાં હાજર થવા માટે ગયેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષે શંકા રહિત રીતે પુરવાર થતી હોવાનુ જણાય છે. જો કે, આંક– ૫૦,૫૧ , ૪૪ વાળા વાદગ્રસ્ત નિમણૂંક પત્રો કોણે બનાવેલ છે તેની સ્પષ્ટ વિગત ફરિયાદ પક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ નથી, પરંતુ આ કામના આરોપીઓ આંક– ૫૦, ૫૧ તથા ૪૪ વાળા નિમણૂંક પત્રો બાબતે તે સાચા ન હોવાનું અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ન હોવાનું સારી રીતે જાણતા હોવા છતાં તેવા ખોટા અને બોગસ નિમણૂંક પત્રોના આધારે નવસારી કલેકટર કચેરી જેવી સરકારી કચેરીમાં તે પત્રો રજૂ કરી તલાટી વર્ગ–૩ ની નિમણૂંક મેળવવા માટે પ્રયત્ન કરેલ છે. વધુમાં, આરોપીઓએ આંક – ૫૦, ૫૧ તથા ૪૪ વાળા નિમણૂંક પત્રો બાબતે તે સાચા ન હોવાનું અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ન હોવાનું સારી રીતે જાણતા હોવા છતાં તેવા ખોટા અને બોગસ નિમણૂંક પત્રોનો સાચા તરીકે ઉપયોગ કરી નવસારી કલેકટર કચેરીમાં તે પત્રો રજૂ કરી બદદાનતથી તલાટી વર્ગ–૩ ની નિમણૂંક મેળવવાનો પ્રયત્ન કરેલ છે. જે આરોપીઓનુ કૃત્ય ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૭૧ મુજબના ગુનામાં સમાવિષ્ટ થતુ હોવાનુ સ્પષ્ટ રીતે જણાય છે. અત્રે નોંધનીય હકીકત છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબ આ કામના આરોપીઓને નહી પકડાયેલ આરોપી નં.

૩ નાએ બોગસ નિમણૂંક પત્રો બનાવીને આપેલ હતા. પરંતુ ફરિયાદ પક્ષ આરોપી નં.૩ ને હાલના કેસમાં હાજર રખાવી શકેલ નથી કે, આજ દિન સુધી આરોપી નં. ૩ મળી આવેલ નથી. જે જોતા તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૪૬૩, ૪૬૪ ની જોગવાઈ ધ્યાને લેતા આ કામના આરોપીઓએ કલમ-૪૬૫ મુજબ ખોટો દસ્તાવેજ બનાવેલ હોવાની હકીકત તથા કલમ-૪૬૮ મુજબ ઠગાઇ કરવાના ઈરાદે આંક-૫૦, ૫૧ તથા ૪૪ વાળા બનાવટી દસ્તાવેજો હાલના આરોપીઓએ જ બનાવેલ હોવાની હકીકત શંકારહિત રીતે ફરિયાદ પક્ષે પુરવાર થતી ન હોવાનું જણાય છે. પરંતુ ઉપર કરેલ ચર્ચા મુજબ આ કામના આરોપીઓ આંક- ૫૦, ૫૧ તથા ૪૪ વાળા નિમણૂંક પત્રો બાબતે તે સાચા ન હોવાનું અને ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ ગાંધીનગર ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ન હોવાનું સારી રીતે જાણતા હોવા છતાં તેવા ખોટા અને બોગસ નિમણૂંક પત્રોના આધારે આરોપીઓએ રૂબરૂમાં નવસારી કલેકટર કચેરી જેવી સરકારી કચેરીમાં જઈ તેવા ખોટા નિમણૂંક પત્રો સાચા તરીકે રજૂ કરી તલાટી વર્ગ-૩ ની નિમણૂંક મેળવવા માટેનું ગુનાહિત કૃત્ય કરેલ છે. આમ, હાલના કેસમાં ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતા આ કામના આરોપીઓએ કોઈ બનાવટી કિંમતી જામીનગીરી બનાવેલ હોય તથા ઠગાઈ માટે કોઈ કુટલેખન કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદ પક્ષના પુરાવાથી નિઃશંકપણે સાબીત થતી નથી પરંતુ ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદોના મૌખિક પુરાવા તેમજ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓથી આ કામના આરોપીઓ તલાટીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ન હોવા છતાં અને તેમના નામ પસંદગી યાદી કે પ્રતિક્ષા યાદીમાં ન હોવાનુ સારી રીતે જાણતા હોવા છતાં તેમજ આંક-૫૦,૫૧, ૪૪ વાળા નિમણુંક પત્રો બનાવટી હોવાનુ

સારી રીતે જાણતા હોવા છતાં બદદાનતથી સદર નિમણુંક પત્રોનો નવસારી કલેક્ટર કચેરીમાં તલાટી તરીકેની નિમણુંક મેળવવા માટે સાચા તરીકે રજુ કરેલ હોવાનુ ફરીયાદ પક્ષે શંકારહીત રીતે પુરવાર થયેલ છે. જે ધ્યાને લેતા આ કામના આરોપીઓએ આંક– ૫૦, ૫૧ તથા ૪૪ વાળા દસ્તાવેજો ખોટા હોવાનું જાણતા હોવા છતાં એકબીજાની મદદગારીથી તેનો સાચા તરીકે ઉપયોગ કરી ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૭૧ તથા ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષે શંકારહિતપણે પુરવાર થતી હોવાનું જણાય છે. હાલના કામે ફરીયાદ પક્ષના કેસની ઉપરોકત ચર્ચા મુજબ રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરતા, ફરીયાદ પક્ષે આરોપી નં.૧ અને ૨ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૭૧,૧૧૪ મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ છે. જ્યારે, ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૬૫,૪૬૮, ૧૧૪ મુજબનો કેસ પુરવાર કરી શકેલ નથી.જે તમામ સંજોગોમાં **મુદ્દા નં.૧ નો જવાબ અંશતઃ હકારમાં** આપી, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## –:(( આખરી હુકમ )):–

(૧) આ કામના **આરોપી (૧)પાટિલ મહેન્દ્ર સાહેબરાવ** ઉ.આ.વ. ૨૪, રહે.પ્લોટનં.૫૫, અંબાનગર, સર્વે નં.૨૦/૨, લોકમાન્ય તિલક ગાર્ડન સામે, મહાપ્રભુનગરની બાજુમાં, મમતા ટોકીઝ રોડ, લીંબાયત, સુરત તથા **(૨)વિનોદકુમાર લહુભાઈ પાનપાટિલ** ઉ.આ.વ. ૩૧, રહે– પ્લોટ નં.૧૪૪, ઓમસાંઈ નગર સોસાયટી, હરીનગર–૨ ની પાછળ, વિજયાનગર–૨ ની બાજુમાં, જલારામનગરની બાજુમાં ઉધના, સુરત. નવસારીનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે **ભારતીય ફોજદારી ધારાની કલમ–૬૪૫,૪૬૮,૧૧૪** મુજબ

શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૨) અન્વયે આરોપી નં.**(૧) પાટિલ મહેન્દ્ર સાહેબરાવ તથા નં.(૨) વિનોદકુમાર લહુભાઈ પાનપાટિલનાને ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૭૧, ૧૧૪** મુજબ શિક્ષાને પાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓને હાલના કેસમા તકસીરવાન ઠરાવવામા આવેલ હોય, સજા અંગે સાંભળવા મુલતવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ– નવસારી
તા. ૧૭/૦૩/૨૦૨૬

**(હર્ષદભાઈ શનાભાઈ ચાવડા)**
એડી.જયુ.મેજી.ફર્સ્ટ કલાસ, નવસારી
કોડ નં. જીજે ૦૧૫૩૪

<u>**સજા અંગે ઉભય પક્ષના વિ. વકીલશ્રીને સાંભળ્યા**</u>

**૧.** આરોપીઓના વિ.વ.શ્રીની રજુઆત છે કે, આરોપીઓનો આ પ્રથમ ગુનો છે અને કોઈ ગુનાહીત ઈતિહાસ નથી. આરોપી ઘરગ્રુહસ્થીવાળા છે અને ગરીબ વર્ગના છે. સમગ્ર કુટુંબની જવાબદારી તેમના ઉપર છે. જેથી આરોપીઓને હળવી સજા કરવા વિનંતી કરેલ છે. ફરીયાદ પક્ષે વિ.એપીપીશ્રીની રજુઆત છે કે, આરોપીઓએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે, તેમજ સદર ગુનો સમજી વિચારીને કરેલો છે. જેથી સમાજમાં દાખલો બેસાડવા આરોપીઓને પ્રોબેશનનો લાભ ન આપી, કાયદામા નિયત કરેલ શિક્ષા કરવા વિનંતી કરેલ છે.

**૨.** બંને પક્ષને સાંભળ્યા. ફોજદારી ગુના સબબ તકસીરવાન ઠરેલ આરોપીને સજા કરતી વખતે કયા પરિબળો ધ્યાનમાં લેવા જોઈએ તે બાબતે **ના. સર્વોચ્ચ અદાલતે મધ્ય પ્રદેશ રાજ્ય વિ. ઉધમ**ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે,

12. Sentencing for crimes has to be analyzed on the touch stone of three tests viz., crime test, criminal test and comparative proportionality test. Crime test involves factors like extent of planning, choice of weapon, modus of crime, disposal modus (if any), role of the accused, anti–social or abhorrent character of the crime, state of victim. Criminal test involves assessment of factors such as age of the criminal, gender of the criminal, economic conditions or social background of the criminal, motivation for crime, availability of defense, state of mind, instigation by the deceased or any one from the deceased group, adequately represented in the trial, disagreement by a judge in the appeal process, repentance, possibility of reformation, prior criminal record (not to take pending cases) and any other relevant factor (not an exhaustive list).

13. Additionally, we may note that under the crime test, seriousness needs to be ascertained. The seriousness of the

crime may be ascertained by (i) bodily integrity of the victim; (ii) loss of material support or amenity; (iii) extent of humiliation; and (iv) privacy breach

નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ ત્રણ કસોટીના સંદર્ભમાં હાલના કેસની હકીકતો જોવામાં આવે તો આ કામના આરોપીઓ સામે તલાટીની સરકારી નોકરી મેળવવા બનાવટી નિમણુંક પત્રો રજુ કરેલ હોવાનો કેસ છે અને ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે. હવે, ગુના કસોટી બાબતે જોતા આ કામના આરોપીઓએ તલાટીની નોકરી મેળવવા માટે અન્ય સહઆરોપીની મદદથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ જેવી સરકારી સંસ્થાના નામના બનાવટી નિમણુંક પત્રો બનાવડાવી તે બનાવટી દસ્તાવેજો હોવાનુ સારી રીતે જાણતા હોવા છતાં તેનો સાચા તરીકે ઉપયોગ કરી અપ્રમાણિકપણે ગેરકાયદેસર લાભ મેળવવાનો પ્રયત્ન કરેલ છે. વધુમાં આ ગુનામાં સદર આરોપી નં.૧ તથા ૨ નાઓએ પ્રત્યક્ષ ભાગ ભજવેલ છે તેમજ આરોપીઓનું આ કૃત્ય સમજી વિચારીને કરેલ હોવાનુ જણાઈ આવે છે. વિશેષમાં, ગુનેગાર કસોટી બાબતે જોતા આ કામના આરોપીઓ અગાઉ કોઈ અદાલત દ્વારા અન્ય કોઈ ફોજદારી ગુના સબબ તકસીરવાન ઠરેલ હોય તેવુ કંઈ અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી. વિશેષમાં, આરોપીઓના વિ.વ.શ્રી રજુઆત મુજબ આરોપીઓ પ્રથમ વખત જ કોઈ ગુનાના કામે તકસીરવાન ઠરેલ છે. વધુમાં, બનાવ સમયે આરોપીઓની ઉંમર ધ્યાને લેતા આરોપી નં.૧ વાળા ૨૪ વર્ષના હતા, આરોપી નં.૨ વાળા ૩૧ વર્ષના હતા તેમ ફલિત થાય છે. જો કે આ કામના આરોપીઓએ પોતે સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ન હોવાનુ જાણતા હોવા છતાં જાણે તેમનુ નામ પસંદગી યાદીમાં હોય તે રીતના બનાવટી નિમણુંક પત્રો બનાવડાવી તેવા બનાવટી નિમણુંક પત્રો આધારે કલેક્ટર કચેરી,નવસારીમાં રુબરૂ જઈ તે બનાવટી નિમણુંક પત્રો રજુ કરી સરકારી નોકરી મેળવવા માટેનો જાહેર સમાજ વિરુદ્ધનો ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. જેથી, આરોપીઓએ આચરેલ આવા ગંભીર પ્રકારના ગુનાને હળવાશથી લઈ શકાય નહી. હવે, આરોપીઓના વિ.વ.શ્રીએ આરોપીઓને પ્રોબેશનનો લાભ આપવા માટે રજુઆત કરેલ છે પરંતુ ઉપર કરેલ ચર્ચા મુજબ આ

પ્રકારના સ્થાપિત સરકારી ભરતી પ્રક્રીયાને દુષિત કરતા સમાજ વિરોધી ગંભીર પ્રકારના ગુનામાં કે જે આરોપીઓએ પુરી સભાનતાથી ઈરાદાપુર્વક કરેલ છે. તેથી જો આરોપીઓને આવા ગુનામાં પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો આરોપીઓને કાયદાનો ડર રહે નહી અને ફરીથી આ પ્રકારના ગુના કરવાનુ પ્રોત્સાહન મળી રહે તેમજ આરોપીઓ ફરીથી પણ આ પ્રકારનુ ગુનાહિત કૃત્ય કરે તેવી સંભાવના નકારી શકાય નહી. વધુમાં, સમાજમાં પણ તેની વિપરીત અસર જાય તેમ જણાય છે. જે તમામ સંજોગોમાં હાલના કેસમાં આરોપીઓને પ્રોબેશનનો લાભ આપવાનુ ન્યાયોચિત જણાતુ નથી. જો કે હાલના તકસીરવાન ઠરેલ આરોપીઓનો તકસીરવાન તરીકે પ્રથમ ગુનો છે જેનાથી વિરુદ્ધની કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જે હકીકત ધ્યાને લેતા આરોપીઓએ કરેલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૪૭૧, ૧૧૪ મુજબના ગુના સબબ અત્રેની અદાલતની મહત્તમ સત્તા મુજબ કેદની અને સાથે દંડની સજા કરવાનુ ન્યાયોચિત જણાય આવે છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

**૧.આરોપી નં.(૧) પાટિલ મહેન્દ્ર સાહેબરાવ તથા નં.(૨) વિનોદકુમાર લહુભાઈ પાનપાટિલનાને** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૨) અન્વયે **ભારતીય ફોજદારી ધારાની કલમ**-૪૭૧, ૧૧૪ મુજબ શિક્ષાને પાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવી દરેક આરોપીને ત્રણ વર્ષની સાદી કેદ અને રૂા.૫,૦૦૦/-(અંકે રુપિયા પાંચ હજાર પુરા)ના દંડની સજા કરવાનો હુકમ કરવામા આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો વધુ દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૨.** આ કામે કબજે લીધેલ મુદામાલ અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આરોપીઓના જામીન તથા જાતમુચરકા આથી રદ્દ કરવામાં આવે છે અને આરોપીઓને જયુડી.કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** વધુમાં, આરોપીઓએ કાચા કામના કેદી તરીકે કોઈ સજા ભોગવેલ હોય

તો તે મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૫.** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૩(૧) મુજબ આ ચુકાદાની એક નકલ આરોપીઓને વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૭/૦૩/૨૦૨૬
નવસારી.

**(હર્ષદભાઈ શનાભાઈ ચાવડા)**
એડી.જયુડી.મેજી.ફ.ક. નવસારી
કોડ નં.જીજે.૦૧૫૩૪